Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈસ્લામનો સુવર્ણયુગ

ચૂનીલાલ પુરુષોત્તમદાસ બારોટ

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२६०२९
१६.४.२

॥ ऋते ज्ञानान्न मुक्तिः ॥
पुस्तक सं० 891.ग/96
आगत सं० 260.29
तिथि....................
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. રેવાભાઈ પટેલ સ્મારક ગ્રંથમાળા-૮

ઈસ્લામનો સુવર્ણયુગ

ચૂનીલાલ પુરુષોત્તમદાસ બારોટ

"હે ઈશ્વર! જેમને તેં સન્માર્ગે દોર્યા છે, તેમનામાં મને દોરી જા; જેમને તેં રક્ષ્યા છે, તેમનામાં મને રાખ; જેમનો તું મિત્ર બન્યો છે, તેમનામાં મને સંઘરી મારો મિત્ર બન; અને તેં જેને પાપ ગણ્યું હોય તેનાથી મને બચાવ."

—'કુનૂત'

પ્રકાશક તરફથી ભેટ

CHECKED 1973

Initial

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૯

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

જૂન ૧૯૫૧ : પ્રત ૨,૦૦૦

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

કિંમત સવા રૂપિયો

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય, અમદાવાદ-૯
તથા તેની શાખાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

આ પુસ્તકનું ઘણું ખરું લખાણ 'શિક્ષણ અને સાહિત્ય'માં પહેલા ચાર ખલીફાના જીવનની લેખમાળા રૂપે બહાર પડી ચૂક્યું છે. તેને પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરતી વખતે ભાઈ ચૂનીલાલ બારોટે પેગંબર સાહેબનું જીવનચરિત્ર અને ઘટતી પ્રસ્તાવના ઉમેરી આપ્યાં છે. એ રીતે આ ચોપડી તૈયાર થતાં તેને પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઇસ્લામના સંસ્થાપક પછી તેમનું જગત્કાર્ય આગળ ચલાવનાર તેમના ચાર ખલીફાઓ પેગંબર સાહેબના સમકાલીન અને અંતેવાસી હતા. એ ચાર મહાપુરુષોને પ્રતાપે પેગંબર સાહેબનું કાર્ય આખા અરબસ્તાન અને તેની આસપાસના પ્રદેશમાં જાણીતું થયું, તેની આધ્યાત્મિક અને સામાજિક પુનરુદ્ધાર-શક્તિની ખુશબો ફેલાઈ; અને તેમના પછીના કાળમાં તે આગળ પણ પહોંચી. તેની જ સાથે આ કાળમાં ખલીફની ગાદીની તકરારનાં બીજ પણ રોપાયેલાં જોવા મળે છે. પછીના યુગમાં આ કલહબીજ ફણગા કાઢે છે, તો તેની સાથે ધીમે ધીમે ઇસ્લામના મૂળ પુરુષ અને તેઓશ્રીના ચાર આદિ ખલીફાની ધર્મભાવના કાંઈક ઘેરાતી જાય છે. દરેક ધર્મ કે સંપ્રદાયમાં આમ જોવા મળે છે. પણ તે ઉપરથી તે ધર્મના સાચા સ્વરૂપનો તોલ ન કાઢી શકાય. તેને માટે તો તેના આદિપુરુષ અને તેમના ધર્મજીવનની મૂળ ભાવનાઓ જોવી જોઈએ. આ પુસ્તક ઇસ્લામની આવી ઓળખ આપશે, એવી આશા છે. આપણી શાળા-મહાશાળાઓના શિક્ષણમાં ધર્મશિક્ષણનો અભાવ એક નોંધપાત્ર વસ્તુ છે. જ્યાં સાર્વધાર્મિક વિદ્યાર્થીઓ ભેગા ભણતા હોય, ત્યાં અમુક તમુક એક ધર્મનું શિક્ષણ ન આપી શકાય, અને તેમાંય પરદેશી સરકાર તો એમાં પડે જ નહીં. પણ હવે સરકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદલાઈ છે. અને ધર્મનો વ્યાપક અર્થ સૌ સમજતા થયા છીએ. એવા વ્યાપક ધર્મના પાયા ઉપર અને કોઈ સંપ્રદાય કે મજહબને લઈને નહિ, એવું બિનમજહબી રાજ્યબંધારણ આપણે કાયમ કર્યું છે. એટલે આ જાતની સમાજ અને રાજ્યમાં રહેતી પાયાની ધર્મભાવનાના વિકાસને માટે શિક્ષણે શું કરવું જોઈએ, એ વિચાર ધીમે ધીમે આગળ આવતો જાય છે. આવું કાંઈક શરૂ થવું જોઈએ એમ વિચારી, રાધાકૃષ્ણન કમિશનના રિપોર્ટમાં ધર્મશિક્ષણ તરીકે અમુક ઉપક્રમ સૂચવ્યો છે. તેમાં જુદા જુદા ધર્મોના મહાપુરુષોનો પરિચય આપવો તથા તેમના ધર્મગ્રંથોમાંથી અમુક સાર્વધર્મિક દૃષ્ટિનું દોહન તથા ધર્મની ફિલસૂફીનાં મૂળતત્ત્વો શીખવવાં, એવું સૂચવ્યું છે. આપણી મહાશાળાઓએ આ કામ ઉપાડવું જોઈએ. આ પુસ્તક એમાં મદદરૂપ થશે. અને સામાન્ય વાચકને પણ તે ઉપયોગી નીવડશે. બધા ધર્મો પ્રત્યે અરસપરસ આદરભાવ રાખવો, એ હવેના જગતના દરેક નાગરિકનો ધર્મ બને છે; એમાં એની સંસ્કારિતા અને સજ્જનતા રહેલી ગણાશે. એ વગર માનવકલહો અને રાષ્ટ્રોની અવારનવાર નીપજતી સાઠમારીઓ વગેરેનો ઉપાય કે ઉકેલ જડી નહીં શકે. આવો આદરભાવ કેળવવા માટે, બીજું કાંઈ નહિ તો; ધર્મો વિષેનું સાચું પ્રમાણભૂત જ્ઞાન નાગરિકોને મળવું જોઈએ. ચાલુ વ્યવહારમાંથી કે પરંપરાગત સમાજજીવનમાંથી બંધાઈ ગયેલા ખોટા ખરા કે રાગદ્વેષભર્યા ખ્યાલો, વહેમો, વગેરે ધર્મનું શિક્ષણ નથી. જાગ્રત સમાજે અને તેના કેળવણીકારોએ આ લોકમાનસ દશાને દૂર કરવા સતત પ્રયત્ન કરવો જોઈએ. તે દૃષ્ટિએ આ પુસ્તક દરેક નાગરિકને, અને ખાસ કરીને શિક્ષણજગતને ઇસ્લામની ઓળખ આપવામાં મદદરૂપ થશે એમ માનું છું.

પુસ્તકને આ દૃષ્ટિએ જ શ્રી. રેવાભાઈ પટેલ સ્મારક ગ્રંથમાળામાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ માળામાં બ્રાહ્મણ ધર્મગ્રંથો ઉપરાંત 'સર્વ-ધર્મ–સમભાવની દૃષ્ટિએ અન્ય ધર્મો તથા દર્શનોનો પણ' સમાવેશ કરવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તથા 'જીવનની ધર્મદૃષ્ટિને પોષે અને વધારે એ રીતના ઉપયોગી એવા વૈજ્ઞાનિક દર્શનના ગ્રંથો પણ આમાં આવી શકે' છે.

ભાઈ ચૂનીભાઈ ઇસ્લામના અભ્યાસમાં ઘણા વખતથી રસ લેતા આવ્યા છે. કુરાનેશરીફનોય તેમણે અભ્યાસ કર્યો છે. તેથી જ 'શિક્ષણ અને સાહિત્ય' માટે તેમની પાસે આ પુસ્તકમાં હવે પ્રસિદ્ધ થતી લેખમાળાની મેં માગણી કરેલી. તે માળા આમ એક ઉપયોગી પુસ્તક તરીકે બહાર પડે છે તેથી સંતોષ થાય છે.

૨૫-૬-'૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે બોલ

પૂ. કાકાસાહેબ કુલનાયક બની વિદ્યાપીઠમાં રહેવા આવ્યા ત્યારે એમના અંગત સંપર્કમાં આવવાના જે પ્રસંગો આવ્યા એમાંના એક દરમિયાન એમણે મને, જ્યારે વખત મળે ત્યારે, ઇસ્લામનો અભ્યાસ કરવાની પ્રેરણા કરેલી. ઈ. સ. ૧૯૩૨–૩૩ની વિસાપુરની જેલમાં આથી મેં કુરાનશરીફનાં ભાષાંતરોનું અધ્યયન શરૂ કરેલું. આ પુસ્તિકાના પરિશિષ્ટ તરીકે આપેલો ઇસ્લામ વિષેનો લેખાનુવાદ ત્યારે કરાયેલો ને બહાર આવ્યા પછી મારા ગુજરાતીના અધ્યાપક મુ. શ્રી. રામનારાયણ વિ. પાઠકના પ્રોત્સાહનથી 'પ્રસ્થાન' ૧૮મા પુસ્તકમાં બે કકડે પ્રગટ કરાયેલો. પ્રેરણા અને ભાષા આપનાર બંને ગુરુઓનો આથી અત્રે આભાર માનવાની હું તક લઉં છું. પુત્રો કુલપરંપરા સાચવીને ને અંજલિ અર્પીને પિતૃઋણ ફેડી શકે છે; એમ શિષ્યો ગુરુઓની પ્રેરણા ઝીલે તો પણ એમનું ઋણ યત્કિંચિત્ ફેડી શકાય, એમ હું માનું છું.

હઝરત મહંમદ પેગંબર સાહેબ સિવાયના આમાંના બધા લેખો, પ્રકાશકના નિવેદનમાં કહેલું છે એમ, મુ. મગનભાઈની સૂચનાથી 'શિક્ષણ અને સાહિત્ય' માટે લખાયેલા ને એમાં છપાઈ ચૂકેલા ખાસ લેખો છે. એમને સંકલિત કરી પુસ્તિકાનું રૂપ આપવા માટે હું એમનો આભારી છું.

'ઇસ્લામનો સુવર્ણયુગ' એ નામ આ પુસ્તિકાના પહેલા લેખ પરથી સૂઝ્યું છે. મુખ્યત્વે તો પુસ્તિકા એ યુગના પાંચ ઇસ્લામી પુરુષપ્રવરોનું દર્શન કરાવવા માટે જ છે. પણ એમ કરતાં ઉક્ત સુવર્ણયુગની આપોઆપ ઝાંખી થઈ જાય છે એટલે અંશે એ નામ સાર્થક છે એમ મને લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમાંના લેખોના લેખન માટે મુખ્યત્વે નીચેનાં પુસ્તકોનો આધાર લીધેલો છે તે પણ અત્રે નોંધવું જોઈએ.

Early Heroes of Islam — S. A. Salik
The Caliphate — Sir William Muir
The Life of Mohammad — Sir William Muir
Muhammad the Prophet — Maulvi Muhammad Ali
The Holy Quran — Maulvi Muhammad Ali

૨૭-૬-૫૧ ચૂ. પુ. બારોટ
ગૂજરાત વિદ્યાપીઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન	૩
બે બોલ	૬
૧. ઇસ્લામનો સુવર્ણયુગ	૩
૨. હજરત મહંમદ પેગંબર	૯
૩. અબુબક્ર અસ્સિદ્દિક	૪૮
૪. હજરત ઉમર	૫૨
૫. હજરત ઉસમાન	૫૭
૬. હજરત અલી	૬૩
પરિશિષ્ટ	૭૨
૧. મૂળમંત્ર – શાંતિ	૭૨
૨. બે ખાસિયત	૭૩
૩. મૂળતત્ત્વો	૭૩
૪. ઇસ્લામનો ઈશ્વર	૭૪
૫. મરણ પછી	૭૪
૬. દેવદૂતોની માન્યતા	૭૫
૭. આચારના સિદ્ધાંતો	૭૫

(૧) નમાઝ ૭૬; (૨) ઝકાત ૮૮; (૩) રોજા ૮૮;
(૪) હજ અથવા જાત્રા ૮૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇસ્લામનો સુવર્ણયુગ

૩
૬
૩
૯
૪૮
૫૨
૫૭
૬૩
૭૨
૭૨
૭૩
૭૩
૭૪
૭૪
૭૫
૭૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

ઇસ્લામનો સુવર્ણયુગ

[૧]

એશિયા ખંડના નૈઋર્ત્ય ખૂણાનો પ્રદેશ એ અરબસ્તાન. લગભગ હિંદુસ્તાન જેટલો એ વિશાળ છે, હિંદુસ્તાનની જેમ દ્વીપકલ્પ છે. દક્ષિણે હિંદી મહાસાગરનાં, પશ્ચિમે રાતા સમુદ્રનાં, અને પૂર્વમાં ઈરાની અખાતનાં જળો દિનરાત એના કિનારા પર હલ્લા કર્યાં કરે છે; પણ એ પથરાળ ને રેતાળ પ્રદેશ એને મચક આપતો નથી.

હિંદુસ્તાન સાથે એનું બીજું કશું સામ્ય નથી. પણ હિંદુસ્તાન સાથે એ નિકટનો સંબંધ ધરાવે છે. કારણ, આપણા ઇસ્લામી બિરાદરોના ધર્મનું એ ઊગમસ્થાન છે. ને ત્યાંનું મક્કા શહેર ઇસ્લામીઓને મન, હિંદુઓને મન જેટલું કાશી છે એટલું જ, પવિત્ર છે.

ઈ. સ. ૫૭૦ની સાલમાં જ્યારે એ શહેરમાં ઇસ્લામી મજહબના મૂળ પુરુષ મહંમદ સાહેબનો જન્મ થયો, ત્યારે એ દેશની કેવી સ્થિતિ હતી અને ઈ. સ. ૬૩૨માં એ ગુજરી ગયા ત્યારે કેવી હતી, તે જાણવા જેવું છે. મહંમદ સાહેબના જન્મ સમયે અરબસ્તાનના વતનીઓ એટલે કે આરબો નિકૃષ્ટ પ્રકારની મૂર્તિપૂજામાં ગાફેલ પડ્યા હતા. એમના સર્વશ્રેષ્ઠ કાબા નામક મંદિરમાં દેવદેવીઓની કાંઈ નહિ તો ત્રણસો મૂર્તિઓ ગોઠવાયેલી હતી. એકેશ્વર, કે બધા દેવદેવીઓની હારમાળાના સૂત્રરૂપ કોઈ સર્વોપરી સત્ત્વ કે સત્તાને તેઓ જાણતા કે ઓળખતા નહોતા. ત્યાં અનેક પશુવધ થતા ને ભોગ અપાતા એટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ નહિ, કેટલીક વાર માણસના ભોગ પણ અપાતા. લોકો જાતજાતના વહેમોને જ ધર્મ માનતા. ને કેટલાકને તો સાપ, વીંછી ને મડદાલ માંસ ખાતાં પણ ચીતરી ચડતી નહિ. એકલદોકલ મુસાફર દીઠો તો લૂંટી લેવો કે મારી નાખવો, કે અંદર અંદર જરા ઝઘડો થયો તો ખંજર કાઢી ખૂનરેજી કરી દેવી, એ તો જાણે શાકદાળ જેવી વાત હતી. શહેરોમાં ને ગામડાંમાં રહેતા થોડા લોકો ઈરાન અને હિંદુસ્તાનનો માલ યુરોપમાં પહોંચાડવાનો ધંધો કરતા; પણ બાકીના રણનિવાસી લોકો તો તંબૂઓમાં પડ્યા રહેતા, ને પોતાનાં ઊંટ, ઘોડાં કે ગધેડાં લઈને રખડુ જીવન ગુજારતા. બધા જ આરબો નવરાશનો વખત નશાબાજી, રંડીબાજી ને જુગારબાજીમાં ગાળતા. માલદાર માણસો ઉપર્યુક્ત કોઈ રખડુ આરબોની હડીએ ચડ્યા તો લૂંટાયા વિના રહેતા નહિ. એમ એ અજ્ઞાન રખડુ આરબો શહેરના કે ગામડાના માલદાર માણસની હડીએ ચડ્યા તો તીવ્ર વ્યાજખોરીના કે વણિક દગાબાજી ને છેતરપિંડીના ભોગ થયા વિના પણ રહેતા નહિ. પ્રજા બધી અમુક કુળવાર કબીલાઓમાં કે ટોળીઓમાં વહેંચાયેલી રહેતી. ને નજીવાં કારણોસર પણ અવાર-નવાર એકબીજા જોડે લડ્યા-ઝઘડ્યા કરતી; એટલું જ નહિ ઘણી વાર એમાંથી જાગેલાં વેરની હોળી વારસામાં ઊતરી સૈકાઓ સુધી ચાલતી ને મનુષ્યનું લોહી પાણીની જેમ વહેતું. કાબાની પ્રદક્ષિણા કરતાં એમને જેમ નગ્ન થતાં શરમ નહોતી આવતી, એમ જ દુશ્મનના મરી ગયા પછી એના મડદાના નાકકાન કાપી લેતાં પણ એમને શરમ નહોતી આવતી. આરબો પરણવામાં પાછું વાળીને જોતા નહિ; એક નહિ, બે નહિ, અનેક નહિ પણ અમર્યાદ પત્નીઓ કરવી એ સામાન્ય રિવાજ હતો. સ્ત્રીઓને કશા જ હક્ક નહોતા. બાપ મરી જાય ત્યારે એની મિલકતની જેમ એની બૈરીઓ પણ દીકરાને વારસામાં મળતી! અને છોકરીઓ મારી નાખવી એ એમને મોસાળ મોકલી કહેવાતું! મનુષ્ય મનુષ્યને ગુલામ બનાવતો; ને અપહરણ કરીને, લડાઈમાં કેદ પકડીને કે ખરીદી લઈને એકઠા કરેલા આવા માનવ ગુલામો સાથે ઢોર કરતાં પણ તુચ્છ વ્યવહાર રખાતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધ ભગવાનને એક વ્યાધિગ્રસ્ત માણસ, એક ખખડી ગયેલું વૃદ્ધ શરીર, ને એક શ્મશાને જતું મડદું જોઈને જે વૈરાગ્ય આવ્યો હતો એવો વૈરાગ્ય મહંમદ સાહેબને પણ આવ્યો, ને એમણે પણ મહાભિનિષ્ક્રમણ કર્યું, એવું કોઈ પુરાણ એમના જીવનની આજુબાજુ ઊભું થયું નથી. પણ આ સંસારના તાપ શમાવવા બુદ્ધ ભગવાને જેમ ઉગ્ર તપસ્યા કરી, એમ મહંમદ સાહેબે પણ મક્કાની નજીકના પર્વતોની ગુફાઓમાં જઈને ઉગ્ર તપસ્યા કરી. ને એ તપસ્યા ને સમાધિને પરિણામે એમને અરબસ્તાનના બલ્કે, માનવજાતિના ઉદ્ધારનો જે પેગામ મળ્યો, એ આરબોમાં ફેલાવીને એ પેગંબર થયા; ને આરબો તથા અરબસ્તાનનો એમણે ઉદ્ધાર કર્યો.

એમણે આરબોને શીખવ્યું કે ઈશ્વર એક જ છે; એ મૂર્તિપૂજાથી નહીં, પણ સત્કર્મથી મળે છે; સાચો ને સંપૂર્ણ ધર્મ એક જ છે ને પોતે તેના પેગમ્બર છે; ચારથી વધારે પત્ની કરવાનો કોઈને અધિકાર જ નથી, ને તે પણ જો બધી પત્નીઓને એકસરખી ને ન્યાય્ય રીતે રાખી શકાય તો જ; દારૂને તો અડકાય પણ નહિ; જુગાર તો રમાય જ કેમ? આપણે બધા એક ખુદાના બંદા છીએ, એકધર્મી છીએ; આપણે અંદર અંદર કાપાકાપી ને ખૂનરેજી કરીએ એ તો મહાપાપ! પૈસા તો ખુદાએ પુણ્ય કરવા, ગરીબોની સેવા કરવા આપ્યા છે, વ્યાજ ખાવા અને ગરીબોને રહેંસવા નહિ; સ્ત્રીઓ તરફ કુદૃષ્ટિ કરાય જ કેમ? ગુલામોને દુઃખ દેશે એ ખુદાનો ગુનેગાર થશે; ગુલામોને જે મુક્તિ આપશે એનાં અનેક પાપો બળી જશે; આપણે ખાઈએ તેવો જ ખોરાક ને આપણે પહેરીએ એવો જ પોષાક આપણા બંદાઓને આપવો ઘટે; જેની પાસે નાણાં હોય કે ઘરેણાં હોય તે બધાએ તેનો યા તો પોતાની આમદાનીનો દસમો ભાગ ગરીબગુરબાંઓના પોષણ માટે ને ઇસ્લામની સેવા માટે—જકાતરૂપે ખરચવો જોઈએ; આ દસમા ભાગ જેટલું પુણ્યદાન જે નથી કરતો, જે આટલી જકાત ખુદાઈ કામો માટે નથી આપતો તે હરામનું ખાય છે; દરેક આદમીએ દરરોજ દિવસમાં પાંચ વાર ખુદાની બંદગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવી જોઈએ યાને નમાજ પઢવી જોઈએ, રમજાન મહિનામાં રોજા રાખવા જોઈએ, શુક્રવારે સામુદાયિક નમાજમાં અચૂક હાજરી આપવી જોઈએ, ને પાકદિલ, ખુદાપરસ્ત જીવન ગુજારવું જોઈએ. આવા આવા ઉપદેશોથી ને સુધારાઓથી એમણે આરબોની સૂરત જ બદલી નાખી. અનેક ટોળીઓમાં વહેંચાયેલા ને નિરંતર લડતાઝઘડતા આરબોને આમ સંગઠિત, શિસ્તબદ્ધ, ને સુસંપી એકપ્રજા—એકરાષ્ટ્ર બનાવી દીધા. અને તેઓ જેવા એક ને અવિભાજ્ય થયા, એવા જ બળવાન થયા.

મહંમદ સાહેબ આરબોના ધાર્મિક બાબતોમાં જેવા આગેવાન બન્યા, એવા રાજકીય બાબતોમાં પણ બન્યા. ઈરાની અને રૂમી વિજેતાઓ, જે દેશના અનેક ભાગોમાં સામ્રાજ્ય કરી બેઠા હતા, તેમને એમણે હાંકી કાઢ્યા. ને એક ધર્મ, એક પેગંબર, ને એક છત્ર તળે એમણે એક એવો ધર્મ ને ધાર્મિક ઝનૂન આપ્યું કે જેને લીધે એ લોકોએ પાછળથી લગભગ ચોથાભાગની દુનિયાને જીતી લીધી ને ઇસ્લામનો ત્યાં ફેલાવો કર્યો.

[૨]

ચાળીસ વર્ષની ઉમ્મરે મહંમદ સાહેબને પેગંબરી પ્રાપ્ત થઈ ને ત્રેસઠમા વર્ષની શરૂઆતમાં એ જન્નતનશીન થયા. આટલા ટૂંકા ગાળામાં એમણે અદ્ભુત કામ કર્યું. પણ આટલો ટૂંકો સમય બધા જ આરબોના સ્વભાવ અને ચારિત્ર્યમાં મૂળભૂત ને કાયમી પલટો આણવા માટે વસ્તુતઃ પૂરતો નહોતો. દિવસની પાંચ નમાજ, રમજાનના રોજા, દારૂનો ત્યાગ, જકાતનો કાયદો ને રંગીલાપણાનો સદંતર બહિષ્કાર હજી ઘણાને કઠતાં હતાં. બીજું 'બાવો નાચ્યો એટલે બોદલી નાચી'ની જેમ મહંમદ સાહેબની વિદ્યુદ્વેગી સફળતા જોઈને એમના જીવનમાં જ એમની નબળી નકલ કરીને પેગંબર બની બેસવાનો બીજા કેટલાકને શોખ થઈ આવ્યો હતો. એટલે મહમ્મદ સાહેબને ખુદાએ બોલાવી લીધા છે એવી ખબર પડતાં જ આખા અરબસ્તાનમાં ઠેરઠેર નાસ્તિકતા ને બંડના વાયરા વાયા. પણ એ ટાંકણે મદીનાના લોકોએ પેગંબર સાહેબની ગાદી સાચવવા એમના પ્રતિનિધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાને ખલીફ તરીકે હજરત અબુબકર નામના એક અત્યંત પાકદિલ, બુદ્ધિશાળી, કાર્યદક્ષ ને ચુસ્ત અનુયાયીની ચૂંટણી કરી. એમણે નાસ્તિકતા અને બંડને મૂળમાંથી દાબ્યાં, ને આરબ પ્રજાના લડાયક જુસ્સાને પરદેશોમાં ઇસ્લામનો દિગ્વિજય કરવા તરફ વાળ્યો. એમણે રાજ્ય તો ફક્ત બે વર્ષ જ કર્યું, પણ એમણે ઊછરતા ઇસ્લામના મૂળ પર થતા ઘા બહાદુરીથી ને સફળતાથી વાર્યા; ને ઇસ્લામના રાજકીય ને ધાર્મિક સામ્રાજ્યને દૃઢ કર્યું એટલું જ નહિ, પૅલેસ્ટાઇન, દક્ષિણ સિરિયા ને ઇરાક સુધી વિસ્તાર્યું.

આ ઉપરાંત એમણે એક બીજું અગત્યનું કાર્ય કર્યું. અને તે એ કે એમણે જગતની વિદાય લેતાં લેતાં હજરત ઉમરની ખલીફ તરીકે નિમણૂક કરી. હજરત ઉમર ઇસ્લામના આ સુવર્ણકાલના બધા વીર પુરુષોની જેમ મહંમદ સાહેબના નિઃસ્વાર્થ ને પાકદિલ, ચુસ્ત અનુયાયી હતા એટલું જ નહિ, એ અજબ મનોબળ ને ગજબ દૃઢતા ધરાવનાર પુરુષ હતા. એમની કડકાઈ જેટલી સર્વવ્યાપી હતી એટલી એમની નિષ્પક્ષતા સર્વતોમુખી હતી. રંક કે રાય કોઇનો શિસ્તભંગ એ ઘડીભર પણ સાંખી લેતા નહિ. ભલભલા સૂબાઓને ને સેનાપતિઓને નાનામાં નાના ગુના માટે પદચ્યુત કરતાં એમણે જરા પણ વાર લગાડી નથી. એમની સમશેર ભયાનક હતી, પણ એમની કલમ એથી પણ વધારે ભયાનક હતી. એથી એમનાં ફરમાનોનો જોતાંવેંત ને બરાબર અમલ થતો. એક લેખક લખે છે કે, 'સાડા દસ વર્ષના અલ્પ સમયમાં એમણે ગર્વિષ્ઠ અને બળવાન રૂમી સામ્રાજ્યનો ગર્વ ઉતાર્યો. અને જગતની તવારીખમાં જેનો જોટો નથી એવી ઝડપે ઈરાની સામ્રાજ્યના ભુક્કા કર્યા. પશ્ચિમમાં ત્રિપોલીથી માંડીને પૂર્વમાં બલુચિસ્તાનની સરહદ સુધી એમણે ઇસ્લામનો દિગ્વિજય કર્યો, ને એક ગંજાવર ઇસ્લામી સામ્રાજ્યની સ્થાપના કરી. જમીનમહેસૂલપદ્ધતિને એમણે નિશ્ચિત ને ન્યાયી ધોરણ પર મૂકી; ને લશ્કરને એમણે શિસ્તબદ્ધ, સુવ્યવસ્થિત, બળવાન ને વિજયી બનાવ્યું. એમણે અનેક રસ્તાઓ બનાવ્યા, અનેક નહેરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોદાવી, અનેક ધર્મશાળાઓ બંધાવી ને અનેક મસ્જિદો ઊભી કરી. ન્યાયવ્યવસ્થાને એમણે નિર્મળતા અર્પી ને કેળવણીને એમણે મફત કરી દીધી, ને ઇસ્લામી કાયદાના તથા પાક કુરાનના જ્ઞાનનો બહોળો ફેલાવો કર્યો. બધા મુસલમાનો સિદ્ધાંતની દૃષ્ટિએ સમાન હતા, પણ એમણે વ્યવહારમાં પણ એમને સમાન બનાવ્યા. વૃદ્ધ અને અપંગોને એમણે જિવાઈ બાંધી આપી ને બિન-ઇસ્લામીઓને એમણે ધર્મસ્વાતંત્ર્ય આપ્યું; એટલું જ નહિ, એમણે એમના બીજા હક્કોને પણ સુરક્ષિત કર્યા.'

ઈ. સ. ૬૪૫માં નમાજ પડવા જતાં, મદીનાની જુમા મસીદમાં જ, એક માની લીધેલા ગેરઇન્સાફ ખાતર, એમનું એક ગુલામે ખૂન કર્યું, ત્યારે ઇસ્લામની ચડતીનો સૂર્ય મધ્યાહ્ને હતો. એમની પછી ખલીફ તરીકે હજરત ઉસ્માનની ચૂંટણી થઈ; પણ હજરત ઉમરના તેજસ્વી ને નિષ્પક્ષ શાસન પછી એમનું શાસન આરબોને નિસ્તેજ ને સગાંસાગવાંનો પક્ષ કરનારું જણાયું. પરિણામે જે બંડ થયું એમાં એમને એમના જ ઘરમાં ઘેરીને, તેઓ જ્યારે કુરાન પઢતા હતા ત્યારે જ ઠાર કરવામાં આવ્યા.

મહંમદ સાહેબે આરબોને એકરાષ્ટ્ર બનાવ્યા ત્યારપછી મુસલમાનોમાં અંદર અંદર પોતાના આગેવાનની નાપાક ખૂનરેજી શરૂ થયાનો આ પહેલો દાખલો છે. ને એનો દિવસે દિવસે એવો ચેપ લાગ્યો કે ન પૂછો વાત! આથી જે આંતરવિગ્રહની શરૂઆત થઈ અને શિયા, સુન્ની, ખવારિજો ઇત્યાદિ જે પક્ષો પડયા, એથી ઇસ્લામે સર્જેલી — સામાન્ય રીતે ઇસ્લામીઓની ને ખાસ કરીને આરબોની — અદ્ભુત એકતાના ભુક્કા ઊડી ગયા. ને હજરત ઉસ્માન પછી ખલીફની ગાદીએ આવનાર હજરત અલી જિન્દગીભર આ વિગ્રહ શમાવવાની ને એકચક્રે રાજ્ય કરવાની મથામણ કરતાં જ એક ધર્માંધ ખવારિજના હાથે, હજરત ઉમરની જેમ, ઇબાદત કરવા જતાં બહેશ્તનશીન થયા.

હજરત અલીનો હરીફ મુઆવિયા ત્યાર પછી ગાદીએ આવ્યો, પણ એનું આગમન થયું ત્યારથી ખલીફાતમાં જે નિષ્કલંક પાવિત્ર્યનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપ્રતીમ તેજ હતું તે સાવ ઊડી ન ગયું, તોપણ અત્યંત ઝાંખું તો થયું જ. ત્યારથી જગતની બધી જૂની શહેનશાહતોની જેમ ખલીફાનું પદ વંશપરંપરાગત બની ગયું, અને કડવી લડાઈઓ અને વિગ્રહોનું મહા કેન્દ્ર થઈ પડ્યું, ઇસ્લામી પ્રજાતંત્ર જેવી કોઈ વસ્તુ રહી નહિ, ને ખલીફનું પદ સાચું મઝહબી મટીને બળિયાના બે ભાગના મામૂલી પરિણામ જેવું દુન્યવી થઈ ગયું. ને એમ ઇસ્લામનો સુવર્ણયુગ પૂરો થયો.

ઇસ્લામી સુવર્ણયુગના આ પાંચે પુરુષોનાં સંક્ષિપ્ત પણ જરા વિગતવાર ચરિત્ર તરફ હવે વળીએ.

૨

હજરત મહંમદ પેગંબર

[૧]

શ્રીકૃષ્ણમુખે ગીતામાં ભગવાને ભાખ્યું છે :—

'જ્યારે જ્યારે થતી ગ્લાનિ ધર્મની સુણ ભારત !
અધર્મ ધર્મ થઈ રાચે, ત્યારે ધારું જ દેહ હું;
સાધુઓને પરિત્રાણી, દુષ્કૃતોને વિનાશવા
ધર્મસંસ્થાપનાર્થે હું, જન્મ ધારું યુગે યુગે'.

આ હિંદુ માન્યતા છે. પ્રાચીન યહૂદી, આરબ વગેરે શેમવંશીઓમાં આને મળતી પણ જરા જુદી એવી માન્યતા હતી કે, ઉપરકહ્યા સંજોગોમાં દુનિયામાં અવતરી ચૂકેલા એવા, કોઈ પાકદિલ આદમીને એની લાયકાત જોઈને પોતાના પેગંબર તરીકે ખુદા પસંદ કરે છે; ને પોતાના ખાસ પેગામો પહોંચાડી એનો પ્રચાર કરવા ને ધર્મની પુનઃ સંસ્થાપના કરવાનો આદેશ આપે છે. જે એના પેગામને માને છે તેમનો ઉદ્ધાર થાય છે, ને નથી માનતા એમનો નાશ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજરત મહંમદ (સ. અ.)[૧] એક આવા અવતારી મહાપુરુષ યાને પેગંબર થઈ ગયા. એમનો જન્મ અરબસ્તાનના યાત્રાધામ એવા મક્કા નામક પ્રસિદ્ધ નગરમાં ઈ. સ. ૫૭૦ની ૨૯મી ઑગસ્ટ, અથવા તો મુસ્લિમોની પ્રસિદ્ધ પરંપરા પ્રમાણે ૧૨મી રબી-ઉલ-અવ્વલને રોજ થયેલો મનાય છે. પાછળથી થયેલી કેટલીક શોધખોળને પરિણામે આમાં જરા ફરક પડ્યો છે અને તે એકે એમનો જન્મ ૧૨ને બદલે ૯મી રબી-ઉલ-અવ્વલને રોજ થયો મનાય છે.[૨] એ ગમે તેમ હોય, એટલું ચોક્કસ છે કે એમનો જન્મ મક્કાના હાકેમ અને મુહાફિઝ (રક્ષક), અને કાબાના પ્રસિદ્ધ ધામના મુખી બની હાશિમના[૩] નામે ઓળખાતા અબ્દ-મુનાફના કુટુંબમાં થયો હતો. એમના પિતાનું નામ અબ્દુલ્લા અને માતાનું આમીના. એમના જન્મપૂર્વે, ૨૫–૨૬ વર્ષની નાની ઉમ્મરે જ, પિતા અબ્દુલ્લા ગુજરી ગયા હતા. અબ્દુલ્લા અબ્દુલમુત્તલિબના નાનામાં નાના દીકરા હતા. એટલે જુવાન દીકરાના મરણના કારમા ઘા પછી એ વૃદ્ધદિલ પર પૌત્રનો જન્મ અમૃતલેપ સમાન નીવડ્યો. એ ઘણા ખુશ થઈ ગયા અને બાળક મહંમદને લઈને કાબાની પ્રદક્ષિણા કરી આવ્યા. ઊંચાં આરબ કુટુંબોના રિવાજ મુજબ જન્મ પછી થોડા જ અરસામાં મહંમદ સાહેબને હલીમા નામની એક બદુઈ જાતિની

૧. એક અરબી આશીર્વચનનો સંક્ષેપ. એનો અર્થ ‘ એમને ઈશ્વરનાં આશીર્વાદ અને શાંતિ હો’ એવો થાય છે. ઇસ્લામી સભ્યતા પ્રમાણે પેગંબર સાહેબનું નામ જ્યાં જ્યાં આવે ત્યાં ત્યાં આ સંક્ષેપ એમના નામની પાછળ મૂકવો જોઈએ.

૨. ઇમામ અબ્દુલ કાદર બાવઝીર કૃત ‘ હઝરત મુહંમદ ’ પૃ. ૪. પં. સુંદરલાલ પોતાના ‘ હઝરત મુહંમદ અને ઇસ્લામ ’માં પૃ. ૨૧ ઉપર અંગ્રેજી તારીખ ઈ. સ. ૫૭૧ની ૨૦મી એપ્રિલ આપે છે.

૩. બની ‘અરબી શબ્દ છે. એ બિન અર્થાત્ બેટાનું બહુવચન છે. એટલે બની હાશિમ, બની ઇઝરાઈલ ઇત્યાદિ પ્રયોગોનો અર્થ હાશિમના ફરજંદો, ઇઝરાઈલના ફરજંદો એવો કરવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરવાડણને ખોળે મૂકવામાં આવ્યા. અને એનું ધાવણ ધાવીને તથા એનાં ઘેટાં બકરાં ને ઊંટ વગેરે ચારીને તથા એના ગોપબાલો ભેગા જ રખડાઈ-કુદાઈ ને એ પાંચ વર્ષના થયા. હિંદુઓના પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણને ગોપરાણી જસોદાએ અંતરના ઉમળકાથી લાડેકોડે ઉછેર્યાં એવા જ પ્રેમથી આ મુસ્લિમ પૂર્ણપુરુષને હલીમાએ ઉછેર્યાં કહેવાય છે. મહંમદ સાહેબ હલીમાનો આ પ્યાર કદી ભૂલ્યા નથી. એક વાર બીબી ખદીજા જોડે લગ્ન કર્યાં પછી, અને બીજી વાર મક્કા સર કર્યાં પછી, એમ બે વાર હલીમા પોતાના આ દૂધપુત્રને મળવા આવેલી. બંને વાર મહંમદ સાહેબે એને કરાય એટલી નવાજેશ કરીને અને બહુ માન આપીને વિદાય આપી છે.

કહેવાય છે કે રણનિવાસ દરમિયાન જ્યારે મહંમદ સાહેબની ઉમ્મર ચાર વર્ષની હતી ત્યારે બે ફિરસ્તાઓ એકાએક એમની પાસે ઊતરી આવેલા, ને એમનું પેટ ચીરીને એમના હૃદયમાંથી કુવાસનાઓનું જન્મસ્થાન મનાતો એક કાળો ભાગ કાપી ગયેલા. એ ગમે તેમ હોય, બદુઈઓના સરળ જીવનના સહવાસના આ સમયમાં જ એમના દિલમાં નેકી અને ઈમાનદારીનાં બીજ વવાયાં. એમની નાનપણથી જ જણાતી એકાંતપ્રિયતા અને વિચારમગ્ન ગંભીરતા પણ આ બદુઈ રણજીવનના સંસ્કારને આભારી હોય તો નવાઈ નહિ.

પાંચેક વર્ષની ઉમ્મરે હલીમા એમને પુનઃ આમીનાને ખોળે સોંપી ગઈ. પણ માતાનું સુખ નસીબમાં લાખ્યું નહિ લખેલું એટલે એકાદ વર્ષ પૂરું થયું ન થયું ત્યાં તો માતાએ આ દુનિયાની વિદાય લીધી. આથી પ્રેમસાગરસમા દાદા અબ્દુલ મુત્તલિબે એમને સંભાળી લીધા. પણ એ પણ મહંમદ સાહેબ આઠ નવ વર્ષના થયા એટલામાં જન્નતનશીન થઈ ગયા. આથી એમનું વાલીપણું કાકા અબૂતાલિબને માથે આવી પડ્યું. થોડા જ સમયમાં બંને વચ્ચે મહોબતની એવી મજબૂત ગાંઠ બંધાઈ ગઈ કે મહંમદ સાહેબનું ખાવું, પીવું, સૂવું, બેસવું ને ફરવું સુધ્ધાં એ કાકાની જોડે જ રહેતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબૂતાલિબની આર્થિક સ્થિતિ મંદ પડી ગઈ હતી એટલે મક્કાશરીફનો તથા કાબાશરીફનો વહીવટ છોડી દઈને એ એક સામાન્ય ગરીબ નાગરિકની જેમ રહેતા હતા. આથી કરીને, હલીમાનાં છોકરાંછૈયાં જોડે રણજીવનમાં કરતા, એમ જ જરા મોટા થતાં અબૂતાલિબનાં ઘેટાં, બકરાં ને ઊંટ ચરાવવાનું કામ મહંમદ સાહેબના ભાગમાં આવતું. અને એમના એકાંતપ્રિય, ચિંતનશીલ અને કુદરતખુશ સ્વભાવને લીધે એમને એ ગમતું પણ ખરું. એ બાર વર્ષના થયા ત્યારે અબૂતાલિબ માલ ભરેલી વણજાર લઈને સિરિયાની વેપારયાત્રાએ નીકળ્યા. મહંમદ સાહેબ રડીને એમની કેડે થયા. રસ્તામાં અનેક યહૂદી વસાહતોમાં રોકવાનું થયું. આ અરસામાં બુહિરા નામના એક યહૂદી પાદરીએ એમના પ્રશ્નો જોઈને વાતચીતમાં એમ ભાખેલું કહેવાય છે કે આગળ જતાં આ છોકરો પેગંબર થશે.

આ પ્રથમ વેપારયાત્રા દરમિયાન બાળક મહંમદને વેપારનું જ નહિ, પણ સ્વદેશનું, તેની નદીઓ અને નાળાંનું, ખીણો અને પર્વતોનું, તેનાં પ્રાચીન ખંડેરોનું, તેના યહૂદી, ખ્રિસ્તી વગેરે ભિન્ન-ધર્મી વિવિધ લોકોનું તથા એમના રીતરિવાજ વગેરેનું પ્રત્યક્ષ જ્ઞાન થયું. એમના ચિંતનશીલ અને ભવિષ્યદર્શી સ્વભાવને આ મુસાફરીમાં જે ખોરાક મળ્યો તેમાં બીજો ઉમેરો કરનાર એ મક્કા નજીક ઓકાઝ નામના સ્થળે ભરાનારો વાર્ષિક મેળો છે. એ મેળામાં દેશભરના લોકો એકઠા થતા અને માલની લેવડદેવડ કરતા; યહૂદી, ખ્રિસ્તી વગેરે રબ્બીઓ, પાદરીઓ અને મૌલવીઓ ધર્મોપદેશ કરતા કે ધર્મચર્ચા કરતા તે ત્યાં તેઓ સાંભળતા અને ત્યાં ભરાતા મુશાયરામાં ભાગ લેતા લેતા આનંદ-મંગળ કરીને વીખરાઈ જતા. મહંમદ સાહેબને અહીં એ મુશાયરામાં બહુ મઝા પડતી. ત્યાં વખણાયેલી ખાસ ખાસ કવિતાઓને ઉત્તેજન અને રાષ્ટ્રમાન આપવા માટે ચકચકિત અક્ષરોમાં લખીને કાબામાં લટકાવવામાં આવતી ને તે 'સોનેરી' કહેવાતી. આથી ત્યાં શાયરીની જબરી હરીફાઈ જામતી. મહંમદ સાહેબની સુપ્રસિદ્ધ સુંદર, વેધક અને નમૂનેદાર અરબીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડતરમાં રૂઢ પ્રયોગોની બાબતમાં બદુઈ બોલીનો યશસ્વી ફાળો ગણાય છે. એમ, આ મુશાયરાઓએ પણ એમાં યશસ્વી ફાળો આપ્યો મનાય છે.

આ મેળામાં કેટલીક વાર જુવાનોનાં અટકચાળાં કે મસ્તીતોફાનમાંથી, અથવા તો આરબ ટોળીઓની સાંકડી મનોદશા પ્રમાણે સામસામી કરાતી શેખીની મારામારીની મૌખિક કે શારીરિક મલકુસ્તીમાંથી, સત્તાવાળાઓની બધી તકેદારી છતાં, ભારે ટંટાફિસાદ પણ જાગી જતાં. મક્કાના કુરેશો અને તાયફના બની હવાઝિનો વચ્ચે આવા એક ઝઘડામાંથી પાડાખારની એવી આંટી પડી ગઈ કે એમની વચ્ચે લગભગ દસ વર્ષ ઝઘડો ચાલ્યો. આમાંનાં છેલ્લાં ચારેક વર્ષ તો રીતસર ઝપાઝપી, દરોડા અને લડાઈમાં જ ગયાં; અને મક્કાના યાત્રાધામની પવિત્રતાની મર્યાદા પણ ન સચવાઈ. એથી કરીને આ યુદ્ધને ફિજ્જ યાને અધર્મયુદ્ધ કહેવાય છે.

આ યુદ્ધમાં મહંમદ સાહેબને પોતાના કાકાની પડખે ઊભા રહેવાનું આવેલું. પણ પ્રત્યક્ષ યુદ્ધ એમના સ્વભાવને અનુકૂળ નહીં હોવાથી, કહે છે કે, આ વખતે (અઢારેક વર્ષની ઉંમર છતાં) એમણે દુશ્મનનાં આવી પડતાં તીરો વીણી લાવીને કાકાને આપવા ઉપરાંત કશું જ નહીં કરેલું. આમ છતાં, મઝલૂમોની હિફાજતના કામમાં એમને ભારે રસ હતો. કાબાની આ વખતની હકૂમત નબળી હોવાથી ત્યાં હજ કરવા આવેલા ભલભલા માણસો ધોળે દિવસે લૂંટાતા. આથી યાત્રાળુઓના રક્ષણ માટે 'હિલદુલફ્ઝૂલ' નામનું એક સ્વયંસેવક દળ ઊભું કરવામાં આવ્યું હતું. એની સ્થાપના માટે અપાયેલી મિજબાનીમાં અને ત્યાં લેવાયેલા મઝલૂમોનો પક્ષ કરવાના શપથમાં અને સમુદ્રમાં પાણીનું એક ટીપું પણ રહ્યું હોય ત્યાંસુધી એમના દાવાને માન અપાવવાના અથવા તો પોતાનાં સાધનો-માંથી જોઈતું કરતું આપીને એમને સંતુષ્ટ કરવાના સોગંદવિધિમાં મહંમદ સાહેબ સામેલ હતા. અને પાછલાં વર્ષોમાં પ્રસંગોપાત્ત આને વિષે એ એમ કહેતા કે 'અરબસ્તાનના સારામાં સારાં ઊંટના સાટામાં મને એમ કહેવામાં આવે કે આ સોગંદવિધિમાં હાજર રહેવાની વાતનું સ્મરણ તમે ભૂલી જાઓ તો હું કહું કે ના! એ નહીં બને!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

આમ ગરીબાઈમાં પણ કાકાની માયાળુ પાંખમાં વિવિધ અનુભવો લેતા લેતા મહંમદ સાહેબ પચીસેક વર્ષની પુખ્ત ઉમ્મરે પહોંચ્યા ત્યારે ખદીજા નામની ૪૦ વર્ષની એક દોલતમંદ બાઈને એનો શૌહર ગુજરી જવાથી પોતા તરફથી ઈમાનદારીથી વેપારવણજ ખેડી શકે એવા વિશ્વાસુ માણસની જરૂર પડી. પોતાનાં સગાંવહાલામાં હોઈ કાકા અબૂતાલિબે આ કામ માટે મહંમદ સાહેબની સિફારશ કરી, ને તે મંજૂર થતાં એમને વણજાર લઈને સિરિયાની સફરે જવાનું થયું. આમાં એમણે જે કાબેલિયત, હોશિયારી અને ઈમાનદારી બતાવી અને સારા જેવો નફો કરી આપ્યો એની બીબી ખદીજા પર ઘણી સારી અસર પડી. એમાં વધતા જતા સંપર્કને લીધે દિનપ્રતિદિન વધારો થતો ગયો. છેવટે એક દિવસ જે ખદીજાએ અત્યાર પૂર્વે ભલભલા દોલતમંદ કુરેશોનાં માગાં પાછાં કાઢ્યાં હતાં એણે પોતે જ એક દાસી મારફત મહંમદ સાહેબ પોતાની જોડે શાદી કરવા તૈયાર થાય કે નહિ એની તપાસ કરાવી! મહંમદ સાહેબની આર્થિક સ્થિતિ ખદીજા બીબીને હિસાબે 'ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી' એના જેવી હતી. એટલે આ લગ્નમાં કેટલીક અડચણો હતી. પણ કાકાની મદદથી એમનો યુક્તિપૂર્વક નિકાલ થઈ ગયો અને બંને લગ્નગ્રંથીથી જોડાયાં!

ભગવાન શ્રીકૃષ્ણની જેમ, મહંમદ પેગંબર સાહેબ પર પણ લગ્ન અને સ્ત્રીસંબંધની બાબતમાં — મુખ્યત્વે ખ્રિસ્તી લેખકો તરફથી, મુકાબલે ઓછો ઓછો પણ — રંગીલાપણાનો આક્ષેપ કરવામાં આવેલો છે. કારણ, હ૦ ખદીજાના મરણ પછીનાં જીવનનાં અંતિમ તેર વર્ષોમાં એમણે એમના જમાનાની રસમ પ્રમાણે — એક મહાન ધર્મ-સંસ્થાપક યાને પેગંબર હોવા છતાં — નવેક લગ્ન કરેલાં છે, અને ખુદ કુરાનેશરીફમાં એકી સાથે વધુમાં વધુ ચારથી વધારે નહીં કરવાની મર્યાદામાં એમને અપવાદરૂપ માનેલા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ટીકા કરનારા પ્રથમ તો એ પુરાણા જમાનાને, એના રીતરિવાજોને, અને ભગવાન ઈશુખ્રિસ્તને બાદ કરતાં એમની પૂર્વેના શેમવંશીઓમાં પેગંબરો મનાઈ ચૂકેલા મહાપુરુષોએ અનુસરેલ બહુલગ્ન-પદ્ધતિને વીસરી જાય છે. બીજી બાબત આ લોકો ભૂલી જાય છે તે એ છે કે મહમ્મદ સાહેબને આ લગ્નો કરતી વખતે કેવળ ધર્મપ્રસારક સંન્યાસીના ધર્મોને જ અનુસરવાનું નહોતું; પણ ખુદાના પેગંબર, અથવા તો હિંદુઓના અવતારી પુરુષોની જેમ સાધુઓનું સંરક્ષણ, અને દુષ્ટોનું દમન કરવાનું હતું. મદીનામાં સ્થપાતા ને અરબસ્તાનમાં ફેલાતા જતા એવા એક અભિનવ રાષ્ટ્રના સર્જક બાદશાહના ધર્મો પણ એમને બજાવવાના હતા. ઉપર્યુક્ત નવે લગ્નો પૈકી પોતાના આઝાદ ગુલામ ઝૈદની એક વારની પત્ની જૈનાબ સાથે પઢેલા નેકા સિવાયના બીજા બધા નેકા કાંતો એ જમાનાની રાજદ્વારી જરૂરિયાતો જોઈને પઢાયેલા છે, કાં તો નવા અલ્પસંખ્ય મુસ્લિમસમાજ બહાર પુનર્લગ્ન ન કરવા માગતી આબરૂદાર વિધવાઓને આશરો આપવા માટે કરાયેલા છે. પહેલેથી ખુદ મહંમદ સાહેબના જ હાથની ઉમેદવાર એવી જૈનાબ જોડેના નેકાની બાબત એમ છે કે ઝૈદને લાગેલું ગુલામીનું કલંક નિવારવા માટે, અને એની પ્રતિષ્ઠા કરવા માટે, એને જેમ મહંમદ સાહેબે પોતાનો 'પાળેલો પુત્ર' કહ્યો અને મુસ્લિમોનો સેનાપતિ સુધ્ધાં બનાવ્યો, એમ જ જૈનાબની મરજીની વિરુદ્ધ થઈને અને એને મહંમદ સાહેબ જોડે પરણાવવાની એના ભાઈની ઇચ્છાની અવગણના કરીને, એને (પોતાની સગી ફોઈની દીકરીને) મહંમદ સાહેબે ઝૈદ જોડે પરણાવેલી. પણ છેવટે એ અસમાન લગ્ન દુઃખી જ નીવડવાથી ઝૈદે તલાકથી ફોક કરેલું અને મહંમદ સાહેબને એ બાઈનો સ્વીકાર કરવા ખુદ ઝૈદે આગ્રહ કરેલો. પ્રથમ તો મહંમદ સાહેબે ના પાડેલી. પણ કુરાનેશરીફની એક ખાસ આયત ઊતરી, ને લગ્ન-સામેના બધા લૌકિક વાંધા એથી દૂર થયા, ત્યાર પછી જ એમણે એની જોડે નેકા પઢેલા. આ બચાવ અને આ અનેકપત્નીત્વ માટે ગમે તે મતભેદ ભલે પ્રવર્તે, પરંતુ એટલું તો સ્પષ્ટ અને નિઃશંક છે કે પચીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષની મોટી ઉમ્મરે હ૦ ખદીજા જોડે એમની શાદી થઈ ત્યાર-પહેલાં એમણે કદી કોઈની જોડે લગ્ન કર્યું નથી; કે નથી એ વિલાસી જમાનામાં પણ વિલાસ કર્યો. ૪૦ વર્ષની આ ગુણિયલ વિધવા જોડેના લગ્નમાં પણ નારીત્વના કુદરતી આકર્ષણ કરતાં સામાજિક પ્રતિષ્ઠા ને દોલતથી મળતી ફરાગત અને સુખી લગ્નજીવન જ મુખ્ય આકર્ષણ હતું. ઉમ્મરની દૃષ્ટિએ ભારે કજોડું ગણાય એવું હોવા છતાં આ લગ્ન એમનું શ્રેષ્ઠતમ અને સૌથી સુખી લગ્ન હતું. ૨૫ વર્ષ પછી બીબી ખદીજા ગુજરી ગયાં ત્યાંસુધી — એટલે કે મહંમદ સાહેબ ૫૦ વર્ષના થયા ત્યાં સુધી, એમણે સંપૂર્ણ એકપત્નીવ્રત પાળ્યું છે.

[૩]

મહંમદ સાહેબની ઉમ્મર ત્રીસેક વર્ષની થઈ ત્યારે હ૦ ખદીજાનો ઉસ્માન નામનો એક પિતરાઈ જે ખ્રિસ્તી થઈ ગયેલો એણે ઇસ્તંબૂલના રૂમી બાદશાહની સાથે મળીને મક્કાની નબળી હકૂમતનો લાભ લઈ રોમના શિરછત્ર નીચે મક્કામાં પોતાની હકૂમત સ્થાપવાનો પેતરો ગોઠવેલો. એ સફળ થયો હોત તો મક્કા પર પરદેશી હકૂમત થઈ જાત. પણ મહમ્મદ સાહેબની સમયસરની પ્રવૃત્તિથી ઉસ્માન મક્કા છોડીને ચાલ્યો ગયો અને દુશ્મનોની આ બાજી ઊંધી વળી ગઈ.

મહંમદ્ સાહેબ પાંત્રીસેક વર્ષના થયા ત્યારે એક બીજો યાદગાર બનાવ બન્યો. રેલસંકટને લીધે કાબાની દીવાલોની મરામત કરવાની જરૂર ઊભી થઈ. ને એ વખતે કાબાના 'સંગે અસવદ' નામના એક અત્યંત પ્રાચીન અને પવિત્ર મનાતા પથ્થરને યથાસ્થાને ગોઠવવાનો પ્રસંગ ઊભો થતાં, મક્કાનાં ચાર મોટાં મોટાં કુટુંબોના આગેવાનોમાં, એને ઉઠાવીને મૂકવાના હક બાબત ભારે ઝઘડો પડ્યો. અકસ્માત્ આ ઝઘડાનો નિકાલ કરવાનું કામ મહંમદ સાહેબને માથે આવી પડ્યું. એમણે ઘણો વિચાર કરીને પોતાની ચાદર ત્યાં ભોંય પર પાથરી દીધી, એ પથ્થરને પોતાને હાથે ઊચકીને એમાં મૂકી દીધો, અને પછી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારે કબીલાના એક એક અગ્રણીને કહ્યું કે દરેક જણ એક એક છેડો પકડો ને ચારે મળીને આ ચાદર ઊંચકી પથ્થરને જ્યાં મૂકવાનો છે ત્યાં સુધી લઈ લો. આ ડહાપણભર્યા નિકાલને લીધે, જેમાં આખું અરબસ્તાન કદાચ હોમાઈ જાત એવો એક ભારે ગૃહકલહ દૂર થયો.

પેગંબરી પ્રાપ્ત નહોતી થઈ ત્યારે પણ મહંમદ સાહેબ કેવા દયાળુ અને સુધારક પુરુષ હતા એનો એક દાખલો ખદીજાએ એમની ખિદમતમાં આપેલા ખ્રિસ્તી ગુલામ ઝૈદનો છે. મહંમદ સાહેબે એને આઝાદ કર્યો અને એની સાથે એવું માયાળુ, મમતાભર્યું વર્તન રાખ્યું કે એનો બાપ હારિસ એને ઘેર લઈ જવા આવ્યો ત્યારે પણ એણે ઘેર જવાની ના પાડી. મહંમદ સાહેબે, હઝરત અલીની જેમ, એને પોતાના દીકરાને સ્થાને સ્થાપ્યો. અને આપણે આગળ જોઈ ગયા એમ સર્વ રીતે એનો ઉદ્ધાર કર્યો. એનો મહંમદ સાહેબ પ્રત્યેનો પ્રેમ ગાઢ અને રોમાંચક ગણાય છે. આવા પુરુષ માટે શ્રીકૃષ્ણની જેમ 'પતિત-ઉદ્ધારણ બિરુદ તિહારો' કહેવાય તો એમાં આશ્ચર્ય શું?

[૪]

હજરત ખદીજા જોડેના લગ્ન પહેલાં જ પોતાની નેકદિલી, સચ્ચાઈ, અને સદાચારથી મહંમદ સાહેબ 'અલ-અમીન' યાને ઈમાનદાર અથવા 'પરમ વિશ્વાસુ' પુરુષ તરીકે નામાંકિત થઈ ચૂક્યા હતા. આ લગ્નથી એમને જે ફુરસદ મળી એનો ઉપયોગ એમણે હવે વધુ ને વધુ ધાર્મિકતા કેળવવામાં કરવા માંડ્યો. પહેલાં તો એ ફક્ત રમજાન મહિનો જ હીરા પર્વતની ગુફામાં ગાળતા; પણ ધીરે ધીરે ખુદાની ખોજમાં એ એટલા બધા ગરક થઈ ગયા કે વરસના બારેય મહિના એમને માટે રમજાન સમા થઈ પડ્યા; ઈશ્વરભજન અને ઈશ્વરચિંતન, ઉપવાસ અને પ્રાર્થનામાં, અને ચારેકોર અજ્ઞાનના અંધકારમાં પડેલી તથા તરેહવાર કુરિવાજોમાં સબડતી જનતાના ઉદ્ધારની ઈશ્વર આગળ ધા નાખવામાં એમને દિવસ અને રાત સરખાં થઈ પડ્યાં. છેવટે પરમકૃપાળુ પ્રભુ એમના પર પ્રસન્ન થયા અને એમના આયુષ્યના ચાળીસમા વર્ષની એક રાત્રે જ્યારે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીરા પર્વતની ગુફામાં ખુદાની ખોજમાં ગરકાવ હતા ત્યારે એમને એક ગેબી અવાજ સંભળાયો :

'વાંચ! વાંચ!'

'હું તો અભણ છું. શું વાંચું?' મહંમદ સાહેબે કહ્યું.

'(સૃષ્ટિના)સરજનહાર અને લોહીના અથવા પ્રેમના એક બુંદમાંથી માનવીને બનાવનાર, એવા તારા ખુદાના નામની મદદથી (વખતોવખત તારી આગળ પ્રગટ થનાર કુરાન) વાંચ. (કુરાન) વાંચ અને ખુદા પર આધાર રાખ! કારણ, તારા ખુદા પરમ કલ્યાણના કરવાવાળા છે. કલમ (મારફત) એમણે જ્ઞાનનો પ્રચાર કર્યો છે અને (વહી * મારફત) મનુષ્યને ગેબનું જ્ઞાન આપ્યું છે.'

આટલું બોલીને ફિરશ્તો જિબ્રાઈલ અલોપ થઈ ગયો. અને મહંમદ સાહેબ ફરી એકલા પડી ગયા. પણ આ શબ્દો એમના દિલમાં કોતરાઈ ગયા. અને આ શું બની ગયું એના વિચારમાં એ સડક થઈ ગયા. 'મેં જોયું તે કોઈ ભૂતપલીત તો નથી'? એવો વિચાર પણ એમને આવ્યો, અને આ નવીન અનુભવનો એમને ડર લાગ્યો. ઝપાટાબંધ એ ખદીજા પાસે ચાલ્યા ગયા. સૂઈ જઈ ને તેમણે કહ્યું, 'મારા પર એક ચાદર

---

* વહી એટલે અલ્લાનો પેગામ અથવા અલ્લાની કિતાબ. એ કેવી રીતે આવે છે એના જવાબમાં ખુદ મહંમદ સાહેબે કહ્યું છે: 'એ બે રીતે આવે છે. કેટલીક વાર જિબ્રાઈલ આવે છે અને એક માણસ બીજા માણસને પહોચાડે એવી રીતે મને એ (પેગામ) પહોંચાડે છે. એ આસાન છે. પણ વહી મારા પર જ્યારે ઘંટારવના ઘોરની જેમ ઊતરી આવે છે, ત્યારે મારું હૃદય વીંધાઈ જાય છે; ને મારા જાણે ટુકડે ટુકડા થઈ જાય છે. એ વખતે મને ભારે કષ્ટ થાય છે.' એ વખતે નિર્વિકલ્પ સમાધિની જેમ એ મૂર્છા ખાઈને જમીન પર પછડાઈ જતા; અથવા તો જાણે ગાઢ નિદ્રા ન આવી ગઈ હોય એમ અચેત થઈને પડી રહેતા. વધારેમાં વધારે ટાઢના દિવસે પણ એમના કપાળ પર પરસેવાનાં ટીપાં બાઝી જતાં! ને ચહેરો તંગ થઈ જતો. પોતાના અલ કિસ્વા નામક ઊંટ પર સવાર હોય ને વહી ઊતરે તો એ ઊંટ પણ ઉશ્કેરાઈ જતું અને ભારે અજંપો તથા કષ્ટ અનુભવતું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખી દે, મને કંઈક થયું છે!' આ પ્રમાણે જરાતરા વિશ્રાંતિ લીધા બાદ એમણે ખદીજાને પોતાનો આખો અનુભવ કહી સંભળાવ્યો અને પૂછ્યું, 'ખદીજા! આ મને શું થઈ ગયું? હું ગુલબાંગ ઉડાવનારો કે ગાંડો તો નથી થઈ ગયો?'

હજરત ખદીજાએ એમને આશ્વાસન આપ્યું ને કહ્યું, 'તમે કદી જૂઠું બોલ્યા જ નથી કે બૂરાઈનો જવાબ બૂરાથી આપ્યો નથી. તમારો કોલ તમે પાળી બતાવ્યો છે ને સદા સદાચારી જીવન ગુજાર્યું છે. તમે ઘેલા કે ગુલબાંગ ઉડાવનારા શી રીતે હોઈ શકો?'

ખુદાએ પોતાના પતિને પેગંબર તરીકે પસંદ કર્યા છે એની એમને ખાતરી થઈ હતી. છતાં યહૂદી અને ખ્રિસ્તી ધર્મશાસ્ત્રોના પંડિત મનાતા વરકા નામના એક પોતાના પિતરાઈને એમણે આ સંબંધી પૂછી જોયું. એણે આખી વાત સાંભળી ખદીજાની માન્યતાને ટેકો આપ્યો. અને એમ મહંમદ સાહેબના મનનું પણ કાંઈક સમાધાન થયું. પણ ત્યાર પછી કેટલાક વખત સુધી ફરી કોઈ વાર જિબ્રાઈલનાં દર્શન થયાં નહિ. એથી શંકા, ઉદાસીનતા અને નિરાશાથી ઘેરાયેલા એ અસ્વસ્થ ને અસ્વસ્થ ફર્યા કરતા. એવુ કહેવાય છે કે એક વખત તો પર્વતોની ટેકરીઓ પર રખડતાં રખડતાં એમણે એકાદી ટેકરી પરથી ભૂસકો મારીને આપઘાત કરવાનો પણ વિચાર કર્યો. પણ એટલામાં જ જિબ્રાઈલનાં દર્શન થયાં. અને એ ફિરસ્તાએ વિશ્વાસ આપ્યો કે 'ઓ મહંમદ! ખરેખર તું ખુદાનો પેગંબર છે ને હું જિબ્રાઈલ છું.'

આથી એમને પોતાની પેગંબરીની ખાતરી થઈ અને એમણે પોતાનું નવીન ધર્મકાર્ય શરૂ કર્યું. એમના હાથે પ્રથમ મુસલમાન થવાનું થવાનું માન હજરત ખદીજાને જાય છે. ત્યાર પછી એમનો ભત્રીજો અલી અને આઝાદ ગુલામ ઝેદ મુસલમાન થયા. પણ સાચદિલી, બુદ્ધિમત્તા અને શાણપણની સાથે ધનવાન હોવાની પ્રતિષ્ઠા ધરાવનાર અબુબક્ર નામક મક્કાના મશહુર વેપારી જ્યારે એમનું સાંભળીને મુસલમાન થયા, ત્યારે જ એમની તરફ લોકોનું ધ્યાન ખેંચાયું અને એમની પેગંબરીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈક પ્રતિષ્ઠા પણ થઈ. આ પ્રતિષ્ઠાને લીધે ક્રમેક્રમે ઉસ્માન, સાદ, ઝૌબર, તલ્હા વગેરે બીજા થોડા ઇસમો મુસલમાન થયા. આમ છતાં, પહેલાં ત્રણ વર્ષમાં સતત મહેનત છતાં, મહંમદસાહેબના અનુયાયીમંડળમાં માંડ ચાળીસ માણસ ભળ્યાં! હજરત ખદીજા અને અબુબકને બાદ કરતા બાકીના આડત્રીસે નાના ગણાતા ઇસમો હતા, જે કાં તો મહંમદ સાહેબનાં સગાંસાગવાંમાંથી હતા કે કાં તો ઢોરની જેમ મૂલવાતા ને હંકાતા દીનહીન, ગરીબ ગુલામો પૈકીના હતા!

ચોથા વર્ષમાં મહંમદ સાહેબને જાહેર ઉપદેશ કરવાનો આદેશ મળ્યો. એટલે સફાના ડુંગર પર એમણે કુરેશોની એક જાહેરસભા ભરી ને ત્યાં પ્રવર્તમાન અંધ મૂર્તિપૂજા અને બીજી બદીઓને સખત શબ્દોમાં વખોડી કાઢીને એકેશ્વર, શાંતિ અને સદાચારના પોતાના નવા-ધર્મનો ઉપદેશ કર્યો. કોઈએ એમની વાત ન સાંભળી એટલું જ નહિ, મૂર્તિપૂજા જેવી કુરેશોનો જીવારો ગણાય એવી વિધિઓ પર પાડેલા ઠોકને લીધે ઉપહાસ, તિરસ્કાર અને વિરોધના જબરદસ્ત વંટોળનો એમને સામનો કરવો પડ્યો.

આની પછી થોડા જ વખતમાં પોતાનાં હાશિમવંશી સગાંસાગવાંને એક મિજબાની નિમિત્તે નોતરીને આની આ જ વાત એમણે કરી જોઈ. પણ સગાંઓમાંથી કોઈએ સાથ ન આપ્યો! ફક્ત બાળક અલી ચડપ લઈને ઊભો થયો ને બોલ્યો, 'કાકા, હું તમારી મદદમાં ઊભો રહીશ; તમારો બંધુ, તમારો વારસ, તમારો પ્રતિનિધિ થઈશ!' મહંમદ સાહેબ એની હિંમત જોઈ ને પ્રસન્ન થયા. પણ બીજા હસ્યા ને વીખરાઈ ગયા!

આમ પોતાનાં ને પારકાં બધાંએ એમની વાત ફેંકી દીધી પણ એથી એ જરા પણ નિરાશ ન થયા. પેગંબરો જ દાખવી શકે એવી નમૂનેદાર ચીવટથી, ખંતથી, ઉપહાસ અને વિરોધની બેપરવાઈથી અને હિંમતથી, પણ હંમેશાં અદ્ભુત કરુણામય મીઠાશથી અને અહિંસાથી, એમણે પોતાનો પ્રચાર ચાલુ રાખ્યો. એમના સાચા દિલના જોશીલા વાક્પ્રવાહને કવિતા અને તરંગીવેડા કહી ઉતારી પાડવામાં આવતો. જે એમનું માને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને જાદુનો ભોગ બનેલ મનાવાતો. રસ્તે જતાં લોક આંગળી કરીને હસતા, 'આ મોટા પેગંબર ના જોયા હોય તો!' પણ એ બધું એ પી જતા. ઉપહાસ એમને એમના ઉત્સાહ — કાર્યમાંથી પાછા પાડવા અસમર્થ છે એવું જણાતાં એમની પજવણી શરૂ થઈ. એમના રસ્તામાં કાંટા વેરવામાં આવતા. એ એને વીણી બાજુ પર ફેંકી દેતા. વાનરસેના અને ગુંડાઓનું ટોળું એમની પાછળ પાછળ ફરતું અને કેટલીક વાર કાંકરા ને પથરા પણ ફેંકતું. મક્કાથી થોડે દૂર તાયફ નામના શહેરમાં ઉપદેશ કરવા ગયા ત્યારે આવા એક ટોળાએ એમને લોહીલુહાણ કરીને પાછા કાઢ્યા હતા. એક પ્રસંગે કાબા આગળ નમાઝ પડતાં એમની ડોકમાં ઊંટનાં આંતરડાં પહેરાવવામાં આવ્યાં. પણ એમણે એને ફૂલમાળા ગણી લીધી અને નમાઝ ચાલુ રાખી; તથા પ્રભુ એ લોકોનું ભલું કરો એવી બંદગી ગુજારી. બીજા એક પ્રસંગે એ નમાઝ પઢતા હતા ત્યારે એક ગુંડાએ પગ મૂકીને એમની ગરદન એટલા જોરથી દબાવી કે આંખો નીકળી પડે એમ થઈ ગયું!

આમ છતાં આરબ સમાજની તત્કાલીન રચના, જેને લીધે પોતાની ટોળીનો એક માણસ મરાતાં આખી ટોળી એનું વેર લેવાનો નિશ્ચય કરતી, ને પેઢી દર પેઢી આ વેર ચાલતાં સમાજમાં ભારે કલેશ ઊભો થતો, એને લીધે હજી કોઈ મહંમદ સાહેબના જાન પર હાથ નાંખતું નહિ. પણ એમના પરની બધી ચીડ કુરેશો, પોતાના હાથ નીચેનો જે એમનો નવો ધર્મ કબૂલ કરે, એના પર કાઢતા. એને એ લોકો કેદ કરતા, ભૂખે મારતા અને ઇસ્લામનું 'ઘેલું' છોડાવવા એના પર જાતજાતનો જુલમ ગુજારતા. આમાં પણ જેઓ ગુલામ હતા એમના તો બાર જ વાગતા. એમને કેદ કરી ભૂખ્યા ને તરસ્યા ગામ બહાર લઈ જવાતા, ને ત્યાં, અરબસ્તાનના બળબળતા સૂર્ય નીચે, એમને સળગતી રેતીમાં સુવાડાતા. મોં સૂર્ય તરફ રાખવામાં આવતું ને છાતી પર એકાદો મોટો પથ્થર મુકાતો. આ દશામાં ગુલામો માટે છૂટવાના બે જ રસ્તા હતા: ભાડભૂંજાની ભઠ્ઠીમાં ચણામમરા શેકાઈ જાય એમ અરબસ્તાનની ધગધગતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેતીમાં શેકાઈ જઈને, તથા ભૂખતરસ વેઠીને, મોત વહોરી લેવું કે કાંતો ઇસ્લામનો ઇનકાર કરવો! ત્રીજો રસ્તો કેટલીક વાર નીકળતો અને તે એ કે કોઈ દોલતદાર મુસલમાન ત્યાં આવી ચડે ને એને વેચાતો લઈ જીવતદાન આપે! અથવા ક્ષણભર જૂઠું બોલી, ઉપર ઉપરથી ઇસ્લામનો ઇન્કાર કરી,* મહંમદ સાહેબનું ઉપર ઉપરથી ભૂંડું બોલી છટકી જવું! પરંતુ એમના નવા પેગંબરી સંદેશાની પ્રેમકટારીની ચોટ એવી હતી કે આટઆટલા જુલમો સામે પણ અડીખમ ઊભા રહેનાર શહીદોની ખોટ નહોતી.

બિનજરૂરી અપમાનોથી બચવા અને શાંતિથી પોતાનો પ્રચાર કરવા, આ અરસામાં, મહંમદ સાહેબ સફાની ટેકરી પર ચડતાં આવતા અરકામના મકાનમાં રહેવા ગયા. એ મરવા અને સફા વચ્ચેના યાત્રાના રસ્તા પર આવેલ હોવાથી યાત્રાળુઓ, કંઈ નહિ તો કુતૂહલથી પણ, ત્યાં એમની પાસે જતા, અને એમના ઉપદેશ સાંભળી આવતા. ઘણા સુપ્રસિદ્ધ આદમીઓ ત્યાં જઈને મુસ્લિમ થયેલા છે એટલે અત્યારે પણ એ મકાન દારૂલઇસ્લામ અર્થાત્ ‘ઇસ્લામ-ઘર’ કહેવાય છે.

કુરેશોને જ્યારે ખાતરી થઈ કે મહંમદ સાહેબ કશાથી પાછા પડે એમ નથી, ને કોઈ પણ રીતે એમને મનાવી લેવામાં નહિ આવે તો આપણી કૌટુંબિક શાંતિ કે કાબામાં ચાલતી બુતપરસ્તી એકે સલામત નથી, ત્યારે એમણે દુન્યવી દોલત અને આગેવાનીનો લોભ આપી એમનું ‘ઘેલું’ છોડાવવા પ્રયત્ન કર્યો. એમણે કહ્યું, ‘આ ઘેલું મૂકી દે. અમે તને મક્કાની હકૂમત આપીએ ને મનમાની દોલતની નવાજેશ કરીએ. અરે, કોઈપણ કુરેશ પાસે ન હોય એટલી દોલત આપીએ!’ પણ મહંમદ સાહેબે કુરાનેશરીફની આયતો સંભળાવી એક જ જવાબ આપ્યો કે,

---

* માન્યા પછી જે કોઈ અલ્લાનો ઇન્કાર કરે છે, સિવાય કે જેમની પાસે અંતરની દૃઢ આસ્તિકતા છતાં જબરદસ્તીથી તેમ કરાવાય છે, એમના પર ખુદાનો ખોફ ઊતરે છે. (૧૬,૧૦૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારે રાજપાટ શું કરવું છે? હે મક્કાના રહેવાસીઓ! હું તો ખુદાનો પેગંબર છું! મારું કામ તમને એનો પેગામ પહોંચાડવાનું જ છે. એ માનશો તો તમારો ઉદ્ધાર થશે, ને નહિ માનો તો અગાઉ આદ, સામૂદ વગેરે લોકોની થઈ તેવી તમારી બૂરી વલે જ થશે!'

[૫]

મહંમદ સાહેબે આમ પોતાનો ઉપદેશ ચાલુ રાખ્યો. પણ પોતાના અનુયાયીઓ પર થતા જુલમો જોઈ એમનું હૈયું દ્રવી જતું, અને હંમેશાં એમને માટે કોઈ રાહતનો માર્ગ તો શોધતું જ. એમણે અનેક માર્ગ કાઢ્યા. એમાં આઝાદ લોકો માટે મોટામાં મોટો ને મુખ્ય માર્ગ એમણે જે કાઢ્યો તે હિજરતનો. તદનુસાર પેગંબરીના પાંચમા વર્ષમાં પંદર મુસલમાનોનો એક કાફલો (જેમાં ૪ ઓરતો હતી) ઘરબાર છોડીને હબ્સીનિયા હિજરત કરી ગયો. હજરત ઉસ્માન અને એમનાં બીબી રુકૈયા (મહંમદસાહેબનાં પુત્રી) પણ એમાં સામેલ હતાં. થોડા વખત પછી એમને ત્યાં એવા સમાચાર મળ્યા, કે મહંમદ સાહેબે કુરેશો સાથે બુતપરસ્તીની બાબતમાં કંઈક સમાધાન કર્યું છે એટલે હવે મક્કામાં જવું સલામત છે, ત્યારે એ આખો કાફલો પાછો આવ્યો. પણ ટૂંક વખતમાં જ માલૂમ પડ્યું કે એ ભૂલ છે; એટલે ૮૩ આદમીઓ અને ૧૮ ઓરતો, એમ એકસો ને એક જણનો બનેલો બીજો કાફલો ત્યાં હિજરત કરી ગયો. આ બીજી હિજરત કુરેશોની આંખમાં કણાની જેમ ખૂંચી. એથી એમણે અમરૂલઆસ* નામના પોતાના એક હોશિયારમાં હોશિયાર એલચીને મોકલીને હબ્સીનિયાના ખ્રિસ્તી શાહ નજ્જાશીને કહેવડાવ્યું કે 'એમને આશરો ન આપતાં, અમને સોંપી દો. એ અમારા દુશ્મનો છે.' પણ એણે તપાસ કર્યા પછી મઝલૂમ હિજરતીઓ પ્રત્યે સહાનુભૂતિ બતાવી; કુરેશોએ મોકલેલું નજરાણું પાછું મોકલ્યું, ને એલચીને પાછો કાઢ્યો.

---

* પાછળથી મુસલમાન થતા એ ઇસ્લામનો ચાણક્ય મનાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ હિજરતીઓને પાછા લાવવામાં ન ફાવતાં કુરેશોની લાલ થયેલી આંખ ખુદ પેગંબર સાહેબ તરફ વળી. ખાસ ખાસ માણુસોનું એક પ્રતિનિધિમંડળ લઈને એઓ અબૂતાલિબ પાસે પહોંચ્યા અને મહંમદ સાહેબ સામેની પોતાની આખી ફરિયાદ રજૂ કરી. વૃદ્ધ અબૂતાલિબે તે શાંતિથી સાંભળી; પણ પ્રતિનિધિમંડળે જ્યારે જોયું, કે ડોસો કેવળ મીઠી જબાનથી આપણુને સમજાવી કાઢવાનો જ પ્રયાસ કરે છે, ત્યારે તેઓ ચિડાયા અને એમ કહીને ચાલ્યા ગયા કે, 'અમારાં, દેવદેવીઓને અને અમ મૂર્તિપૂજકોને ભાંડનાર તમારા ભત્રીજાને કાં તો તમે જાતે નશિયત કરજો કે કાં તો નશિયત માટે એને અમારા હાથમાં સોંપી દેજો. એમાંનું એકે ન કરવું હોય તો પછી લડાઈ માટે તૈયાર થઈ જજો.'

અબૂતાલિબે એ લોકોની આ ધમકીનો કશો જવાબ ન આપ્યો; પણ એઓ ગયા ત્યારપછી તેણે મહંમદસાહેબને બોલાવ્યા ને બધી વાત કરીને કહ્યું કે, 'મારાથી ન ઊંચકાય એવો બોજો તારે મારે માથે ન નાખવો જોઈએ.' મહંમદ સાહેબે આ વખતે જે યાદગાર જવાબ આપ્યો એ બતાવે છે કે કેવાં લોખંડી નિશ્ચય અને ગંભીરતાથી પોતે પોતાના ધર્મકાર્યને વળગી રહ્યા હતા. એમણે કહ્યું, 'મને મારા કાર્યમાંથી પાછો પાડવા એ લોકો મારા જમણા હાથમાં સૂરજ લાવીને મૂકે ને ડાબામાં ચંદ્ર, તો પણ હું પાછો પડવાનો નથી. મારા કાર્યને સૌની આગળ સ્પષ્ટ કરીને ખુદા કાં તો પાર પાડે કે કાં તો આ દેહ (એને પાર પાડતાં પાડતાં) ખપી જાય.' देहं पातयामि वा अर्थं साधयामि જેવો આ જવાબ સાંભળીને અબૂતાલિબનું હૈયું હાલી ઊઠ્યું. એ બોલ્યા: 'ભલે! જા! શાંતિથી જા બેટા! અને તારે કરવો હોય તે ઉપદેશ કર. ખુદાના કસમ ખાઈને કહું છું કે હું તને નહિ તજું—કદી નહિ તજું!'

કુરેશોના ક્રોધની અને જુલમની માત્રા જેમ જેમ વધતી ગઈ, એમ એમ મઝલૂમ મુસ્લિમો તરફ એમનામાંના વિચારશીલ પુરુષોનું ધ્યાન વધુ ને વધુ ખેંચાતું ગયું; ને મહંમદ સાહેબના સતત પ્રયાસોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમી પણ વધુ ને વધુ સફળતા વરવા માંડી. એ જોઈને કુરેશો વળી વધારે ને વધારે ચિડાવા લાગ્યા. એક દિવસ એવું બન્યું કે એક અબૂજહાલ નામક કુરેશે મહંમદ સાહેબનું હદબહાર અપમાન કર્યું, અને એમને ભાંડવામાં તથા એમની મજાક ઉડાવવામાં કશી મણા ન રાખી. મહંમદ સાહેબે તો બધું ચુપચાપ સહી લીધું. પણ હમઝા નામના એક યુદ્ધમલ કુરેશથી આ સહ્યું ગયું નહિ. એનો મિજાજ ફાટ્યો, અને એણે ઝબ લઈ ને પેલાને કેશથી પકડીને એવો તો હચમચાવ્યો કે ન પૂછો વાત! પછી એ મહંમદ સાહેબ પાસે ગયો ને બોલ્યો, 'તમારા દુશ્મનને મેં જે સજા કરી એથી તમે રાજી તો થયા ને!' એમણે કહ્યું, 'ખરો રાજી તો હું ત્યારે થાઉં કે જ્યારે તમે પોતે મુસલમાન બનો!' હમઝા આ અણધાર્યો ઉદ્‌ગાર સાંભળી વિચારમાં પડી ગયો ને છેવટે મુસલમાન બન્યો. બીજા ખલીફ હજરત ઉમર પોતાનાં ઇસ્લામી બહેનબનેવી પાસે જબરદસ્તીથી ઇસ્લામ છોડાવવા જતાં કેવી રીતે જાતે જ મુસલમાન બની ગયા એની રસિક વાત એમના ચરિત્રમાં અન્યત્ર વિગતે આપેલી છે.

કુરેશોને જ્યારે ખબર પડી કે, હજરત ઉમર પણ મહંમદના મુસ્લિમ * કાફલામાં ભળી ગયા, ત્યારે એમની ધીરજની હદ આવી ગઈ. એમને લાગ્યું કે બાપદાદાના ધર્મ પરનો આ દરોડો અટકાવવા હવે તો કડકમાં કડક પગલાં ભરવાં જ જોઈએ. આથી એકઠા થઈને એમણે બધા બની હાશિમોનો, અર્થાત્ હાશિમવંશીઓનો, દીવોદેવતા બંધ કર્યો અને એમની સામે કડકમાં કડક બહિષ્કાર પોકાર્યો. વળી એ બહિષ્કારના ઠરાવને અથવા ખતને લખી કરીને એમણે કાબામાં લટકાવ્યું જેથી કરીને એની પવિત્રતા અખંડ મનાય. બની હાશિમો તંગ આવી ગયા, અને કોઈ અણધાર્યા હુમલામાંથી બચવા, શહેર બહાર અબૂતાલિબ જે શેબ યાને

* મુસ્લિમ એટલે શરણાગત, ખુદાનો બંદો એવો જ અર્થ છે. મુસલમાન એ ખરી રીતે મુસ્લિમના ફારસી બહુવચન મુસ્લિમાન પરથી બનેલો શબ્દ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખીણોના નાળિયામાં રહેતા હતા, ત્યાં રહેવા ગયા. એ જગા ત્રણે બાજુએ ટેકરીઓ ને ઘરોની હારવાળી અને આગળ એક નીચા પ્રવેશદ્વારવાળી હોવાથી સુરક્ષિત હતી. ત્યાં બેત્રણ વર્ષ બધાંએ ભારે મુશ્કેલીમાં ગાળ્યાં. અનાજના સંઘરા ખૂટી જતાં બાળકો મમ-મમ માટે રડવા લાગ્યાં. હજના મહિના સિવાય કોઈથી શહેરમાં જવાતું નહિ, ને જવાતું ત્યારે ત્યાંથી કોઈથી કાંઈ લવાતું નહિ. અવારનવાર ચોરીછૂપીથી કોઈ સગુંસાગવું કે સહાનુભૂતિ ધરાવનાર પરિંદું ખોરાક આપી જતું. પણ એ તો આભ ફાટે ત્યારે થીંગડાં દેવા જેવું જ ને? એથી કંઈ ભીડ ભાગે?

બીજી બાજુ આ કડક બહિષ્કારને લીધે મહંમદસાહેબનું પ્રચાર-કાર્ય પણ લગભગ બંધ પડી ગયું. પણ એ હિંમત ના હાર્યા. એમણે ખુદા આગળ ધા નાંખ્યા કરી અને છેવટે એ મદદે આવ્યા. વાત એમ બની કે કાબામાં લટકાવેલો પેલો બહિષ્કારનો કરાર જીવાતથી ખવાઈ ગયો છે એવી એમને ખબર પડી. એમણે જઈને અબૂતાલિબને કહ્યું; ને એ સાંભળ્યા પછી અબૂતાલિબ પોતાના કેટલાક ખાસ માણસોને લઈને શહેરમાં કુરેશી આગેવાનોને મળવા ગયા ને બહિષ્કાર ઉઠાવી લેવા એમને વિનંતી કરી. પછી વાટાઘાટ ચાલી. એ દરમિયાન તક જોઈ ને અબૂતાલિબે કહ્યું, 'જુઓ, બહિષ્કારનું કાબામાં લટકાવેલું ખત પોતે જ જીવાતથી ખવાઈ ગયું હોય તો તો પછી બહિષ્કાર ઉઠાવી લેશો ને?' બની હાશિમો પર આ વર્ષોમાં જે વીતી હતી તે જોઈને જેમનાં દિલ કકળી ઊઠ્યાં હતાં, અને અંદરખાને એમની તરફ સહાનુભૂતિ ધરાવતાં થયાં હતાં, એવા કેટલાકે તેમનો પક્ષ પણ કર્યો; એટલે છેવટે એમ નક્કી થયું કે એ ખત ઉતારીને તપાસ કરવી ને ખરેખર જો એ જીવાતથી ખવાઈ ગયું જ હોય, તો ખુદાની ઇચ્છા એને રદ કરવાની છે એમ માની, બહિષ્કાર ઉઠાવી લેવો. તપાસમાં વાત સાચી માલૂમ પડી; વિરોધીઓના હાથ ઢીલા પડ્યા ને બહિષ્કાર એમની મરજી વિરુદ્ધ ફાટફૂટને લીધે ઉઠાવાઈ ગયો. પરિણામે એમના પક્ષકારો જાતે જઈને બની હાશિમોને શહેરમાં પાછા લઈ આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬]

પેગંબરીના આ દસમા વર્ષમાં જ કેટલાક વખત પછી હજરત ખદીજા અને શિરછત્ર કાકા અબૂતાલિબ બંને જન્નતનશીન થયા. ને કૌટુંબિક દષ્ટિએ નિરાધાર બનેલા પેગંબરને કુરેશો પાછા બેવડા જોરથી પજવવા મંડયા. મક્કામાં એમનું પ્રચારકાર્ય તાત્કાલિક આગળ વધે એવો કોઈ સંભવ ન દેખાતાં, એમણે મક્કાથી સિત્તેરેક માઈલને છેટે આવેલા તાયફ નામના પ્રસિદ્ધ નગર તરફ ધ્યાન દોડાવ્યું. ફક્ત ઝૈદને લઈને એ ત્યાં ઊપડ્યા ને ત્યાંના મુખ્ય મુખ્ય માણસોને મળીને એમને પોતાની તરફ વાળવા પ્રયત્ન કર્યો. ત્યાં એ દસ દિવસ રહ્યા પણ કોઈએ એમનું ન માન્યું. એટલું જ નહિ, તેમને મક્કાને રસ્તે પાછા ધકેલી કાઢવા નીકળેલું તોફાની ટોળું ઠેકડી કરતું, ને તાળીઓ પાડતું, ને પથરા ફેંકતું એમની કેડે પડયું. સાંજ પડી ગઈ ને અંધારું થવા આવ્યું ત્યારે જ તે પાછું ફર્યું. મૂગે મોઢે અને પેગંબરી ધૈર્ય તથા ચિંતનશીલતાથી સહન કરેલી આ પજવણી પછી એક ઝાડ તળે એ વિશ્રામ લેવા બેઠા, ત્યારે જ એમને ખબર પડી કે બંને પગ લોહીલુહાણ થઈ ગયા છે, અને ઝૈદના માથામાં મહંમદસાહેબને બચાવવા જતાં એક ભારે ઘા થયેલો છે.

આ દુ:ખદ અનુભવ પછી એક મુતિમ નામના કુરેશી આગેવાનનું રક્ષણ મેળવીને એ મક્કામાં આવ્યા ને એક ઓળખીતાના ઘરમાં એમણે મુકામ કર્યો. પણ ધર્મપ્રચારનું કામ તો મક્કામાં ને બહાર એવું અશક્ય થઈ પડયું કે 'હારેકો હર નામ ' સિવાય એમની પાસે હવે આ કામ માટે કશું શસ્ત્ર રહ્યું નહોતું. એ સતત પ્રાર્થના કરતા, સતત ચિંતન કરતા ને ખુદાની બંદગીમાં, ભલાઈનાં કામોમાં તથા પોતાના અભિનવ ધર્મબંધુઓ વચ્ચેનો સંબંધ ગાઢતર કરવામાં પોતાના દિવસો પસાર કરતા. પ્રચારકાર્યની માત્ર એક જ સગવડ હવે બાકી રહી હતી, અને તે હજના દિવસોમાં આખા અરબસ્તાનમાંથી ઊભરાતા યાત્રાળુઓનાં ટોળાં ! મહંમદ સાહેબ આનો લાભ લેતા અને એવે વખતે બની શકે તે પ્રચાર કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર આવા યાત્રાળુઓ પૈકી પોતાના દાદાના મોસાળ એવા યસ્રેબ નગરના ખિઝ્રજ કબીલાના છ આદમીઓ જોડે એમનો ભેટો થયો. મહંમદ સાહેબે એમને ઉપદેશ આપ્યો, ને એ એમને ગળે ઊતરતાં એઓ મુસલમાન થઈ ગયા. એમની જોડે એમણે પ્રથમ વાત કરી કે હું તમારા શહેરમાં આવું તો તમે મને રક્ષણ આપો કે કેમ? એમણે કહ્યું, અમે ત્યાં જઈને પૂછી જોઈએ, પછી વાત! એમણે આ વચન પાળ્યું. એઓ ત્યાં ગયા, થોડા નવા મુસલમાન કર્યા, ને પછી થોડા વખતમાં બાર જણાનું એક પ્રતિનિધિમંડળ મહંમદ સાહેબને આ સંબંધમાં મળવા આવ્યું. અકબાની ટેકરી પર મહંમદ સાહેબ અને એમની વચ્ચે કરારો થયા કે દરેક સાચી બાબતમાં એઓ મહંમદ સાહેબને અનુસરશે. આ અકબાનો પહેલો કરાર. એમની માગણીથી મહંમદ સાહેબે મુસાબ નામનો પોતાનો પ્રતિનિધિ એ શહેરમાં ધર્મપ્રચાર કરવા મોકલ્યો. પોતાની માની વિરુદ્ધ થઈને એ પહેલાં મુસલમાન થયો હતો. અને આથી એના કુટુંબીઓએ એને એના ઘરમાં જ કેદ કર્યો હતો. પણ ત્યાંથી છટકીને એ હબસીનિયા હિજરત કરી ગયો હતો ને થોડા જ વખત પર ત્યાંથી મહંમદ સાહેબ પાસે પાછો આવ્યો હતો. આ કામ સોંપાતાં એ રાજી થયો, ને એણે એ એટલી કુશળતાથી કર્યું કે એક જ વર્ષમાં એ શહેરમાં લગભગ દરેક કુટુંબકબીલામાં કોઈ ને કોઈ તો મુસલમાન થઈ જ ગયું!

પેગંબરીના બારમા વર્ષમાં યસ્રબના આ મુસલમાનો પૈકી તોતેર આદમીઓ અને બે ઓરતો મળીને પંચોતેર જણાની એક ટોળી મક્કાના કુરેશો ન જાણે એવી રીતે, મહંમદ સાહેબને મળવા આવી. અને અકબાની ટેકરી પર રાતની શાંતિમાં એણે મહંમદ સાહેબને યસ્રબમાં રહેવા આવવાનું આમંત્રણ આપ્યું, ને એઓ જો પધારે તો ત્યાં એમનું સંપૂર્ણ રક્ષણ કરવાની પ્રતિજ્ઞા કરી. આ પ્રતિજ્ઞા અકબાના બીજા કરારને નામે ઓળખાય છે.

કરારો કરીને એ ટોળી મદીનાને માર્ગે પડી છે એવી જાણ થતાં વેંત કુરેશોએ એમનો પીછો પકડ્યો. પણ બે જણ સિવાય આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોળીમાંનું કોઈ હાથમાં આવ્યું નહિ. આ બે જણ જે હાથમાં આવ્યા તેમને કેશ પકડીને મક્કા ઢસડી લવાયા, પણ ત્યાં એમનો કોઈ રક્ષક પક્ષકાર જાગ્યો એટલે આરબ રિવાજને માન આપી એમને છોડી દેવા પડ્યા.

મહંમદ સાહેબને ખબર હતી કે મુસલમાનો મક્કા છોડીને ચાલ્યા જાય એ પણ કુરેશોને પાલવે એમ નથી. એટલે એમણે આ કરાર પછી એકેક બબ્બે કરીને મક્કાના મુસ્લિમોની યસ્રબની હિજરત એવી ગુપ્તતાથી ગોઠવી કે કુરેશોનું ખાસ ધ્યાન ન ખેંચાય. માલમિલકતની પરવા કર્યા વિના એમ એકેક બબ્બે કરતાં કરતાં બેએક મહિનામાં મક્કાના કેટલાક મુસ્લિમ લત્તાઓ ઉજ્જડ ખંખ બની ગયા! મકાનો પર તાળાચંદ અને સાંકળચંદની ચોકી બેસી ગઈ! અને મહંમદ સાહેબ, અબુબક્ર, અને અલી એ ત્રણ સિવાય કોઈ મુસ્લિમ મક્કામાં જોવાનો પણ ન રહ્યો. એટલે કુરેશોની ચિંતા વધી પડી, ને એમને ખાતરી થઈ કે હવે આ ત્રિપુટી પણ છટકવાની! અને એમ બન્યું તો કોક દિવસ આપણે એના પર જે જુલમ વરસાવ્યો છે એનું વેર લેવાની તૈયારી કરીને એ આપણા પર ચડી આવવાની! આથી એમણે નક્કી કર્યું કે મહંમદ સાહેબને તો પૂરા જ કરવા! પ્રત્યેક કબીલાનો એક એક માણસ આ ભયંકર કૃત્ય માટે તૈયાર કરવામાં આવ્યો કે જેથી આ ખૂનનો આરોપ કોઈ એક ખાસ કબીલા પર ન આવે ને આંતરયુદ્ધ ન સળગે! પણ એઓ કાંઈ પણ કરી શકે ત્યાર પહેલાં જ મહંમદ સાહેબને એની ગંધ આવી ગઈ, એટલે પોતાની પથારીમાં પોતાના ભત્રીજા અલીને સુવાડીને અને એના પર પોતાની લીલી પ્રસિદ્ધ ચાદર ઓઢાડીને એ છટકી ગયા. પોતાને નિવાસસ્થાનેથી છટકીને એ સીધા અબુબક્રને ત્યાં ગયા. ને ત્યાંથી પાછલે બારણે થઈને સમીસાંજના અંધારામાં એ બંને મક્કા છોડી ત્યાંથી દોઢેક કલાકને રસ્તે આવેલા સૌરનામક પર્વતના એક ઊંચા શિખર પર આવેલી ગુફામાં ભરાઈ ગયા. ત્યાં એઓ ત્રણેક રાત રહ્યા. દરમિયાન કુરેશોએ ઘણી દોડાદોડી કરી, અને ચારે બાજુ માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ દોડાવ્યાં. મહંમદ સાહેબને પકડી લાવે એને ૧૦૦ ઊંટનું ઇનામ અપાશે એવી જાહેરાત પણ કરી. પણ બધાં ફાંફાં નીવડ્યાં! મહંમદ સાહેબનું તો પગેરું પણ ન જડ્યું. આમ આ ધમાલમાં એક, બે, ને ત્રણ દિવસો વીતી ગયા; ને કુરેશોની તપાસ ઢીલી પડી, એટલે ચોથી રાત્રે, અગાઉથી કરી મૂકેલી ગોઠવણ પ્રમાણે, એ ગુફાની આજુબાજુ ચરતાં રાખેલાં ઊંટ પર સવારી કરી બંને ગુરુશિષ્ય, નોકરને સાથે રાખીને યસ્રેબ તરફ રવાના થઈ ગયા.

ગુફામાં ગુપ્તવાસ દરમિયાન અબુબક્રનો એ ભરવાડવેશધારી નોકર અને એક દીકરી અસમા એમની ખબર લેતાં, એમને ખાવાનું પહોંચાડી જતાં, અને મક્કાની બધી નવાજૂનીથી વાકેફ કરી જતાં. એક દિવસ જ્યારે દુશ્મનો શોધતા શોધતા આ ગુફાની ઘણી જ નજીકમાં આવી ગયા, ત્યારે અબુબક્રે મહંમદ સાહેબને કહ્યું, 'આપણે બે જણા અહીં ભરાયા છીએ પણ આમાંના કોઈ દુશ્મન આપણી ગુફાને મોઢે જ આવીને ઊભા તો?' મહંમદ સાહેબે તરત જ, જરા પણ ગભરાટ વગર કહ્યું, 'તો શું? અહીં આપણે બે જણ નથી, ત્રીજો અલ્લાહ છે!' *

[૬]

૨૦મી જૂન ઈ. સ. ૬૨૨ને રોજ હિજરતનો આ મહાન બનાવ બન્યો અને ત્યારથી હિજરી સંવત શરૂ થયો ગણાય છે. ચોક્કસ

---

* આવો જ એક બીજો બનાવ અહીં નોંધવા જેવો છે.

એક મુસાફરીમાં મહંમદ સાહેબ જ્યારે એક ઝાડ તળે એકલા આરામ કરતા હતા, ત્યારે એક દુશ્મને એકાએક એમની પર છાપો માર્યો ને નાગી તલવાર ઉગામીને કહ્યું 'કહે! હવે તને કોણ બચાવવાવાળો છે?' એમણે દૃઢતાથી જવાબ આપ્યો, 'અલ્લા!' અને ખરે જ એના હાથમાંથી તલવાર એટલામાં જ અકસ્માત્ પડી જતાં, ચપળતાથી એ ઝાલી લઈને એમણે એને એ જ વળતો સવાલ પૂછ્યો; ત્યાર એ ડરથી નરમઘેંશ થઈ ગયો ને માફી માગવા મંડ્યો. પેગંબરે અલબત્ત એને માફી આપેલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારીખ વિષે મતભેદ જણાય છે.[૧] આપણે એની વિગતમાં નહિ ઊતરીએ. પણ બધા એકમતે કહે છે કે, સામાન્ય રીતે ૧૧ દિવસની ગણાતી યસ્રેબની આ મુસાફરી ખાસ ઝપાટાથી ૮ દિવસમાં પૂરી કરીને યસ્રેબના પરા જેવા કોબા નામક ગામડામાં પેગંબર સાહેબ આવી પહોંચ્યા. આ સમાચાર સાંભળીને યસ્રેબના લોકોના આનંદનો પાર રહ્યો નહિ! લોકોનાં ટોળેટોળાં સામાં જઈને એમને ત્યાંથી સરઘસાકારે વાજતે ગાજતે યસ્રેબમાં લઈ આવ્યાં! કોબાથી આ સરઘસ ઊપડ્યું ત્યાર પહેલાં જ હજરત અલી પણ બધું પરવારીને મક્કાથી ત્યાં આવી પહોંચ્યા હતા. દરેક કામ બિસ્મિલ્લાહ અર્થાત્ ખુદાનું નામ લઈને જ શરૂ કરવાનો મહંમદ સાહેબનો રિવાજ હતો. એટલે આ સરઘસ ઉપાડતા પહેલાં, કોબામાં એકઠા થયેલા બધા મુસલમાનોએ સમૂહમાં ઊભા રહીને ઈશ્વરપ્રાર્થના કરી યાને નમાઝ પઢી. અને મહંમદ સાહેબે ત્યારબાદ ઈમામ તરીકે ખુતબો પઢ્યો. એ દિવસે શુક્રવાર હતો. કહેવાય છે કે એથી કરીને ત્યારથી દરેક શુક્રવારે એટલે કે જુમ્માને દિને મુસલમાનોમાં સામુદાયિક જાહેર નમાઝ પઢવાનો રિવાજ પડ્યો.

સરઘસ યસ્રેબ પહોંચ્યું ત્યારપછી પેગંબર સાહેબનો ઉતારો કોને ઘેર કરવો એ બાબતમાં અન્સારોમાં[૨] હોંસાતૂંસી ઊભી થઈ: એક કહે મારે ત્યાં ઊતરો અને બીજો કહે મારે ત્યાં! આથી મહંમદ સાહેબે બધાને બબ્બે મીઠા બોલ કહીને માર્ગ કાઢ્યો કે, 'મારું ઊંટ — અલકિસ્વા જેના ઘર આગળ જઈને ઊભું રહે એને ત્યાં મારે ઉતારો કરવો! જાઓ, છે પછી કંઈ તકરાર?' એ પ્રમાણે ઊંટ ચાલ્યું ચાલ્યું દાદા અબ્દુલ-

---

૧. પં. સુંદરલાલ ૨૦મી સપ્ટેમ્બર કહે છે. એમની ઘણી તારીખો બીજાઓ કરતાં થોડી થોડી પાછળ છે.

૨. મદીનાના જે લોકો મહંમદ સાહેબ અને એમના અનુયાયીઓની વહારે ધાયા ને એમને મદીના બોલાવી લાવ્યા, એઓ અન્સાર અર્થાત્ મદદગાર કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુત્તલિબના મોસાળિયા બની અન્નજ્જારના અબૂ ઐયુબ નામના એક ગરીબ માણસના ઘર પાસેની ખુલ્લી જગામાં જઈને ઊભું! એટલે પેગંબર સાહેબ એના મહેમાન બન્યા. અને યસ્રેબ ત્યારથી યસ્રેબને બદલે મદીનતુન્નબી અર્થાત્ પેગંબર સાહેબનું શહેર અથવા ટૂંકામાં મદીના કહેવાવા માંડ્યું.

ત્યાં મુકામ કર્યા પછી મહંમદ સાહેબની પહેલી ચિંતા નમાઝ માટે એક મસ્જિદ બાંધવાની થઈ. જે ખુલ્લી જમીન પર જઈને અલ-કિસ્વાએ મદીનામાં આવીને પ્રથમ બેઠક કરી હતી, એ જમીન બે યતીમોની અર્થાત્ અનાથ છોકરાઓની માલકીની હતી. એમણે એ બક્ષિસ આપવા કહ્યું, પણ મહંમદ સાહેબે એનો ઇન્કાર કરી અબુબક્ર પાસેથી દસ દિનાર અપાવ્યા ને એમ એ વેચાતી લેવામાં આવી. પછી ત્યાં સાફસૂફી કરીને, ત્રણેક ફૂટ ગારા અને પથ્થરથી, ને ઉપર ગારા અને ઈંટોથી ચણીને અને ખજૂરીનાં થડ તથા તાડછાંથી છાઈને સોએક હાથના વિસ્તાર જેટલી જમીનમાં ત્યાં ઇસ્લામની પહેલી મસ્જિદ* બાંધવામાં આવી. મહંમદ સાહેબ અને એમના અંતેવાસીઓએ પણ એ બાંધવામાં હરેક પ્રકારની જાતમહેનત અને મજૂરી કરી હતી. આ મસ્જિદના ચોગાનનો એક ભાગ ઘરબાર વિનાના મુસ્લિમોના વસવાટ માટે અલગ કાઢવામાં આવ્યો હતો. અને બીજામાં મસ્જિદને અડીને ખુદ પેગંબર સાહેબ અને એમના જનાના માટે જુદી જુદી ઓરડીઓ બાંધવામાં આવી હતી. આ વખતે મહંમદ સાહેબને સૌદા અને ઐશા નામક બે પત્નીઓ હતી. સૌદા-પહેલાં હબ્સીનિયા હિજરત કરી ગયેલા સક્રાન નામક એક આદિ મુસલમાનની વિધવા હતી, અને ઐશા અબુ-બક્રની પુત્રી હતી. આ ઉપરાંત એક ત્રીજો ખંડ મહંમદ સાહેબની ખદીજાથી થયેલી રુકૈયા બેટી માટે બાંધવામાં આવ્યો હતો. કામચલાઉ

---

* મૌલાના મહંમદ અલી નામના મહંમદ સાહેબના ચરિત્રકાર માને છે કે, ઇસ્લામની પહેલી મસ્જિદ આ નથી પણ કોબામાં બંધાયેલી મસ્જિદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાજથી છાવાને બદલે આ બધાં મકાનોને પાકાં છાપરાં કેમ ના કરાવ્યાં એવા સવાલના જવાબમાં મહંમદ સાહેબે નીચેનો યાદગાર જવાબ આપ્યો કહેવાય છે:

'આ છાજ તો મૂસાના છાજ જેવું છે. . . . આદમીની ઇસ્કામત તો આના કરતાં પણ વધારે અલ્પજીવી છે.'

પાછળથી મહંમદ સાહેબ મદીનાના અને આખા અરબસ્તાનના બાદશાહ બન્યા ત્યારે પણ આ ઝૂંપડાને બદલે કોઈ આલિશાન ઇમારત ઉઠાવવાનું તો શું પણ આમાં કશો સુધારો કરવાનું પણ એમણે ઉચિત માન્યું નહોતું.

મસ્જિદ અને પોતાના કાયમી નિવાસસ્થાનનું આ કામ થઈ ગયા પછી એમણે પોતાનું બધું ધ્યાન મદીનામાં એક બંધુરાષ્ટ્ર (common-wealth)ના પાયા નાખવા તરફ દોર્યું. એમનો ધર્મપ્રચાર અહીં ઝપાટાબંધ ફૂલ્યોફાલ્યો અને મદીનાના મોટા ભાગના નાગરિકો ઇસ્લામી બિરાદરીમાં દાખલ થઈ ગયા. આથી શહેરમાં એક નવા પ્રકારની શાંતિનો જન્મ થયો. બની ઓસ અને બની ખિજ એ બે કબીલાઓ વચ્ચે સો કરતાં વધારે વર્ષોથી અંટસ ચાલતો હતો, ને શહેરમાં ગમે ત્યારે તેમના કોઈ પણ માણસો વચ્ચે અથડામણ થઈ જતાં ભારે તોફાન થઈ જતું. પણ એમાંના જેઓ મુસલમાન થઈ ગયા તેઓ પેગંબર સાહેબની દોરવણી નીચે નવી બિરાદરીની સાંકળથી સંકળાયા ને જૂનાં અંટસો ભૂલી ગયા. બીજું, મક્કાથી આવેલા હિજરતીઓ, મૂળ અરબી શબ્દ વાપરીએ તો તો મુહાજરીનો, અને તેમના મદદનીશ મદીનાના મૂળ વતની મુસલમાનો અર્થાત્ અન્સારો વચ્ચેનો ભાઈચારો તો એટલો ગાઢ હતો કે અન્સારો પૈકી જ્યારે કોઈ મરણ પામતો ત્યારે એની જોડે રહેનાર મુહાજરીનને પણ સગા ભાઈની જેમ એની મિલકતમાં વારસા-ભાગ મળતો. આ ભાઈચારાનો એક જ દાખલો અહીં પૂરતો થશે. અબ્દુલરહેમાન નામક એક હિજરતી જે પાછળથી ઘણો ધનવાન માણસ થઈ ગયો, તે હિજરત કરીને આવ્યો ત્યારે સાવ ગરીબ હતો. મહંમદ સાહેબે એની સાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામના અન્સારને સોંપણુ કરી. એને ત્યાં એ રહેવા ગયો ત્યારે જમતી વખતે સાદે એને કહ્યું, 'તારે કોઈ વાતે ગભરાવું નહીં. મારી પાસે ઘણું ધન છે. હું એમાં તને ભાગ આપીશ. બીજું, જો, મારે આ બે ઓરતો છે. તને એમાંથી વધારે કઈ ગમે છે તે તું મને કહે. હું એને તલાક આપીશ ને તારી જોડે પરણાવીશ!'

આવા ગાઢ ભાઈચારાને લીધે મદીનામાં એવો એક આદર્શ બંધુસમાજ સ્થપાયો કે જેના અભિનવ જોશમાં અરબસ્તાનની વિભિન્ન ટોળીઓ અને કબીલાનાં જમાનાજૂનાં વેરઝેર ભુલાઈ ગયાં કે કાં તો નાશ પામ્યાં. એક આગેવાન, એક કિતાબ અને એક પ્રજાત્વની ભાવનાના બળથી એક એવું સુસંગઠિત, બળવાન, અભિનવ રાષ્ટ્ર ઊભું થયું કે જે પાછળથી મક્કાના કુરેશો સામે કેવળ આત્મરક્ષણ ખાતર પણ યુદ્ધમાં ઊતર્યું ત્યારે તેને અચૂક વિજય વર્યો.

આ અરસામાં થયેલી મદીનાના હાકેમની ચૂંટણીમાં પેગંબર સાહેબને સર્વાનુમતે હાકેમ ચૂંટવામાં આવ્યા. ત્યારે આ બંધુસમાજની મદદથી મદીનામાં બંધુરાષ્ટ્રની સ્થાપના કરવામાં આવી, ને પેગંબર સાહેબને માથે પેગંબરના ધર્મો ઉપરાંત રાજ્યકર્તાના ધર્મો પણ બજાવવાનો ધર્મ આવી પડ્યો. આ ધર્મ બજાવતાં એમણે સત્તા પર આવ્યા પછી જે પહેલું ફરમાન બહાર પાડ્યું, એમાં એમણે ચાર પાંચ મુદ્દા સ્પષ્ટ કર્યા છે તે આજે પણ દરેક રાષ્ટ્રને ઉપયોગી છે. એમાં એમણે કહ્યું : (૧) મદીનાની હકૂમતમાં વસતા તમામ માણસો, પછી તેઓ ગમે તે ધર્મના કે કબીલાના હોય, એક સંયુક્ત કોમ જ ગણાશે. (૨) સૌ પોતપોતાના ધર્મ સંપૂર્ણ સ્વતંત્રતાથી પાળી શકશે. (૩) સગાઈને કારણે કોઈ પણ કોઈ અપરાધીનો પક્ષ નહિ કરી શકે, વા ઝઘડામાં સામેલ નહિ થઈ શકે. (૪) અંદર અંદર કોઈ પણ ઝઘડો ઊભો થાય તો કાયદો હાથમાં લઈને એનો ઇન્સાફ જાતે જ ન આપી દેતાં અલ્લાને નામે બધા ઝઘડાઓ હાકેમ પાસે જ લઈ જવા જોઈશે. (૫) બહારના કોઈની જોડે સુલેહ થશે કે લડાઈ થશે તો તે મદીનાના બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતનીઓ સાથે જ થઈ ગણાશે. (૬) અને પોતપોતાના ધર્મવાળાના દુશ્મનો જોડે મદીનાની હકૂમતની પીઠ પાછળ અલગ અલગ સંધિઓ કે વિગ્રહો નહિ થઈ શકે. આ ફરમાન મદીનાના બધા લોકોએ કબૂલ કર્યું, અને જેમ જેમ મહંમદ સાહેબની સત્તા વિસ્તરતી ગઈ, ને અરબસ્તાનમાં મુસ્લિમ બંધુરાષ્ટ્ર વધુ ને વધુ વિસ્તૃત થતું ગયું, એમ એમ આ સિદ્ધાંતોનો અમલ વધુ ને વધુ મોટા પાયા પર થતો ગયો. એમના રાજ્યમાં ધર્મને કારણે અલગ પ્રજા હોવાનો કોઈનો દાવો ચાલ્યો નથી; કે એ કારણે કોઈ જોડે ભિન્ન વર્તાવ રાખવામાં આવ્યો નથી; અગર તો કોઈની મઝહબી આઝાદી પર તરાપ મારવામાં આવી નથી.

[૮]

આમ મદીનામાં આવ્યે બે વર્ષ થઈ ગયાં. મહંમદ સાહેબની ઉમ્મર આશરે પંચાવન વર્ષની થઈ. મદીનાનું બંધુરાષ્ટ્ર એકંદર રીતે નમૂનેદાર શાંતિથી ચાલતું હતું, ને વસતી આબાદ થતી જતી હતી. એવામાં એક દિવસ ખબર આવી કે હજારેક કુરેશોનું એક લશ્કર — ૭૦૦ ઊંટ અને સોએક ઘોડાં લઈને મદીના પર હુમલો કરવા આવે છે. આની અગાઉ મૂળગત દુશ્મનાવટને કારણે કુરેશો તરફથી તેમ જ આજુબાજુ વસતા બદુઈ લોકોમાંના લૂંટારાઓ તરફથી ઢોર-ચોરી ઇત્યાદિ અનેક નાની નાની કનડગતો મદીનાના લોકોને વેઠવી પડતી હતી. અને મદીનાના લોકોમાંથી પણ મહંમદ સાહેબની સંમતિથી આનો અવારનવાર યોગ્ય જવાબ અપાતો હતો. કુરેશોના સીરિયાના વેપારમાર્ગ પર મદીના આવેલું હતું. એટલે એમના કાફલાઓ પર મદીનાની દુશ્મનાવટનો ભય ઝઝૂમતો જ મનાતો. મહંમદ સાહેબના માણસોની સુસજ્જ નાની મોટી ટુકડીઓ ઘણીવાર આજુબાજુના પ્રદેશમાં ત્યાં વસતા કબીલાઓની મૈત્રી મેળવવા, શાંતિ સ્થાપવા, કે બાતમી મેળવી મદીનાને ખબરદાર રાખવા નીકળી પડતી વા મોકલવામાં આવતી. અને એ, આ વણજારો પર, શિવાજીના સૈન્યના જેવી આંખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખતી. કુરેશોને આ ટુકડીઓની ખબર રહેતી એટલે એ લોકો પણ પૂરી સાવચેતી રાખતા; ને બનતા લગી આવી કોઈ ટુકડી નજીકમાં છે એવી ખબર પડે, ત્યારે એઓ આડાઅવળા ફંટાઈ જતા અને પોતાની વણજારો સાચવી લેતા. પણ ઈસવી સન ૬૨૩ના નવેમ્બર માસમાં મોકલાયલી મહંમદ સાહેબની આવી એક ટુકડીને હાથે મક્કાની પૂર્વમાં તાયફને અડધે રસ્તે આવેલ નખ્લ નામક સ્થળે કુરેશોની એક વણજાર લૂંટવામાં આવી અને એમાં એક કુરેશ માર્યો ગયો ને બે કેદ પકડાયા. આ બનાવથી મક્કામાં જે ભારે ઉશ્કેરણી થઈ, એમાં એની પછીના બે-એક મહિનામાં એક બીજીનો ઉમેરો થયો. મહંમદ સાહેબનો કટ્ટર દુશ્મન એવો અબૂસુફિયાન નામનો એક કુરેશી સરદાર એક મોટી વણજાર લઈને સીરિયાથી મદીનાને રસ્તે થઈને પાછો ફરતો હતો. એને આવી એક ટુકડીને હાથે લૂંટાઈ જવાનો ભો લાગ્યો. આથી એણે લશ્કરી મદદ મેળવવા એક માણસને આગળથી મક્કા મોકલ્યો. આ માણસે ત્યાં જઈને વેશ કર્યો. એ સીધો પોતાની સાંઢણીને કાબાના ચોગાન આગળ લઈ ગયો, એનાં નાક કાન કાપી નાખ્યાં, કાઠડાને ઊંચકીને ઊંધો કરી દીધો, પોતાની કફની આગળ પાછળથી ફાડી નાખી, અને 'ધાજો રે ધાજો ઓ કુરેશો! મહંમદ આપણા કાફલાને લૂંટે છે!' એમ કહીને બૂમો પાડવા મંડ્યો. ઉપર જે હજારેક કુરેશોનું લશ્કર મદીના પર ચડાઈ લઈ આવવાની વાત કરી છે, એ આના જવાબમાં નીકળી પડેલા કુરેશી લશ્કરની જ છે.

આ લશ્કર બદ્રની ખીણમાં આવી પહોંચ્યું ત્યારે મહંમદ સાહેબે તૈયાર કરેલી ૩૧૩ લડવૈયાની ફોજ પણ એનો સામનો કરવા ત્યાં આવી પહોંચી હતી. કુરેશોનાં સંખ્યાબળ અને સાધનબળ બંને ચડિયાતાં હતાં. પણ અબૂસુફિયાનનો કાફલો આડફેટે માર્ગે સહી-સલામત મક્કા પહોંચી ગયાના સમાચારને લીધે લડાઈની યોગ્યતા બાબત એમનામાં મતભેદ હતો. નખ્લના બનાવ સિવાય એમનું લોહી ગરમ કરવા માટે એના સેનાપતિ અબૂજહાલ (એ મહંમદ સાહેબનો કટ્ટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુશ્મન પણ હતો જ) પાસે કોઈ બહાનું રહ્યું નહોતું. મહંમદ સાહેબની ફોજનું સંખ્યાબળ જેટલું નજીવું હતું એટલું જ શિસ્તબળ, એકતાબળ, ઝનૂનબળ અને ખુદા પોતાના પક્ષમાં છે ને એનો પેગંબર આપણો સેનાપતિ છે એ ભાવનાનું બળ ચડિયાતું હતું. એ જમાનાની રસમ પ્રમાણે દ્વંદ્વયુદ્ધથી લડાઈની શરૂઆત થઈ. એમાં ત્રણે કુરેશી લડવૈયા માર્યા ગયા. મુસ્લિમોએ હર્ષનાદ કર્યો: 'અલ્લાહુ અકબર!' અને પછી તુમુલ યુદ્ધ મચ્યું. સૂરજ કુરેશી લશ્કરની આંખ પર સામેથી જ પોતાનાં કિરણતીર ફેંકતો હતો, ને એમને આંધળા કરી દેતો હતો. એમાં એક જબરદસ્ત વાવાઝોડું પણ એમની તરફ જ વાવા મંડ્યું. મહંમદ સાહેબે પોકાર કર્યો, 'જુઓ જિબ્રાઈલ એનાં દૈવી દળોને લઈને આપણી મદદે ધાયા છે.' મુસ્લિમ ફોજે અવનવું જોર બતાવ્યું અને કુરેશોના સેનાપતિ અબૂજહાલ સમેત કેટલાક મુખ્ય સરદારોને કાપી નાખ્યા. આથી કુરેશો પાછા પડ્યા ને થોડા વખતમાં નાસવા મંડ્યા. અને એમ 'તારા મુસ્લિમોની — શરણાગતોની આ નાનકડી ફોજ મારી ગઈ તો યા ખુદા! પાક દિલથી ને વિમલ વિધિથી તારી બંદગી પછી કોણ કરશે?' એ પેગંબર સાહેબની શરૂઆતની પ્રાર્થના ફળી. મુસ્લિમોનો વિજય થયો. મદીનાની ફોજના ફક્ત ચૌદ જ માણસો માર્યા ગયા, જ્યારે કુરેશોની ફોજના સિત્તેરેક માર્યા ગયા ને સિત્તેરેક કેદ પકડાયા. એમાંના બે જણ જે મક્કામાં મુસ્લિમો પર જુલમ ગુજારવા માટે નામચીન થયેલા હતા, એમનાં શિર ધડથી જુદાં કરવામાં આવ્યાં; પણ બાકીના બધા જોડે મહંમદ સાહેબની ખાસ આજ્ઞાથી એવો સારો વર્તાવ કરવામાં આવ્યો કે એમાંના ઘણા એ પ્રેમથી જિતાઈને જ મુસલમાન બની ગયા.

નિર્ભેળ હારનું આ કલંક ધોવાનો અને વેર લેવાનો કુરેશોએ હવે નિશ્ચય કર્યો. અને આ બદ્રની લડાઈ પછી વરસેક રહીને ઈ. સ. ૬૨૫ની સાલમાં અબૂસુફિયાનની સરદારી નીચે બસેં સવાર અને ૭૦૦ બખ્તરિયા અને બીજાઓ મળીને ત્રણેક હજારના એક જબરદસ્ત લશ્કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદીના પર ચઢાઈ કરી, અને ઉહુદના પર્વતોની પશ્ચિમે જઈને પડાવ નાખ્યો. મહંમદ સાહેબે પ્રથમ તો બચાવમાં રહેવાનો જ વિચાર કર્યો. મદીનામાં પોતાનાં મકાનોના કિલ્લામાં રહીને, અથવા ફાવે ત્યારે ત્યાંની સાંકડી શેરીઓમાં ઊતરી પડીને લડવું સારું ફાવશે એવી કલ્પના હતી. પણ અબૂસુફિયાન મુસ્લિમો મેદાનમાં આવે એમ જ ઇચ્છતો હતો. મહંમદ સાહેબના આગમનથી બની બિજનો આગેવાન અબ્દુલ્લા બિન ઉબ્બી, જે મદીનામાંના મહંમદ સાહેબના ગુપ્ત દુશ્મનોનો આગેવાન હતો, * પણ આ વખતે પોતાના વતનના રક્ષણ માટે ખરેખર ઇંતેજાર હતો, એ પણ એ જ મતનો હતો. પણ મહંમદ સાહેબના ઝનૂની જુવાનો જેમની સંખ્યા હવે ઠીક ઠીક મોટી હતી એમને આમ ભરાઈ રહેવાનું, અને બહાર અબૂસુફિયાન શહેરનાં ઉત્તમ ઉત્તમ ફળઝાડનો નાશ કર્યે જાય ને લીલાં કુંજાર ખેતરોનો કીમતી પાક ભેલાડ્યે રાખે એ મૂગે મોઢે જોઈ રહેવાનું, માથાવાઢ લાગતું હતું. એટલે 'અલ્લા પર અમારો વિશ્વાસ છે! એ આપણને બદ્રની જેમ વિજય જ આપશે! નહિ તો બહાદુરીથી લડતાં ખપી ગયા તો પણ શું? કાયર તો નહિ કહેવાઈએ' એવો આગ્રહ એમણે કરવા માંડ્યો. આથી છેવટે મહંમદ સાહેબે પોતાનો વિચાર ફેરવ્યો ને હજારેક માણસનું જે સૈન્ય એકઠું કરી શકાયું એ લઈને એ મેદાને પડ્યા. પણ ઉહુદને રસ્તે અડધી મજલ કાપી ન કાપી ત્યાં તો અબ્દુલ્લા બિન ઉબ્બીએ આ યોજના મને પસંદ નથી કહી પોતાનાં ૩૦૦ માણસો સાથે પાછી પડઘી મારી. મહંમદ સાહેબે એને જવા દીધો અને ફક્ત ૭૦૦ સૈનિકો સાથે ઉહુદ પહોંચ્યા. પોતાની અલ્પ સંખ્યા વિચારી એમણે પોતાના ચુનંદા તીરંદાજોને એક ટેકરી પર ગોઠવી દીધા અને હુકમ આપ્યો કે ગમે તેમ થાય, મારી આજ્ઞા વિના તમારે તમારું કામ કે સ્થળ છોડવાનું નથી. પણ નીચે રહેલા સૈનિકોનો જરા વિજય થયો ને મક્કાનું લશ્કર પાછું

---

* મહંમદ સાહેબના આગમનથી એ મદીનાનો હાકેમ ચૂંટાતો રહી ગયેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હઠવા માંડ્યું એટલે લૂંટમાં પડેલા મદીનાના લશ્કરીઓને જોઈને અમે રહી જઈશું એમ સમજી એ લોકો ટેકરી છોડી લૂંટમાં ભળવા નીચે દોડ્યા. દુશ્મનો પૈકી ખાલિદ નામનો વિચક્ષણ સરદાર, જે પાછળથી મુસલમાન થતાં ઇસ્લામનો નેપોલિયન અને ખુદાની સમશેર મનાયો, એણે આ ભૂલ જોઈ લીધી. તરત એણે પોતાના ઘોડેસવારોને મારી મૂક્યા. એ આડફેટા થઈને મુસ્લિમ સેનાની પાછળ ફરી વળ્યા ને એમના પર વીજળીની જેમ તૂટી પડ્યા. મુસ્લિમો પોતાની પીઠ પાછળથી આવેલો આ અણધાર્યો હુમલો જોઈને ગભરાયા, ને પાછા હઠતા મક્કાના લશ્કરે આ જોઈને પીછેહઠ છોડી આગળ ધસારો કર્યો. આમ તુમુલ યુદ્ધ મચ્યું. આગળ અને પાછળ એવી બે બાજુની ભીંસમાં પણ મુસ્લિમો બહાદુરીથી લડતા હતા. પણ દુશ્મનો મહંમદ સાહેબ સુધી પહોંચી ગયા. એમનો આગલો એક દાંત પથ્થરના ઘાથી તૂટીને હેઠો પડ્યો. હોઠ તીરથી વીંધાઈ ગયો, ટોપની બે કડીઓ ગાલમાં ખૂંતી ગઈ. ને કપાળ પરના એક કારમા ઘાથી મોં લોહીલુહાણ થઈ ગયું. એ નીચે પડી ગયા. ને મક્કાના એક સૈનિકે પોકાર કર્યો, 'પેગંબર મરાયા!' આ સાંભળીને મુસ્લિમ સૈનિકો પહેલાં તો સડક થઈ ગયા, પણ એ વાત ખોટી છે એવી ખબર પડતાં એમની વહારે ધાયા; અને સખત ઝપાઝપીને અંતે પેગંબર સાહેબને બચાવી લઈને ઉહુદની ટેકરીની પાછળ સલામતી શોધી શક્યા. આ લડાઈમાં ૭૪ મુસ્લિમો માર્યા ગયા, જેમાં હમઝા અને મુસાબ જેવા બે તો પહેલી કોટીના પુરુષો હતા. દુશ્મન આ લડાઈમાં ફાવ્યા પણ એવા થાકી ગયા કે મળેલા વિજયને સંપૂર્ણ ન કરતાં 'બદ્રનું વેર તો વળી ગયું છે. આજની હાર તમને યાદ રહેશે ફરી મળીશું. — વર્ષેક પછી બદ્રમાં ને પૂરો સ્વાદ ચખાડીશું!' એવું કંઈક કહી મક્કા પાછા જતા રહ્યા. સંભવ છે કે મહંમદ સાહેબ નહિ જીવે એવું પણ એમને લાગ્યું હોય.

ઈ. સ. ૬૨૬માં દુકાળ પડ્યો. એટલે મક્કાવાળાઓને પોતાનો પડકાર માંડી વાળવો પડ્યો. પણ ઈ. સ. ૬૨૭માં એમણે દસહજાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસનું લશ્કર સુસજ્જ કરીને મદીના પર ફરી ચડાઈ કરવા ઉપાડયું. આ ગંજાવર લશ્કર સામે મહંમદ સાહેબે આ વખતે રક્ષણાત્મક લડાઈ જ આપવાનો ઠરાવ કર્યો અને તે બધાએ સ્વીકાર્યો. મેસોપોટેમિયાનો એક ખ્રિસ્તી ગુલામ જે હવે મુસલમાન થઈ ગયો હતો, એણે ઈરાનમાં પ્રચલિત પણ અરબસ્તાનમાં અજાણી એવી ખીણ ખોદીને લઢવાની યુક્તિ સૂચવી. એ પ્રમાણે છ દિવસના ટૂંકા ગાળામાં અદ્‌ભુત એકતા ને જાતમહેનતથી મદીનાંના અરક્ષિત વિભાગોની ફરતે એક ઊંડી ખીણ ખોદવામાં આવી. પેગંબર સાહેબ પોતે અલ્લાનું નામ મોટેથી બોલતા બોલતા બધાંની જોડે તગારાં ઊંચકતા અને ઉત્સાહ આપતા. આ ખીણ ખોદાઈ રહી-ના રહી, ત્યાં તો મક્કાના લશ્કરે ધસારો કર્યો. પણ ખીણ આગળ આવતાં જ આ નવી યુક્તિ જોઈને ધસારો અટકી પડયો. એમણે આવું રક્ષણ શોધવા માટે મદીનાવાળાઓને બાયલા કહ્યા અને એમની પર તિરસ્કારનો વરસાદ વરસાવ્યો, અને બને ત્યાંથી ઘૂસવા ઘણાં ફાંફાં માર્યાં. છેવટે એક જગાએ ખીણ પૂરતી પહોળી નહિ કરી શકાયેલી ત્યાં થઈને કેટલાક દુશ્મનો મદીનામાં ઘૂસી પણ ગયા. પણ હઝરત અલી એમની પાછળ ફરી વળ્યા અને એમનો પાછા ફરવાનો માર્ગ કાપી નાખ્યો. આમ એકલા પડી જવાથી એમણે અલીને એક બુઢ્ઢા જોડે દ્વંદ્વમાં રોકવાની યુક્તિ કરી. એ બુઢ્ઢો તો દ્વંદ્વમાં માર્યો ગયો, પણ એ દરમિયાન અલીના સૈનિકોને થાપ આપી દુશ્મનો આવ્યા હતા એ જ માર્ગે નાસી છૂટયા.

બીજે દિવસે વધારે મોટો હુમલો લાવવામાં આવ્યો. એમાં પાંચ મુસલમાનો મરાયા, પણ હુમલાને મારી હઠાવવવામાં આવ્યો. હવે મદીનાના રક્ષકોની ચિંતા એટલી બધી વધી પડી કે એક વખત મહંમદ સાહેબે પોતે મક્કાવાળાઓમાં ભળેલી એક ટોળીને મદીનાના ખજૂરની પેદાશનો ૧/૩ ભાગ આપીને ફોડવાની વાત રજૂ કરી. પણ આટલું બધું ઉત્પન્ન આપી દઈને જીતવું એ બીજાઓને મરવા બરાબર જ લાગ્યું એટલે એ વાત મૂકી દેવાઈ. આમ ત્રણ ત્રણ અઠવાડિયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી મદીનાનો ઘેરો લંબાયો. પણ મદીનાવાળાઓએ નમતું ના જોખ્યું. તેઓ ખડકના જેવા અડગ રહ્યા. આમ છતાં મદીનામાં, દબાતો ચંપાયો બેસી રહેલો ને ઉપર ઉપરથી મહંમદ સાહેબને ટેકો આપતો, એક દંભી નાગરિકોનો વર્ગ હતો જ. બીજું, બની કોરૈઝા નામના યહૂદીઓ, જેઓ કરાર પ્રમાણે મહંમદ સાહેબ સાથે કોઈ પણ દુશ્મન સામે મદીનાનું રક્ષણ કરવા બંધાયેલા હતા, એ ફૂટી ગયા હતા અને દુશ્મનો ભેગા ભળી ગયા હતા. આમ પરિસ્થિતિ ગંભીર હતી. એટલામાં કુદરત મહંમદ સાહેબની વહારે ધાઈ. મક્કાવાળા લશ્કરનાં ઘોડાં રોગથી મરવા માંડ્યાં, અને એમની અને એમના મિત્રોની વચ્ચે મતભેદો ઊભા થયા. મહંમદ સાહેબે એક કુશળ સેનાપતિ તરીકે આ મતભેદોને બનતી બધી રીતે પોષણ આપ્યું; અને એક એવી બાજી ગોઠવી કે જેથી મક્કાવાળાઓને એવી ખાતરી થઈ ગઈ કે મુસ્લિમોની પીઠ પાછળથી હુમલો લાવવા માટે એઓ જે બની કોરૈઝો પર આધાર રાખતા હતા, એઓ જ ફૂટલા છે. આમ મક્કાના મિત્રદળમાં ફાટફૂટ પડી ને ઘેરો ઉઠાવી લેવાનો એઓ વિચાર કરવા લાગ્યા. એટલામાં વળી બીજી આફત આવી. એ એક જબરદસ્ત વંટોળિયાની હતી. એ વંટોળિયાને લીધે એમના તંબૂઓ ઊંધા વળી ગયા, વાસણકૂસણ વગેરે બધો સામાન ઊડી ઊડીને નાસવા લાગ્યો! દીવા બધા ઓલવાઈ ગયા ને જ્યાં ત્યાં એવો ભયંકર અંધકાર વ્યાપ્યો કે મક્કાવાળું લશ્કર એ જ રાતે એકા-એક ઘર ભણી ચાલતું થયું અને 'ખીણની લડાઈમાં' મહંમદ સાહેબની પેગંબરી વાણી પ્રમાણે અલ્લાએ પોતે મદદ કરીને મુસ્લિમોને વિજય આપ્યો!

આ લડાઈ આમ પૂરી થઈ ચૂકયા પછી મહંમદ સાહેબે ખરી વેળાએ દગો દેનાર બની કોરૈઝો તરફ ધ્યાન ફેરવ્યું. પચીસ દિવસના ઘેરાને અંતે એ લોકો શરણે આવ્યા. બની ઓસ નામક ટોળીના લોકોએ એમની મહંમદ સાહેબ આગળ વકીલાત કરી, અને એમનો ન્યાય એક બની ઓસ જ કરે એવું માગી લીધું. મહંમદ સાહેબે એમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગણી મંજૂર કરી ને સાદ બિનમુઆઝ નામના બની ઓસને સૌની સંમતિથી એ યહૂદીઓનો ઇન્સાફ કરવાનું સોંપાયું. એણે એમને દેશદ્રોહના આરોપસર ગુનેગાર ઠરાવ્યા; અને એમના જ ધર્મપુસ્તકમાંથી આ ગુના માટે શી શિક્ષા કહેલી છે તે વાંચી બતાવી. એ પ્રમાણે પુખ્ત ઉમ્મરના એકેએક પુરુષને દેહાંતદંડ દેવાની અને સ્ત્રીઓ તથા બાળકોને મુસ્લિમોને ઘેર ગુલામ થઈને રહેવાની ક્રૂર સજા ફરમાવવામાં આવી. એનો પૂરેપૂરો અમલ કરવામાં આવ્યો અને ત્યારથી મદીનામાં અને એની નજીકના આજુબાજુના પ્રદેશમાં એવી ધાક બેસી ગઈ કે રાજકીય કે ધાર્મિક વિરોધ માત્રની ત્યાંથી જડ નીકળી ગઈ!

આની અગાઉ યહૂદીઓની દુશ્મનાવટ કયારનીય પ્રગટ થઈ ચૂકી હતી. અને છેવટે દૂધ વેચવા ગયેલી એક મુસ્લિમ કુમારિકાની કરવામાં આવેલી મશ્કરીને કારણે મદીનાના યહૂદીઓ અને મુસ્લિમો વચ્ચે ભારે તોફાન થયું હતું. પરિણામે મદીનાના યહૂદીઓને મજકૂર લત્તો ખાલી કરી દેશવટો લેવો પડ્યો હતો. બની નઝીર નામની બીજી એક યહૂદી ટોળીના માણસોએ ઉહૂદની લડાઈ પછી મહંમદ સાહેબ અને એમના કેટલાક અનુયાયીઓને ખાણા માટે નોતરીને ઉપરથી ઘંટીનું પડિયું ગબડાવી દઈ મહંમદસાહેબના જાન લેવાનું કાવતરું રચ્યું હતું. આથી એમના પર ઘેરો ઘાલી મહંમદ સાહેબે એમને શરણે આવવાની ફરજ પાડી હતી. પરંતુ વિજય પછી ઉદારતા દર્શાવી એઓ ત્યાંથી પોતાની મેળે દેશવટે ચાલ્યા જાય એ શરતે વધુ કડક પગલાં નહોતાં લીધાં. એમ કહેવાય છે કે બની કોરૈઝાએ મહંમદ સાહેબની મુન્સફી પર એમનો ઇન્સાફ છોડ્યો હોત, તો આટલી અઘોર શિક્ષા એમને ન જ વેઠવી પડત.

[૯]

મક્કાથી હિજરત કર્યાને અત્યાર સુધીમાં છ છ વર્ષનાં વહાણાં વાઈ ગયાં હતાં. અરબસ્તાનના બીજા બધા લોકો ચારે બાજુથી દર વર્ષે મક્કાની જાત્રાએ જતા ને આવતા હતા; ફક્ત મુસલમાનો જ નહોતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતા આવતા. એમને આ ખૂંચતું હતું. કોને ન ખૂંચે? એમનું તો એ વતન હતું! કેટલામનાં સગાંવહાલાં ને કેટલાંયનાં તો બૈરીછોકરાં પણ હજી ત્યાં હતાં. એવામાં એક દિવસ મહંમદ સાહેબને સ્વપ્નું આવ્યું કે પોતે પોતાના અનુયાયીઓ સાથે મક્કામાં પ્રવેશ કર્યો, અને કાબાની સાત વાર પ્રદક્ષિણા કરી હજની બધી વિધિઓ પૂરી કરી! આ સ્વપ્નાની વાત એમણે જ્યારે પોતાના અનુયાયીઓને કહી ત્યારે વર્ષોની દબાઈ રહેલી ઇચ્છા અનેકગણા જોશથી ઊછળી આવી અને વાતાવરણમાં 'હજ! હજ!' થઈ રહ્યું. પૂર્ણ વિચારને અંતે આથી મહંમદ સાહેબે જિલકાદ મહિનામાં ગમેતેમ થાય પણ હાજીઓનો સંઘ કાઢવાનું નક્કી કર્યું. એ મહિનામાં આખા અરબસ્તાનમાં યુદ્ધ કરવાની મનાઈ હતી. એમણે નક્કી કર્યું કે હજ કે ઉમ્રા જે કરવું તે એની રીતે જ — પૂર્ણ પાકદિલીથી બધી દુશ્મનાવટ ભૂલી જઈને, અને લડાઈ કર્યા વગર જ. ૧૪૦૦ માણસ એમના સંઘમાં નીકળવા તૈયાર થયું. બધાંએ જાત્રાના લીલા ઝભ્ભા પહેરી લીધા. મ્યાનમાં નાખેલી એકેક તલવાર જે એ જમાનામાં દરેક મુસાફર રાખતા એ સિવાય એક પણ હથિયાર કોઈએ સાથે રાખવું નહિ એવો મહંમદ સાહેબે ખાસ હુકમ કર્યો. આગળ ભોગ ધરાવવા માટે શણગારીને લીધેલાં સિત્તરેક ઊંટ, એની પાછળ સાંઢણી અલકિસ્વા પર સવાર થયેલા પેગંબર સાહેબ, અને પાછળ એમના અનુયાયી જાત્રાળુઓ એમ સંઘ ઊપડ્યો. મક્કાના રહેવાસીઓને આની ખબર પડી ત્યારે એમણે ઠરાવ્યું કે, રિવાજ ગમે તે હોય, આપણા આ કટ્ટા દુશ્મનોને મક્કામાં ના જ પેસવા દેવા! એમણે ફોજ તૈયાર કરી. મક્કાથી કેટલેક અંતરે સામે જઈને આ ફોજ, હાલની ભાષામાં આ સત્યાગ્રહી ભક્તોનો માર્ગ રોકીને ઊભી. મહંમદ સાહેબે માર્ગ બદલ્યો ને આડફેટે રસ્તે, ઘણી તકલીફો વેઠીને પોતાના સંઘને મક્કાની પવિત્ર મનાતી સરહદ પર આવેલા હુદૈબિયા નામક એક મેદાનમાં પહોંચાડી ત્યાં પડાવ નાખ્યો; ને શાંતિપૂર્વક મક્કામાં પ્રવેશ સાધવા કુરેશો જોડે વાટાઘાટો શરૂ કરી. પુરેપુરી ખાતરી આપવામાં આવી કે

गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાત્રા સિવાય મુસ્લિમોની બીજી કોઈ મુરાદ નથી. પણ મક્કાવાસીઓ મુસ્લિમોને કોઈ પણ હિસાબે ત્યાં પેસવા દેવા તૈયાર જ નથી એમ જણાતાં, મહંમદ સાહેબે નમતું જોખ્યું; ને લાંબી વાટાઘાટોને અંતે કુરેશોના પ્રતિનિધિ સુહેલ જોડે નીચેના કરારો પર સહી કરી:—

(૧) દસ વર્ષ કુરેશો અને મુસ્લિમો વચ્ચેની લડાઈ બંધ રાખવી.

(૨) દરમિયાન બંને પક્ષ પૈકી દેશની વસ્તીમાંથી જેની જોડે જેમને કરારો કરવા હોય વા જોડાવું હોય તેમને તેમ કરવાની છૂટ રહેશે.

(૩) એમ છતાં, પોતાના વાલીની પરવાનગી સિવાય કુરેશોમાંથી કોઈ મુસ્લિમો પાસે જાય, તો તેને એમણે એના વાલી પાસે પાછો મોકલવો; પણ મુસ્લિમો પૈકી કોઈ કુરેશો પાસે જાય, તો તેને એ પ્રમાણે પાછો મોકલવાની ફરજ નહિ પડાય.

(૪) આ વખતે મુસ્લિમોએ ઉમ્રા (નાની જાત્રા પણ) કર્યા વિના જ પાછા જવું ને આવતે વર્ષે આવી જ રીતે નિઃશસ્ત્ર થઈને આવવું. ત્રણ દિવસ એમને મક્કામાં રહેવા દેવામાં આવશે.

આ કરારની શાહી હજી તો સુકાઈ નહોતી ત્યાં તો એ જ સુહેલનો દીકરો, જે ક્યારનોય મુસલમાન થઈ ગયો હતો પણ બાપના પંજામાંથી છટકી શકતો નહોતો, એ આવ્યો ને મહંમદ સાહેબને પગે પડી વીનવવા લાગ્યો, 'મને આપની જોડે લઈ જાઓ!' પણ એમણે એને આશ્વાસન આપી બાપની જોડે જ જવા ફરમાવ્યું ને પોતે કેવી કડક રીતે કરારોનું પાલન કરવા ઇચ્છે છે એની પ્રત્યક્ષ ખાતરી આપી. મુસ્લિમોમાં આ કરારો સામે ભારે કચવાટ હતો; પણ એમણે એમને સમજાવી લીધા, અને આખો સંઘ જાત્રા કર્યા વિના જ પાછો આવ્યો.

આ દેખીતી પીછેહઠમાંથી મહંમદ સાહેબે જબરો વિજય ઊભો કર્યો. આજુબાજુની વસ્તી જોડે પરસ્પર મદદના કરારો કર્યા; અને ચારેકોર પ્રચારક ટુકડીઓ મોકલી પોતાના અનુયાયીઓની સંખ્યા એમણે બેવડી, અથવા તો, એનાથી પણ જરા વધારે મોટી કરી દીધી. અને બીજે વર્ષે મળેલી છૂટ પ્રમાણે, ૨૦૦૦ મુસ્લિમોનો કાફલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ એમણે છૂટથી જાત્રા કરી. અથડામણ ટાળવા કુરેશો એ દિવસો દરમિયાન મક્કા ખાલી કરી શહેર બહાર તંબૂઓમાં રહેવા ગયા. મુસ્લિમો કેવી રીતે હજ અને ઉમ્રા કરે છે એ જોવા કુરેશોનાં ટોળે ટોળાં પર્વતોની ટેકરીઓ પર જમા થયાં. મૂર્તિઓના કટ્ટર વિરોધી હોવા છતાં મુસ્લિમોએ એક પણ મૂર્તિનું અપમાન ન કર્યું, અને સંપૂર્ણ શિસ્ત તથા શાંતિથી બધી વિધિઓ પૂરી કરી. જે આદર્શ ભક્તિ અને પવિત્ર બુદ્ધિથી એમણે હજ કરી અને નમાઝ પઢી એની પ્રેક્ષકો પર ભારે અસર થઈ. ખાલિદ (ઇસ્લામનો નેપોલિયન), અમરૂલ આસ (ઇસ્લામનો ચાણક્ય) અને ઉસ્માન બિન તલ્હા (કાબાનો મુહાફિઝ) એ ત્રણ પ્રસિદ્ધ કુરેશો આ સમયે મુસલમાન થયા; અને મક્કાના કુરેશોમાં એવું ગાબડું પડ્યું કે જેથી બે વર્ષ પછી, જ્યારે મહંમદ સાહેબે કુરેશોને નામે ચઢેલા કરારભંગોને કારણે દશહજારની ફોજ લઈને મક્કા પર વીજળીક છાપો માર્યો; અને સરદાર અબૂસુફિયાન, કેદ પકડાયા પછી મુસલમાન થયો અને 'બારણાં બંધ કરી દો! મહંમદ આવે છે! બારણાં બંધ કરીને જે બેસી જશે, મારે શરણે આવશે કે કાબામાં ભરાઈ જશે, એ સલામત છે!' એવો પોકાર કરતો મક્કામાં પાછો આવ્યો; ને પછી મહંમદ સાહેબ પોતાના લશ્કર સાથે વિજય-પ્રવેશ કરી મક્કાના સ્વામી થયા; ત્યારે કુરેશોના આખા કબીલાના કબીલા રાજીખુશીથી મુસલમાન થઈ ગયા! મહંમદ સાહેબનો, ખુદાના આખરી પેગંબરનો અને અરબસ્તાનના રાષ્ટ્રપિતાનો લોહીનું લગભગ એક પણ ટીપું રેડ્યા વિના, આ એવો વિજય થયો કે જેની ઇતિહાસમાં જોડી નથી! 'લોહીનું લગભગ એક પણ ટીપું રેડ્યા વિના' એમ કહ્યું છે; કારણ કે જુદી જુદી બાજુથી મુસ્લિમ લશ્કરનો મક્કાનો આ વિજયપ્રવેશ ગોઠવવામાં આવ્યો હતો એમાં જે બાજુ મુસ્લિમોના કટ્ટર દુશ્મનો રહેતા હતા તે બાજુના લશ્કરની સરદારી ઇસ્લામના નેપોલિયન સમા ખાલિદના હાથમાં હતી, ને એના લશ્કરી પ્રવેશ સામે જ્યારે કેટલાક કટ્ટર દુશ્મનોએ તીર છોડ્યાં ત્યારે, મહંમદ સાહેબની સખત મનાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિસારી દઈને, ખાલિદે બચાવમાં તલવાર ચલાવીને કેટલાકને કાપી નાખ્યા હતા. પણ એટલામાં મહંમદ સાહેબ ત્યાં પહોંચી ગયા હતા ને કતલ બંધ કરી વાતાવરણ શાંત કરી દીધું હતું.

મક્કાનો કબજો લીધા પછી પેગંબર સાહેબે સામાન્ય રીતે, બધા જ કુરેશો અને મક્કાવાસીઓને જ નહિ, પણ મુસ્લિમોના કટ્ટરમાં કટ્ટર શત્રુઓને પણ માફી આપી હતી; અને મક્કાવાસીઓ પર એવી પ્રેમ-વર્ષા કરી હતી કે ત્યાંના મોટા ભાગના લોકો આપોઆપ મુસલમાન થઈ ગયા. જે ન થયા એઓ મુસ્લિમોના મિત્ર તો બની જ ગયા. કાબામાં આવેલી ત્રણસો સાઠ મૂર્તિઓને અંધારયુગના આરબોએ દૈવીપદે બેસાડી હતી તે બધીને પેગંબર સાહેબે જાતે જઈ ને ગબડાવી પાડી તેમ જ ગબડાવી પડાવી; અને ઇસ્લામના આદર્શ પ્રમાણે કાબાની મસ્જિદને નિરંજન નિરાકાર અલ્લાની બંદગીનું પાક મુસ્લિમ બંદગી-ઘર બનાવી દીધું.

[૧૦]

હવે સવાલ થયો કે પેગંબર સાહેબે મદીનામાં જ રહેવું, કે મક્કાને પોતાનું પાયતખ્ત બનાવી મક્કામાં જ રહેવું? પેગંબર સાહેબ મદીના-વાસીઓને આપેલા કોલને જ વળગી રહ્યા, અને મક્કાની હિફાજત માટે પોતાનો નવો હાકેમ નીમીને થોડા દિવસ રહી ઈ. સ. ૬૩૦માં પોતાના સોબતીઓ સાથે મદીના ચાલ્યા ગયા.

ત્યાર પછી બે વર્ષ સુધી મહંમદ સાહેબે મક્કામાં પગ મૂકયો નથી. ઈ. સ. ૬૩૧માં જ્યારે મક્કાની વાર્ષિક જાત્રાનો વખત થયો ત્યારે હજી ત્યાં બિનમુસ્લિમ યાત્રાળુઓ તરફથી જે અશુદ્ધ વિધિઓ — જેવી કે, કાબાની નગ્ન પ્રદક્ષણા વગેરે ચાલતી હતી, તેને લીધે એમણે ત્યાં જવાની ના પાડી હતી. આથી અબુબક્રની સરદારી નીચે ફક્ત ત્રણસો એક મુસલમાનો જ એ વર્ષે જાત્રાએ ગયા હતા. આ અરસામાં જે આયતો ઊતરી તેનું ત્યાં જઈને જાહેર વાચન કરવા અને ઉપર્યુક્ત અશુદ્ધિઓ બંધ કરવાનો સંદેશો આપવા હજરત અલીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ ફરમાનથી સાથે મોકલવામાં આવ્યા હતા. ત્યારથી બિનમુસ્લિમો માટે કાબાની જાત્રાનો પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો, અને કુરાને શરીફમાં મંજૂર કરેલી શુદ્ધ ઇસ્લામી વિધિઓ સિવાય બધી જૂની વિધિઓ બંધ થઈ ગઈ. આથી બીજે વર્ષે જ્યારે વખત થયો ત્યારે, અર્થાત્ હિજરી દસમી સાલમાં મહંમદ સાહેબની પોતાની સરદારી નીચે મદીનાથી યાત્રાળુઓની એક ગંજાવર સંખ્યા* મક્કાની જાત્રાએ ગઈ. આ એમની છેલ્લી જાત્રા યાને 'હજ્જતુલ્વિદા' કહેવાય; કારણ ત્યાંથી પાછા ફર્યાં પછી થોડો વખત રહીને એમની તબિયત બગડી.

મદીનાની ઉત્તરે સોએક માઈલ પર આવેલ ખૈબર યહૂદીઓનો મોટો ગઢ હતો. શરૂઆતની ટૂંક સારાસારી પછી યહૂદીઓ મુસ્લિમોના મિત્ર રહ્યા નહોતા એ આગળ બતાવાયું છે. હુદૈબિયાના કરાર પ્રમાણે મુસ્લિમો મક્કાથી પાછા ફર્યાં ત્યારે તેઓ હાર્યા છે, ને નબળા પડ્યા છે એમ માની, મદીનાથી દેશનિકાલ થયેલા યહૂદીઓએ ત્યાંના રહીશોને ઉશ્કેરીને મુસ્લિમો સામે પગલાં લેવાની પેરવી કરવા માંડી હતી. એ ખબર મળતાં ૧૪૦૦ પ્યાદા અને ૨૦૦ ઘોડેસ્વારનું લશ્કર લઈને મહંમદ સાહેબે એમના પર તરત જ ચડાઈ કરેલી અને એમને હાર આપેલી. તે વખતે જૈનબ નામની એક યહૂદણે મહંમદ સાહેબને ઝેર આપેલું. પહેલે જ કોળિયે એની ખબર પડી જવાથી મહંમદ સાહેબ ત્યારે તો બચી ગયેલા; પણ એ ઝેરની માઠી અસરો એમને છેક સુધી નડ્યા જ કરતી હતી. એમાં તાવ લાગુ પડ્યો અને ૧૨મી રબીઉલઅવ્વલ હિજરી ૧૧ અર્થાત્ ઈ. સ. ૬૩૨ની ૧૨મી જૂનને રોજ એમણે દેહ છોડી પોતાના સરજનહાર પાસે પાછા જવાનો રાજમાર્ગ ગ્રહણ કર્યો.

---

* આ સંખ્યાના ૪૦,૦૦૦થી માંડીને ૧,૭૦,૦૦૦ સુધીના જુદા જુદા અંદાજ જુદા જુદા લેખકો આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

અબુબક્ર અસ્સિદ્દિક

'બેવકૂફ લોકો ધારે છે કે પયગંબર ગુજરી ગયા છે. હું ખુદાના કસમથી કહું છું કે એ ગુજરી ગયા નથી, પરંતુ ઈસુની જેમ એ સ્વર્ગની સફરે ગયા છે ને થોડા જ વખતમાં પાછા આવશે. એ ગુજરી ગયા છે એમ કહેનારના હાથપગ હું કાપી નાખીશ! મારી હાજરીમાં જે એવો હરફ કાઢશે એનું માથું હું ધડથી જુદું કરીશ!'—ઉઘાડી તલવારે ઊભેલા હજરત ઉમર બોલ્યા.

કાળજું વીંધી નાંખે એવા આ સમાચાર મળતાં અબુબક્ર પેગંબર સાહેબની મરણ-પથારી આગળ આવી પહોંચ્યા. ને પથારીમાં હવે મડદું જ પડયું રહ્યું છે એની ખાતરી થતાં, એમણે પોતાના ગુરુવર્યના એ મૃતદેહને ચુંબન કર્યું ને બોલ્યા: 'જીવનમાં ને મરણમાં તમારી મધુરતા તો એ ને એ જ છે.'

પછી ખંડ બહાર આવીને ઉમરને એમણે બેસી જવા ને શાંત થવા કહ્યું. પણ એ ન બેઠા. લોકોનું ટોળું ઉમરને છોડી અબુબક્રને ફરી વળ્યું. અબુબક્ર બોલ્યા:

'જેઓ મહંમદને ભજે છે તેમને હું કહું છું કે મહંમદ ગુજરી ગયા છે. પણ જેઓ ખુદાને ભજે છે તેમને હું કહું છું કે ખુદા જીવે છે અને અમર છે. . . . અને મહંમદ કોણ હતા? ખુદાના પેગંબર સિવાય વધુ કશું જ નહિ! એમની પૂર્વે બીજા પેગંબરો આવ્યા છે ને ગયા છે. મહંમદ મરણના કુદરતી માર્ગે સિધાવે એથી શું તમે પાછા પથ્થર પૂજતા થઈ જશો? કોઈ જો એમ કરશે તો યાદ રાખજો કે, ખુદાને એ જરા પણ ઈજા પહોંચાડી શકવાનો નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શબ્દોની ભારે અસર થઈ ને લોકો શાંત પડ્યા. આટલું કહીને સત્યવાન અબુબક્ર (અસ્સિદ્દિકનો અર્થ સત્યવાન જ છે) મદીના ગયા, ત્યાંના મૂળ વતનીઓ મહમદની જગાએ કોને રાજસત્તા પર નીમવો એની ભાંજગડમાં પડ્યા હતા. મદીનાના લોકોને થયું હતું કે, 'મહંમદ સાહેબ અને એમના હિજરતીઓને તો આપણે રક્ષણ આપેલું. આપણા શહેરમાં હવે હિજરતીઓ શેના રાજ્ય કરે? મહંમદ સાહેબની વાત જુદી હતી.' પણ એ લોકોમાં પક્ષ હતા એટલે અંદર અંદર સત્તા માટે તકરાર થઈ, ને એ વખતે દાખવેલા વાણી ને બુદ્ધિના કૌશલ્યને પરિણામે અબુબક્રને જ બધી સત્તા આપી ખલીફ઼ ચૂંટવામાં આવ્યા.

એમનો જન્મ ઈ. સ. ૫૮૩માં મક્કામાં થયેલો. જાતે એ કુરેશ ખાનદાનના હતા. સગાઈની દૃષ્ટિએ તે મહમદ સાહેબના સસરા હતા. પેગંબર સાહેબના જીવન દરમિયાન એમના મોંમાંથી જે વાત નીકળતી તેની સત્યતા પુરવાર કરનારાઓ ને સ્વીકારનારાઓમાં તે સૌથી મોખરે હતા. મુસલમાન થયા પહેલાં પણ એ દારૂને અડતા નહિ ને મૂર્તિપૂજા કરતા નહિ. વાત એમ બનેલી કે, એક દિવસ એમના પિતા એમને મૂર્તિ આગળ લઈ ગયા ને દંડવત કરવા કહ્યું. એમણે દંડવત કર્યા, પણ પિતાની પૂંઠ થઈ એટલે એમણે મૂર્તિને કહ્યું, 'હું ભૂખ્યો છું, મને ખાવાનું આપ.' પણ કંઈ જવાબ ન મળ્યો. પછી એમણે કહ્યું, 'હું નાગો છું, મને પહેરવાનું આપ' પણ એનો પણ કાંઈ જવાબ ન મળ્યો. આથી એ ચિડાયા ને મૂર્તિ પર પથ્થર ફેંકી ચાલતા થયા.

ધંધે એ મોટા વેપારી હતા. દેશભરમાં — યમનથી સીરિયા સુધી — એમનો વેપાર ચાલતો હતો ને આવક પણ એટલી જ સારી હતી. એ મુસલમાન થયા ત્યારે એમની પાસે ૪૦,૦૦૦ દિરહમ હતા, એટલે લગભગ ૮,૦૦૦ રૂપિયાના તે માલિક હતા. ઇસ્લામની સેવામાં એમણે એટલા ઉદાર હાથે ખર્ચ કર્યું હતું કે હિજરત વખતે એમની પાસે એમાંના ફક્ત હજારેક રૂપિયા જ બાકી હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખતે પેગંબર સાહેબે ઇસ્લામીઓને પીડનાર પર ચડાઈ કરવા માટે અનુયાયીઓ પાસે નાણાં માગ્યાં, ત્યારે હજરત ઉમરે પોતાની અધીં દોલત આપી દીધી, ને ધાર્યું કે આજે હું અબુબક્ર કરતાં ચડી જઈશ; પણ પછી એમને ખબર પડી કે, અબુબક્ર તો પોતાનું સર્વસ્વ આપી ચૂકયા હતા !

મદીનાના એક પરામાં રહેતી એક ગરીબ આંધળી ડોસીની સેવા કરવા હજરત ઉમર રોજ રાતે ત્યાં જતા. એક દિવસ એમને જણાયું કે, આજ તો મારા પહેલાં કોઈ આવીને એની સેવાચાકરી કરી ગયું છે ને જોઈતું બધું સાધન પહોંચાડી ગયું છે ! આ નવો ને મારાથી પણ પહેલો પહોંચી જનાર સેવક વળી કોણ છે એ જાણવા બીજે દિવસે એ બહુ વહેલા આવીને તપાસ રાખવા લાગ્યા. થોડી જ વારમાં જોયું તો એ બીજું કોઈ નહિ પણ ખલીફ અબુબક્ર પોતે હતા !

ધર્મબદલો કરનાર પર એ જમાનામાં ભારે જુલમો ગુજરતા. તેમાં ગુલામો ધર્મ બદલે તો તો પછી પૂછવું જ શું ? એમને તો જીવવું જ ભારે પડી જાય. અબુબક્ર આવા ગુલામોને ખરીદી લેતા ને જુલમમાંથી છોડાવતા.

એક દિવસ પેગંબર સાહેબે સવારની નમાજ પછી એકત્ર થયેલા સાથીઓને સવાલ કર્યો, 'આજે કોણે ભૂખ્યાંને અન્ન આપ્યું છે ને નાગાંને વસ્ત્ર આપ્યાં છે ? આજે કોણે માંદાંની બરદાસ કરી છે ?' આખા મંડળમાં આ ત્રણે સવાલના જવાબમાં હા કહી શકનાર માત્ર અબુબક્ર જ હતા !

ખલીફ થયા પછી પણ દીનદુઃખિયાંની દાઝ જાણનાર આ પુરુષના જીવનમાં કે વર્તનમાં કાંઈ ફરક પડ્યો હોય તો તે એ જ કે, પોતાના હોદ્દાના અભિમાનમાં પોતે કોઈને અન્યાય ન કરી બેસે, બલ્કે એક પણ બિનજરૂરી કઠોર શબ્દથી કોઈનું દિલ ન દૂભવે, એ માટે એ વિશેષ કાળજી રાખતા. ચર્ચાના વેગમાં એક દિવસ એક જણને એમણે એકાદ વધારે પડતું વેણ કહી દીધેલું તે બદલ એમણે તરત એની માફી માગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધી એટલું જ નહિ, એને જવાબમાં જે સામાં વેણ મારવાં હોય તે મારવા દીધેલાં.

એમની સાદગીનો પાર નહોતો. ખલીફ હોવા છતાં એ એક સામાન્ય માણસ તરીકે જ રહેતા. આડોશપાડોશમાં બકરીઓ દોહતી છોડીઓને દોહવામાં પણ એ મદદ કરતા. એ સાદો પોશાક પહેરતા, સાદો ખોરાક ખાતા ને સાદા ઘરમાં જ રહેતા. બારણે એક ચોકીદાર રાખવા સરખો સત્તાનો દેખાવ પણ એ રાખતા નહિ. સીરિયા પર ચડાઈ કરવા લશ્કર લઈને જતા એક સેનાપતિને વિદાય આપવા ગયા ત્યારે સેનાપતિ ઘોડા પર સવાર થયેલો હતો, પણ તે પોતે એની જોડે પગપાળા જ જતા હતા. સેનાપતિએ કાં તો ઘોડા પર સવારી કરવા, કાં તો પોતાને ઘોડા પરથી ઊતરી જઈ પગપાળા ચાલવા દેવા બહુ બહુ વિનંતી કરી, પણ એમણે એક પણ ન સાંભળી. ઊલટું એ બોલ્યા, 'હું અલ્લાના રાહમાં જ ચાલું છું.'

તે બહુ વિદ્વાન હતા. આખું કુરાન એમને મોઢે હતું. નિમાજ વખતે ઇમામનું કામ પેગંબર સાહેબ એમને આપતા. વક્તૃત્વની શક્તિ એમની ભારે હતી. એમનાં પ્રવચનો શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દેતાં. અરબસ્તાનની જુદી જુદી ટોળીઓ ને વંશોના પૂર્વકાલીન ઇતિહાસનું પણ એ ભારે જ્ઞાન ધરાવતા ને ઘણી વાર ન્યાય તોળવામાં એમને એ બહુ ઉપયોગી નીવડતું. સ્વપ્નોનો અર્થ સ્પષ્ટ કરવાની પણ એ ખાસ કુશળતા ધરાવતા.

એક બાજુ એ ફૂલના જેવા કોમળ હૃદયવાળા દયાળુ પુરુષ હતા, તેવા જ ફરજ બજાવવામાં વજ્રથી પણ કઠોર, દઢ ને બહાદુર હતા. ઇસ્લામની પહેલી લડાઈમાં પેગંબર સાહેબ પર દુશ્મને જ્યારે હુમલો કરેલો, ત્યારે એમણે ભારે બહાદુરીથી ને કુશળતાથી એમના અંગરક્ષક તરીકે કામ કરેલું.

પેગંબર સાહેબના અવસાન પછી રાજસત્તાની લગામ એમણે જ્યારે હાથમાં લીધી, ત્યારે ચોપાસ બંડ ફાટી નીકળ્યાં હતાં. 'બાવો નાચ્યો એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોદલી નાખી', એ ન્યાયે કેટલાય હોશિયાર માણસોએ પોતે પેગંબરપણાના ઢોંગ આદર્યાં હતા, ને નવા નવા ચેલા મૂંડવા માંડ્યા હતા. અબુબક્રે ધર્મ અને રાજ્ય સામેનાં આ એવડાં બંડ ભારે હિમ્મતથી દાબી દીધાં. એક લેખકે આનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે, અબુબક્રે જે દૃઢતા ને શાણપણ આ બંડો બેસાડી દેવામાં દાખવ્યાં, એ ન દાખવ્યાં હોત તો ઇસ્લામ પોતાના બચપણમાં જ નામશેષ થઈ જાત.

અઢી વર્ષની ટૂંકી પણ ઉજ્જવળ કારકિર્દી પછી એક સાધારણ માંદગીમાં જ એમણે દેહત્યાગ કર્યો.

૪

હજરત ઉમર

ઇસ્લામના બીજા ખલીફ હજરત ઉમર ઈ. સ. ૫૮૨માં જન્મ્યા હતા. અને ૫૨ વર્ષની ઉંમરે એટલે ઈ. સ. ૬૩૪ની સાલમાં અબુબક્ર પછી તે ગાદીએ આવ્યા. મુસલમાન થયા પહેલાં એ ઇસ્લામના કટ્ટા શત્રુ હતા. જે કોઈ મુસલમાન થાય એના પર, ઇસ્લામનો ત્યાગ કરાવવા, એ ભારે જુલમ કરતા; પણ જુલમથી તો ઇસ્લામીઓ ઇસ્લામને ઊલટા એવડા જોરથી વળગી રહેતા. આથી એક વખત એમને એવો વિચાર આવ્યો કે, 'આમ ઇસ્લામ સ્વીકારનારાઓ પર જુલમ ગુજારવાથી ક્યારે પાર આવશે? ખુદ પેગંબરને જ પૂરા કરવા દે ને! મૂળ પર ઘા કરીશ એટલે ડાળપાંદડાં એની મેળે મરી જશે.'

એટલે એક દહાડો હજરત મહંમદનું ખૂન કરવાનો નિશ્ચય કરીને એ એમની શોધમાં નીકળી પડ્યા. ત્યાં રસ્તામાં એક જણ મળ્યો તેણે કહ્યું, 'ભલા માણસ, તારા ઘરમાં જ હોળી સળગી છે તે ઓલવ ને! તારાં બહેનબનેવી મુસલમાન થયાં છે તેમને તો તારાથી કાંઈ થતું નથી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી એ તરત બહેનના ઘર તરફ વળ્યા. ત્યાં પહોંચ્યા ત્યારે બહેન કુરાને શરીફનો પાઠ કરતી હતી. ત્યાં પહોંચતાં વેંત એમણે બહેન-બનેવી બંનેને ઇસ્લામ સ્વીકારવા માટે કંઈ કંઈ કહી નાખ્યું; ને એથી સંતોષ ન થયો એટલે બનેવી ઉપર એ તૂટી પડ્યા! બહેન તેમાં વચ્ચે પડી, એથી એને વાગ્યું ને એ લોહીલુહાણ થઈ ગઈ! એની, તથા બહેને જે જુસ્સાથી ઇસ્લામ વિષેની પોતાની શ્રદ્ધા પોકારીને ગમે તે ભોગે એને વળગી રહેવાનો નિશ્ચય બતાવ્યો તેની એમના પર ભારે અસર થઈ. એ બોલ્યા, ‘ ઠીક, તું શું વાંચતી હતી? વાંચ જોઉં.’

જ્યાંથી અધૂરો મૂક્યો હતો ત્યાંથી બહેને પાઠ આગળ શરૂ કર્યો. એના શબ્દેશબ્દ એમના મનમાં સોંસરા પડ્યા. એ ત્યાંથી ચાલ્યા ને સીધા પેગંબર સાહેબ પાસે જઈને મુસલમાન થયા! આમ પેગંબર સાહેબની વર્ષોની પ્રાર્થના ફળી.

ઇસ્લામમાં એમના આગમન પછી મુસલમાનોમાં નવું જોર ને નવી હિંમત આવ્યાં. અત્યાર સુધી ખાનગીમાં પઢાતી નમાઝ હવેથી કાબામાં જઈને મુસલમાનો જાહેરમાં પઢવા લાગ્યા.

હજરત ઉમરના ખલીફ તરીકેના શાસનમાં ઇસ્લામનો અને આરબ સામ્રાજ્યનો ખૂબ વિસ્તાર થયો. રોમનોને હરાવીને પાછા પાડવામાં આવ્યા; ને ઈરાન, પૅલેસ્ટાઈન, સીરિયા, અને મિસર જીતી લઈને ત્યાં સર્વત્ર ઇસ્લામનો ઝંડો ફરકાવવામાં આવ્યો.

અબુબક્રની જેમ એમની રહેણીકરણીમાં સાદગીનો પાર નહોતો. એ નાના હતા ને મક્કાની ચોગરદમ દસ દસ માઈલ સુધી ઊંટ ચારતા ફરતા હતા, તે વખતની ને એઓ ખલીફા થયા તે વખતની રહેણી-કરણીમાં ભાગ્યે જ કાંઈ પણ ફરક હતો. એ સાદો ખોરાક ખાતા ને થીંગડાંવાળાં કપડાં પહેરતા. એક દહાડો, પહેરવાનાં વસ્ત્ર ધોવાતાં હોવાથી કલાકો સુધી એ કોઈને મુલાકાત પણ આપી શક્યા નહોતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખલીફ થયા છતાં તેઓ વર્ષે એક હજાર રૂપિયા જેટલો, અર્થાત્ ઇસ્લામની પહેલી, કિંવા બદ્રની લડાઈમાં ભાગ લેનાર સૌને મળતો એટલો જ પગાર લેતા. છતાં, વધતા જતા સામ્રાજ્યમાં રાજ્યના જવાબદાર નોકરોને ઊંચો પગાર નહિ અપાય તો દગાફટકા ને લાંચરુશવત વધી જશે એવું માનતા હોઈને, તેઓ માટે પાંચ પાંચ હજાર રૂપિયા સુધીનો મોટો પગાર મંજૂર કરવા જેટલી દૂરદષ્ટિ તેમણે બતાવી હતી.

એમનો ન્યાય શુદ્ધ અને કડક હતો. સગાંસાગવાંને બનતા લગી રાજ્યની નોકરીઓમાંથી એ બાકાત જ રાખતા. એમ છતાં, જ્યાં કોઈને રાખતા ત્યાં તેમની તરફ તલમાત્ર કોમળતા દાખવતા નહિ; ઊલટું બીજાઓને મુકાબલે જરા કઠોરતા જ બતાવતા. અબ્દુલ્લા નામના પોતાના પુત્ર કરતાં ઉસમા બિન ઝૈદ નામક સેનાપતિને જ્યારે વધારે પગાર આપવામાં આવ્યો ત્યારે પુત્રે વાંધો ઉઠાવ્યો કે, 'હું કોઈ પણ રણક્ષેત્ર પર ક્યારેય ઉસમા કરતાં પાછો પડ્યો છું? શા માટે મને ઓછો પગાર?' જવાબમાં એમણે એટલું જ કહ્યું કે, 'ઉસમાના વાદ ન કરીશ! એ તો પાક પેગંબરને પણ વધુ પ્રિય હતો!' બીજો એક પ્રસંગ છે. મદીનામાં લડાઈની લૂંટનું ધન આવી પહોંચ્યું ને એમની પુત્રી હજરત હફસાએ કહ્યું, 'મને ભાગ આપો'; ત્યારે એમણે એને એમ કહીને પાછી કાઢેલી કે, 'તારો ભાગ મારી અંગત મિલકતમાં હોય, લડાઈની લૂંટમાં નહિ.'

એક વાર એમનાં પત્ની ઉમ્મ કુલ્સુમે રાજ્યના નોકર મારફત રોમની મહારાણીને કેટલીક અત્તરની શીશીઓ ભેટ મોકલેલી. જવાબમાં મહારાણીએ તેમાં ઝવેરાત ભરી મોકલ્યાં. આ વાતની ખબર પડતાં, એમણે (હજરત ઉમરે) એ અંગત ભેટો પણ રાજ્યની તિજોરીમાં આપી દેવાની એમને ફરજ પાડેલી.

અબુ શાહમા નામના પોતાના પુત્રને, દારૂબંધીનો ભંગ કરી દારૂ પીવાના ગુના માટે, જાહેરમાં ૮૦ ફટકાની સજા એમણે પોતે કરેલી. ને એ પુત્ર પરિણામે મરણ પામેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનો મોટો કોઈ પણ અમલદાર એમના કડક ન્યાયશાસનમાંથી છટકી શકતો નહિ. નાનો સરખો પણ અપરાધ કર્યો એટલે શિક્ષા અચૂક થઈ જ સમજો. ખાલિદ નામે રાજ્યના એક મોટામાં મોટા, ને ઈરાન સમેત અનેક દેશો પર ભારે ભારે ફતેહો મેળવનાર સેનાપતિ વિષે એવી વાત આવી કે, રાજ્યની નોકરીમાં એણે ધનદોલતના એવા ગંજ કર્યા છે કે એક કવિને પ્રશંસાનું કવિત કહેવા બદલ દસ હજાર દિરહમનું તો એણે ઇનામ આપ્યું છે! વળી એણે પાણીમાં દારૂ મિલાવીને સ્નાન કર્યું એવો પણ આરોપ થયો. પકડ-હુકમ નીકળતાં તરત બાંધીરૂંધીને એને એમની હજૂરમાં રજૂ કરવામાં આવ્યો. ઊલટ-તપાસમાં ખાલિદે ફરીથી દારૂવાળા પાણીમાં નહિ નાહવાનું વચન આપ્યું. પણ એકત્ર કરેલ ધનદોલત માટે એ કોઈ સંતોષકારક જવાબ ન આપી શક્યો. આથી એની મિલકતનો હિસાબ કરાવી તેમાંથી વીસ હજાર દિરહમ રાજ્યની તિજોરીમાં ભરી દેવા તેમણે હુકમ આપ્યો એટલું જ નહિ, એને હોદ્દા પરથી ઉડાડી મૂકી ઢંઢેરો પિટાવ્યો કે, 'લોક બધા વિજયોનો જશ ખુદાને બદલે ખાલિદને આપે છે તેથી હું તેને પદભ્રષ્ટ કરું છું.' આટલી બધી કડકાઈ છતાં એમનામાં વહીવટી કુશળતા ને રુઆબ એટલાં બધાં હતાં કે કોઈથી ચેં કે ચૂં થઈ શકતું નહિ.

હજરત દુશ્મનો પ્રત્યે તેમ જ ગુનેગારો પ્રત્યે કઠોર હતા એવા જ ગરીબગુરબાં અને નિર્દોષ પ્રજાજનો પ્રત્યે રહેમદિલ ને જાતે ઘસાઈ ને મદદ કરનારા હતા. એક રાત્રે નગરચર્યા કરતાં એમણે અનેક રોતાં બાળકોથી વીંટળાયેલી એક બાઈને જોઈ. તપાસ કરતાં જણાયું કે બાળકો દિવસો થયાં ભૂખ્યાં છે. તરત હજરત મદીને પાછા ફર્યા ને હજૂરિયાના આગ્રહને નકારીને પોતાની પીઠ પર ઊંચકી લઈ જવાય એટલું ખાવાનું લઈ ગયા, ને એ છોકરાંને પારણાં કરાવી બાઈને નિશ્ચિંત કરી. બીજી એક વાર એક તંબૂમાં એક બાઈને સુવાવડના દુઃખે કણસતી સાંભળી એઓ તરત ઘેર ગયા ને પોતાની પત્નીને એની સેવાચાકરી કરવા લઈ આવ્યા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૬૩૯માં જ્યારે સીરિયા ને ઈરાનમાં ભારે દુકાળ પડયો ત્યારે એમણે દૂધ અને માખણને વર્જ્યાં હતાં, ને બનતી બધી રીતે દુકાળિયા પ્રદેશમાં ખોરાક પહોંચાડયો હતો. આ દુકાળ દરમિયાન એમનો એક દીકરો કાકડી ખાતો હતો ત્યારે એ એને ખૂબ વઢેલા કે, 'ચોપાસ જ્યારે માનવી ખોરાક વિના તરફડે છે ત્યારે તને આ શોખ કરવાનું સૂઝે છે ?'

રાજ્યના કાઝીઓની નિષ્પક્ષતાની ખાતરી કરવા કેટલીક વાર તેઓ જાતે ફરિયાદી થતા. એક વખત એવું બન્યું કે એમની પાસે સાક્ષી તરીકે સોગન લેવરાવવાના આવ્યા ત્યારે કાઝીએ કહ્યું કે ખલીફ પાસે સોગન લેવડાવવાની જરૂર નથી ! આ પક્ષપાતથી એ એટલા બધા નારાજ થયા કે એ કાઝીની નોકરી ગઈ.

એમના રાજ્યમાં અનેક દેશ જિતાયા; પણ એ જમાનાની રીત પ્રમાણે જિતાયેલા દેશોને લૂંટીને ઘસડી લવાતી અઢળક દોલતમાં રાજ્યની પડતીનું મૂળ રહેલું છે એ એમને જ પ્રથમ સૂઝેલું. આ વિષયમાં એમની લાગણીઓ એટલી તીવ્ર થઈ ગઈ હતી કે, ઈરાન જિતાયા પછી, રાજભાગ પાડવા માટે, લૂંટાયેલી દોલતના ગંજના ગંજ જ્યારે મદીનામાં આવી પડયા ત્યારે એ રડી પડેલા. કોકે પૂછ્યું કે, 'આ પ્રસંગે હર્ષને બદલે આંસુ કેમ ?' ત્યારે એ બોલેલા કે, 'આ અઢળક દોલત ભવિષ્યમાં ઇસ્લામની પડતી કરશે.'

આરબ સામ્રાજ્યની બિનમુસલમાન પ્રજા પ્રત્યેનું એમનું વર્તન ખાસ ધ્યાન ખેંચે એવું છે. જબરદસ્તીથી મુસલમાન કરવા કરાવવાના આરબ ઝનૂન પર એમણે અંકુશો મૂક્યા હતા. પ્રજાના લોકો પોતપોતાનો ધર્મ પાળી શકતા, ને રાજ્ય એમનાં ધર્મમંદિરો, પવિત્ર સ્થળો ને ધર્માદા મિલકતોની પવિત્રતા મંજૂર રાખતું. બિનમુસલમાન પ્રજાજનોની જમીનો મુસલમાનોથી ન ખરીદી લઈ શકાય એવો પણ એમણે હુકમ કર્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાઈની વાત તો એ છે કે, આવા ન્યાયપરાયણ દયાળુ ને પાક ખલીફનું, એક ગુલામને હાથે જ ને તે પણ નમાઝ પઢવા જતાં જ, ઈ. સ. ૬૪૪માં ખૂન થયું. ખૂનીનું કહેવું એમ હતું કે, મારા શેઠ મારી પાસે ગજા ઉપરવટ કામ કરાવે છે એવી મારી ફરિયાદ બાબત ખલીફે બરાબર ન્યાય નહોતો આપ્યો.

૫

હજરત ઉસમાન

હજરત ઉસમાનનો જન્મ ઈ. સ. ૫૭૫માં થયો હતો. એ કુરેશોના બની ઉમૈયા નામના પ્રસિદ્ધ ને આગળ પડતા ખાનદાનના હતા. ઇસ્લામ કબૂલવામાં એ ખાનદાન જેટલું પછાત હતું, એટલા જ હજરત ઉસમાન, હજરત અબુબક્રના ઉપદેશથી, એમાં આગળ પડતા હતા. એમના કાકાએ આથી એમને પગે બેડીઓ પહેરાવી ને જાતજાતની ધમકીઓ આપી. પણ એ એકના બે ન થયા. ત્રણ ચાર દહાડે થાકીહારીને એમણે બેડીઓ કઢાવી લીધી.

નવધર્મી મુસ્લિમો પર ગુજરતા ત્રાસમાંથી બચવા પેગંબર સાહેબની સૂચનાથી ઇસ્લામના ઇતિહાસમાં જે પ્રથમ દેશત્યાગ અને હિજરત થઈ, એમાં મિસર ચાલ્યા જનાર મુસ્લિમોમાં હજરત ઉસમાન આગેવાન હતા.

જીવનની શરૂઆત એમણે દોશીવાણિયા તરીકે કરેલી, ને કાપડના વેપારમાં એ લાખો કમાયેલા. આખું કુરાન એમને મોઢે હતું એટલું જ નહિ, કુરાન મોઢે કરનાર એ પહેલા પુરુષ કહેવાય છે. એમને બારણેથી જીવનભરમાં કોઈ ભિક્ષુક ખાલી હાથે પાછો ગયો નથી. દર શુક્રવારે એક ગુલામનો છુટકારો કરવો એવો એમને નિયમ હતો. લખપતિ છતાં, ને સ્વભાવે જરા આરામપ્રિય હોવા છતાં, એ પૂર્વકાલીન મુસ્લિમોના જેવો સાદો ખોરાક ને સાદો પોશાક સાચવી રહ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબુબક્રના રાજ્યમાં દુકાળ પડ્યો ત્યારે એક હજાર માપ દાણા એમણે ખરીદેલા હતા. જે વેપારીઓ એમની પાસે એ દાણા ગરીબો માટે ખરીદવા આવેલા એમણે કહ્યું કે, 'અમે આપને પચાસ ટકા નફો આપીએ, અમને આપો!' ત્યારે હજરત ઉસમાને કહેલું કે, 'હું તો હજાર ટકા નફો આપે એને જ એ આપવાનો.' વેપારીઓ પાછા ગયા પછી એમણે એ બધું અનાજ ગરીબોમાં વહેંચી દીધું ને કહ્યું કે, 'ખુદા મને હજાર ટકા લાભ આપશે.' પેગંબર સાહેબે શરૂ કરેલા એક લશ્કરી ફંડમાં એમણે સૌથી મોટી રકમ — ૩૦૦ ઊંટ, સાજસામાન સાથે — ભેટ કરેલી. મક્કા પર જ્યારે પેગંબર સાહેબ હલ્લો લઈ ગયેલા ત્યારે કુરેશો જોડે સમાધાનના સંદેશા ચલાવવા એમને જ મોકલવામાં આવેલા.

હજરત ઉમરે મરણપથારી પરથી નવા ખલીફની ચૂંટણી માટે એક સમિતિ નીમેલી. એમાં ઘણા મતભેદો પડ્યા. છેવટે સમિતિએ પોતામાંથી એક અબ્દુર્રહેમાન, જેમણે ખલીફ થવા હજરત ઉમર સમક્ષ જ ના પાડી હતી, તેમને ચૂંટણીની કુલ સત્તા આપી. એમની સમક્ષ બે ઉમેદવારો સૌથી તરી આવે એવા હતા: એક હજરત અલી ને બીજા હજરત ઉસમાન. હજરત અલી પેગંબર સાહેબના જમાઈ ને સગા કાકાના દીકરા હતા. અદ્યાપિ મહમદ સાહેબના બની હાશિમના ખાનદાનનો કોઈ ખલીફ થયો નહોતો, એટલે ઘણાની ઇચ્છા હતી કે એ ખલીફ ચૂંટાય. હજરત ઉસમાનને પેગંબર સાહેબે એક પછી એક એમ પોતાની બે પુત્રીઓ પરણાવી હતી; ને બની ઉમૈયાના ખાનદાનની બહોળી લાગવગ ને બળવાન ઇચ્છા એઓ ખલીફ ચૂંટાય એવી હતી. બંને ઉમેદવારોને ખલીફપદ માટે પુછાતાં બંને એકબીજાને એ પદ માટે લાયક જાહેર કરતા હતા. છેવટે લવાદે એક પછી એક બંનેને બોલાવ્યા ને પૂછ્યું, 'મહમદ સાહેબના આદેશો ને એમના ખલીફોની પરંપરાઓ પ્રમાણે તમે રાજ્ય કરશો?' હજરત અલીએ કહ્યું, 'યથાશક્તિમતિ;' ત્યારે હજરત ઉસમાને કહ્યું, 'જરૂર.' આથી છેવટની પસંદગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજરત ઉસમાન પર ઊતરી ને ઈ. સ. ૬૪૪ના નવેમ્બર મહિનામાં એ ખલીફ થયા.

પણ કાળબળને લીધે ખલીફ વિષેની પવિત્રતાની ભાવના ઘસાતી જતી હતી, અને દિનપ્રતિદિન ફેલાતા જતા ને અતિ વિસ્તૃત બની ચૂકેલા સામ્રાજ્યને કારણે ખલીફની જવાબદારીઓ વધી પડી હતી. ગુનેગારને અચૂક શિક્ષા કરવાની પ્રતિજ્ઞા લઈ ને ભરબજારે સાટકો ચલાવતા હજરત ઉમરના કડક શાસન પછી તરત જ આવતા આ બુઢ્ઢા, ભલા, નરમ, ને અદ્દનિશ્ચયી તેમ જ બિનલશ્કરી ખલીફને માટે એ હોદ્દો હજાર ગણો વધારે વિકટ બન્યો.

હજરત અલીએ ચૂંટણીનું પરિણામ જાહેર થતાં સૌની જેમ વફાદારીના સોગંદ લીધા, પણ એમના પક્ષકારોમાં અસંતોષ રહ્યો જ. હજરત ઉસમાને લગભગ બાર વર્ષ રાજ્ય કર્યું. એમના રાજ્યકાળ દરમિયાન એશિયા અને આફ્રિકા, બંને ખંડમાં ઇસ્લામી સામ્રાજ્યની આગેકૂચ ચાલુ રહી. અદ્યાપિ ખુશ્કી લશ્કરોથી જ મુસ્લિમો વિજય મેળવતા. હવે એમણે દરિયાઈ લશ્કરો પણ તૈયાર કર્યાં ને એ દ્વારા પણ ફતેહના ડંકા વગાડ્યા. ઇતિહાસની પરંપરા પ્રમાણે હજરત ઉસમાનની કારકિર્દીનાં પહેલાં છ વર્ષ એમને ઝેબ આપે એવાં ને એમની લોકપ્રિયતાનાં નીવડ્યાં, પણ પાછલાં છ વર્ષ ખિલાફતમાં ભયંકર સડો દાખલ કરનારાં ને ઇસ્લામમાં ખતરનાક કુસંપ ઊભો કરનારાં નીવડ્યાં. જોકે પાછલાં વર્ષોની ખરાબીનાં બીજ તો પહેલાં છ વર્ષમાં જ વવાઈ ચૂક્યાં હતાં.

મદીનાની મશહૂર જુમ્મામસીદ, જે અદ્યાપિ પીંડેરી ને કામચલાઉ માત્ર જ હતી ને જે સમરાવવાની વાત આવતાં હજરત ઉમરે કહેલું કે, ‘ રાજ્યની દોલત સૈનિકો ને ગરીબો માટે છે, ઈંટચૂના માટે નથી, ’ એ મસીદ હજરત ઉસમાને સમરાવી, ને ઈંટ, ચૂના ને પથ્થરથી પાકી, સુંદર ને ભવ્ય બનાવી. આ કામમાં એમણે પદરના જ વીસથી પચીસ હજાર દિરહમ ખર્ચ્યા. પણ નસીબની બલિહારી છે કે, એમાં જ ઇમામત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા જતાં એમના પર પથ્થર પડ્યા ને ત્યાં આખરી નમાજ પઢવાની પણ એમને છેવટે રજા ન મળી!

રૂમા નામનો મદીનાનો પ્રખ્યાત ને પવિત્ર કૂવો ભારે મૂલ્યે એમણે એક યહૂદી પાસેથી સાર્વજનિક ઉપયોગ માટે ખરીદી આપ્યો, ને સામાન્ય ગરીબ આરબ જનતાનું પાણીનું દુઃખ દૂર કર્યું. કૂવા ખોદાવવાના ધર્મ-કાર્યનો એમને શોખ જ હતો. આરિસ નામનો એક બીજો કૂવો ખોદાવતાં ખલીફની વીંટી, જે મહમદ સાહેબના વખતનું એક પવિત્ર સંભારણું ને મહોરછાપનું સૂચક સત્તાચિહ્ન હતું, તે એમાં પડી ગઈ; ને ગમે એટલી મહેનત કરવા છતાં પાછી ન મળી તે ન જ મળી. લોકોમાં આથી એવો અપશુકનિયાળ વહેમ ફેલાયો કે હવે આવી બન્યું! આ મશહૂર કૂવા ખોદાવનારને, પોતે જ ખરીદી આપેલા રૂમા નામક કૂવામાંથી પણ, મરણ વખતે પાણી મેળવવાના વાખા પડ્યા!

પાક કુરાનના અનેક પાઠ પ્રચલિત થયા હતા. એથી ઇસ્લામની એકતાના ટુકડા થતા અટકાવવા હજરત ઉસમાને બધા પાઠ એકત્ર કરાવી એક સત્તાવાર પાઠ તૈયાર કરાવ્યો ને એની અનેક નકલ કરાવી સામ્રાજ્યમાં ફેલાવી, અને બાકીના પાઠ બાળી નાખ્યા. 'ખુદાના હરફ'ની આ હોળી બંડખોરોના હાથમાં ઉશ્કેરણીનું એક અજબ સાધન થઈ પડી.

અદ્‌ભુત લશ્કરી ફતેહો અને જંગી સામ્રાજ્યને કારણે બધી દુનિયાની દોલત ધસડાઈ ધસડાઈને આરબ સરદારો અને સૂબાઓના તથા કુરેશોના હાથમાં આવતી જતી હતી. જે આરબ ઘરોમાં પહેલાં ઊંટના માંસનું બાફણું ને રોટલા ચવાતા ત્યાં હવે બત્રીસ રસોઈઓ થવા માંડી હતી. ઇસ્લામના કાયદા પ્રમાણે રીતસરની ચાર ઓરતો ઉપરાંત વિવિધ દેશોની સંખ્યાબંધ ગુલામ સુંદરીઓથી જનાનખાનાં છલકાવા માંડ્યાં હતાં. પીંઢેરી ઘરોને સ્થાને ઈરાની કારીગરોની બુદ્ધિએ ઊભી કરી આપેલી ભવ્ય ઇમારતો ને રાજશાહી ઠાઠમાઠથી ઇરાક, મેસોપોટેમિયા ઇત્યાદિ નવા પ્રાંતો લક્ષ્મીની રેલછેલ દાખવતા હતા. મહંમદ સાહેબે ઉપદેશેલી સર્વ મુસ્લિમોની મૂળભૂત ને ભવ્ય સમાનતા ને એકતામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુરેશી ખાનદાનની, અને કુરેશોમાં હવે બધી સત્તાની જગાઓ હાથ કરતા ઉમૈયા ખાનદાનની, સર્વોપરિતાનું વિષ વ્યાપતું જતું હતું.

કામિની-કાંચનની વિષવલ્લરીઓને જુગારની બદીનાં ફૂલ બેસવા માંડ્યાં હતાં. અદ્યાપિ જે બદીઓ હજરત ઉમરની સખતાઈથી દબાઈ રહેલી હતી, તે હવે ખુદ મદીનામાં દેખા દેવા માંડી. ફરિયાદ થતાં હજરત ઉસ્માને જુગારની બદી દાબી દેવા સખત પગલાં લીધાં. પણ અફસોસ! હજરત ઉમરની સખતાઈ જ્યાં સંતોષ, શાંતિ ને વફાદારી પ્રેરતી, ત્યાં ઉસ્માનની સખતાઈ હવે અસંતોષ, ક્રોધ ને રાજદ્રોહની લાગણી જ ફેલાવી શકી.

અબુઝર્ર ગિફારી નામનો એક ઘણો પવિત્ર પુરુષ, જે પેગંબર સાહેબનો અંતેવાસી હતો, ને જેણે પેગંબર સાહેબને મળેલા ઘણા પ્રકાશની આગાહી કરેલી કહેવાય છે, એનાથી આ નાણાંની રેલછેલ ને ગરીબતવંગરનો ભેદ સહન નહોતો થતો. આથી દોલતમંદો વિરુદ્ધ એણે કડવી ટીકાઓ કરીને બળબળતાં વ્યાખ્યાનો આપ્યાં. 'રોજિંદા જીવન માટે જોઈતું રાખીને બાકી બધું ગરીબોમાં વહેંચી નાખો, નહિ તો તમારું આ ચાંદીસોનું એક દિવસ જહન્નમના ભડભડતા આતશથી તપાવીને લાલચોળ કરવામાં આવશે, અને હે લહેરી લાલાઓ! તમારા કપાળ પર, તમારા પડખામાં, તમારા બરડાઓ ઉપર સર્વત્ર એના વડે ડામ દેવામાં આવશે!' એ એના ઉપદેશનો મર્મ હતો. આમવર્ગો ને ગરીબોનાં ટોળેટોળાં એને ઘેરી વળતાં ને ગરીબ ને તવંગર વચ્ચે સામ્રાજ્યને ન પાલવે એવી બેદિલી ને ઈર્ષા ફેલાતી. આથી ફરિયાદ થતાં, ખલીફે એને ખર્ચી બાંધી આપી રણવગડાના એક એકાંત ભાગમાં વસવાટ કરાવી આપ્યો, અને તેને ત્યાં જ રહેવાની ફરજ પાડી. મરણ પર્યંત એ ઓલિયો ત્યાં જ રહ્યો; પણ લોકોની ધાર્મિક લાગણીઓ આ 'સંતજનના દેશવટાથી' દુખાઈ ને બંડખોરોને ઉશ્કેરણી કરવાનું વળી એક ઉત્તમ સાધન મળી ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય આરબ ટોળીઓને ક્યારનુંય લાગવા માંડ્યું હતું કે, સામ્રાજ્ય તો આપણા બળે મેળવાય છે ને હોદ્દા તો કુરેશો ભોગવે છે. આમ ઈર્ષા અને હરીફાઈની, તથા કુળાકુળની ને ઊંચનીચની હોળીમાં કૂફાના ઉમૈયા ખાનદાનના સૂબાની તુમાખીએ ઘી હોમ્યું.

ઇરાક, મેસોપોટેમિયા ને મિસર એ ત્રણે પ્રાંતોમાં બંડ ફેલાતું જતું હતું. હજરત ઉસમાન ઉમૈયા ખાનદાનનાં સગાંસાગવાં સિવાય કોઈ ને મિત્ર રાખી કે બનાવી શક્યા નહોતા. હજરત અબુબક્રના પુત્ર મહમ્મદ, અને પુત્રની જેમ પાળીપોષીને મોટા કરેલા અબ્દુલ્લા જેવા એમના પોતાના માણસો પણ નજીવાં કારણસર વિરુદ્ધ પડી મિસરમાં બંડખોરોના આગેવાન થઈ પડ્યા હતા. કાબાની હજની પેગંબર સાહેબે જ ચાલુ કરેલી વિધિમાં પોતાની જ સત્તાથી સુધારા કરવાથી અબ્દુર્રહેમાન જેવા પેગંબર સાહેબના નિષ્પક્ષ સોબતીઓને પણ ખલીફ વિષે અણગમો ઊપજ્યો હતો. છેવટે અંદરખાને ઘડેલી યોજના પ્રમાણે ઝનૂની બનેલા બંડખોરોએ મદીનામાં, એની અણરક્ષાયેલી ઘડીપળ જોઈ ને, પ્રવેશ કર્યો, નમાજ વખતે તોફાનો કર્યાં, ને ખલીફને પથ્થર મારી બેભાન કર્યા. આ બેભાન અવસ્થામાં ખલીફને એમના મહેલમાં લઈ જવામાં આવ્યા. અઠવાડિયાં સુધી બંડખોરોએ એમના મહેલને ઘેરો ઘાલ્યો. મહંમદ સાહેબના મુખ્ય મુખ્ય અંતેવાસીઓ ને યુદ્ધવીરોએ ઘેરાના પહેલા જ દિવસથી પોતાના પુત્રોને ખલીફના રક્ષણ માટે મોકલ્યા, પણ એ સિવાય વધુ એમણે કશું જ કર્યું નહિ. ખલીફ અને એમનું કુટુંબ તરસથી પીડાતું હતું ત્યારે પેગંબર સાહેબનાં એક પત્ની એમને પાણી પહોંચાડવા ગયાં. ત્યારે બંડખોરો એમને પણ અપમાનિત કરી પાછાં હાંકી કાઢવાની હદે ગયા!

દરમિયાન પ્રાંતોમાં આ ઘેરાની ખબર પહોંચી ગઈ. ને દૂર દૂર વિજય માટે લડતાં લશ્કરોમાંથી ઉમૈયા ખાનદાનના સૂબાઓએ લશ્કરી મદદ રવાના કરી. પણ એની અસર હજરતને માથે ભમતા કાળની ઝડપ વધારવાની જ થઈ! બંડખોરો ગભરાવા લાગ્યા; એથી મદદ આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચે ત્યાર પહેલાં જ એમાંના બે ત્રણ જણે મહેલ ફાડી છૂપી રીતે અંદર ઘૂસી જઈ, કુરાનનો પાઠ કરતા ખલીફનું બહુ જ કરપીણ રીતે ખૂન કર્યું. ને ઇસ્લામમાં એક એવી ખાનાજંગી અર્થાત્ અંદર અંદરની લડાઈ ઊભી કરી, કે ન પૂછો વાત!

૬

હજરત અલી

પેગંબર સાહેબ હજરત મહંમદના કાકા અબુ તાલિબનાં પત્નીએ ઈ. સ. ૫૯૯માં કાબાની મસ્જિદમાં જ એક બાળકને જન્મ આપ્યો હતો. ઇસ્લામના ચોથા ખલીફ હજરત અલી તે એ જ. નાનપણથી એ બહાદુરી માટે અને પેગંબર સાહેબ પ્રત્યેની ભક્તિ માટે પ્રખ્યાત હતા. હિજરતને દિવસે મક્કામાં જ્યારે પેગંબર સાહેબનો જાન લેવાનું કાવતરું રચાયું હતું ત્યારે, ખૂન કરવા આવનારાઓને થાપ આપવા પેગંબર સાહેબની પથારીમાં પેગંબર સાહેબનો ઝભ્ભો ઓઢીને એ જાતે સૂઈ ગયા હતા, ને અકસ્માત્ જ ખૂની ખંજરનો ભોગ થતા એ બચી ગયા હતા.

પેગંબર સાહેબના જીવન દરમ્યાન થયેલી લડાઈઓમાં એમણે જે અસાધારણ બહાદુરી બતાવી હતી તેને લીધે એ હૈદર અર્થાત્ સિંહ કહેવાતા. ઇસ્લામી આચારવિચારોનું એ એટલું ચુસ્ત પાલન કરતા કે ઇસ્લામના એક ઓલિયા તરીકે પણ એમની ભારે ખ્યાતિ છે. એમનું જીવન અત્યંત સાદગીભર્યું હતું. એમ કહેવાય છે કે, એક દિવસ ભૂખના દુઃખને જીતવા ને મન વશ કરવા માટે, ભૂખથી પડેલા પેટના ખાડા પર પથ્થર બાંધીને એ સૂઈ ગયા હતા. હિજરત પછી પહેલવહેલા જ્યારે એ મદીનામાં રહેવા આવ્યા ત્યારે એ મહેનતમજૂરી કરીને રોટલો રળતા. એક વખત મજૂરીની શોધમાં રખડતાં રખડતાં એમને એક બાઈ મળી. એ બાઈને પાણી ખેંચનાર જોઈતો હતો. એક ડોલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેંચી લાવવા માટે એક પેશી ખજૂર આપજો એવી શરતે એ સોળ ડોલ ખેંચી આપીને સોળ પેશી ખજૂર કમાયા. ને એ ખજૂર પછી એમણે પેગંબર સાહેબની સાથે બેસીને ખાધું!

ઇસ્લામમાં બે મોટા તફા અથવા પંથ છે: સુન્ની ને શિયા. એમાંના શિયા હજરત અલીને જ પેગંબર સાહેબના સાચા ને પહેલા ખલીફ માને છે. સુન્નીઓથી વિરુદ્ધ તેઓ માને છે કે, એમની અગાઉ થઈ ગયેલા ત્રણે ખલીફાને પેગંબર સાહેબની ગાદી પર બેસવાનો હક જ નહોતો. આ મતભેદનું એક મુખ્ય કારણ એ છે કે, પોતાની પેગંબરીના ત્રીજા કે ચોથા વર્ષમાં જ્યારે મહંમદ સાહેબને ઇસ્લામનો જાહેર પ્રચાર કરવાનો પેગામ મળ્યો, ત્યારે એમણે પોતાનાં સગાંવહાલાં પૈકી ખાસ ખાસ એવાં ચાળીસ જણને એક મિજબાની આપી હતી. એ મિજબાની દરમિયાન એમણે પોતાને મળેલા આદેશની વાત કાઢીને પૂછ્યું, કે, 'આ કામમાં મને કોણ સાથ આપશે? ને મારો બંધુ, ધર્માધિકારી ને પ્રતિનિધિ કોણ થશે?' કોઈએ કાંઈ જવાબ આપ્યો નહિ. એટલે હાજર વ્યક્તિઓમાં સૌથી નાના હોવા છતાં અલી ઊઠ્યા ને બોલ્યા, 'હું થઈશ!' બધા હસ્યા, પણ પેગંબર સાહેબે એનો ખભો થાબડ્યો ને 'શાબાશ!' કહીને કહ્યું કે, 'મારો બંધુ, ધર્માધિકારી ને પ્રતિનિધિ તું જ છે!'

બીજી પણ એક વાત છે. હીજરી સાલ નવમીમાં જ્યારે તાબુક પર પેગંબર સાહેબે ચડાઈ કરી, ત્યારે હજરત અલીને પોતાના કુટુંબ મંડળની દેખરેખ રાખવા ઘેર મૂક્યા હતા. આથી કેટલાક દ્વેષી લોકોએ એમને ટોણા માર્યા કે, 'પેગંબર સાહેબ તમારામાં કંઈ દૈવત જુએ ત્યારે તમને સાથે લઈ જાયને? નાહકનો ભાર શું કામ વેઠે?' આથી ચિડાઈને હથિયાર ધારણ કરી એ એમની પાસે ગયા અને બધી વાત કરી, ત્યારે પેગંબર સાહેબે એવાં જૂઠાં મહેણાંથી ડરી ન જતાં સોંપેલું કામ કરવાનું જ કહ્યું ને બોલ્યા કે, 'તું તો મારો હારૂન છે. ફરક એટલો જ કે મૂસા પછી હારૂન પણ પેગંબર થયેલા, પણ હું આખરી પેગંબર હોવાથી તું પેગંબર નહિ બને.'

•

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરાંત પેગંબર સાહેબના કુળમાં રાજગાદીની દૃષ્ટિએ એમના સીધા વારસ ગણાય એવા પણ એ જ હતા. કારણ, પેગંબર સાહેબને પુત્ર નહોતા; પુત્રીઓ જ હતી. હજરત ખદીજાથી થયેલી નાનામાં નાની અને પ્રિયતમ પુત્રી મહંમદ સાહેબે, ઇસ્લામી આચાર પ્રમાણે આ પિત્રાઈ ભાઈ વેરે પરણાવીને, તેમ જ નાનપણથી પુત્રની જેમ પોતાની સાથે રાખીને આ સંબંધને વધુ દૃઢ બનાવ્યો હતો.

પેગંબર સાહેબનાં પ્રથમ પત્ની હજરત ખદીજાને બાદ કરીએ તો ઇસ્લામનો ઉપદેશ ગ્રહણ કરનાર પ્રથમ આરબ હજરત અલી જ હતા, એટલે પણ એમને વિષે લોકોમાં ભારે આદર હતો.

આ બધા પરથી ખલીફ તરીકે પોતાની જ પસંદગી થવી જોઈતી હતી તેવું એ પોતે પણ માનતા હતા. ને એ કારણથી જ એમણે હજરત અબુબક્રની ચૂંટણી પછી વફાદારીના સોગંદ લેતાં છ મહિના જેટલી વાર કરી હતી.

હજરત ઉસ્માનના પક્ષકારો માનતા કે, એમના ખૂનમાં નહિ તો એમની સામેના બળવામાં તો હજરત અલીનો પૂરો હાથ હતો. એ માન્યતાને સાચી ઠરાવવા માટે જોઈતા પુરાવા નથી. એ આખા ઝઘડામાં એમણે તટસ્થતા જ જાળવી હતી. ને તટસ્થ તો મહંમદ સાહેબના બધા અંતેવાસીઓ રહ્યા હતા. એમ છતાં, એ સાચું છે કે, હજરત ઉસ્માન પછી એમની ખલીફ તરીકેની વરણીમાં મદીનાનો કબજો કરી બેઠેલા બંડખોરોનો ભારે હાથ હતો. હજરત અલી ખલીફ થનારની સામે આવનારી મુશ્કેલીઓ ને આરબોના મતભેદો જાણતા હતા. એટલે પાંચ દિવસ સુધી એમણે તો ખલીફ થવાની ના જ પાડી હતી, ને અનેક સમજાવટ પછી એમણે એ જવાબદારી લેવાની હા પાડી ત્યારે પણ, મદીનામાંના મહંમદ સાહેબના સોબતીઓની સંમતિની અને બદ્રની લડાઈમાં ભાગ લેનારા યુદ્ધવીરોની સંમતિની એમણે જરૂર જણાવી હતી. બંડખોરોએ એવી સભા બોલાવી હતી ને છેવટે ખલીફ તરીકે એમની ચૂંટણી થઈ હતી. ઝુબૈર અને તાલ્હા નામના બે મોટા માણસો, જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારે લાગવગ ધરાવતા હતા, ને જેઓ ખલીફના પદના ઉમેદવાર હોવાનું પણ જણાતું હતું, ને જેમણે પાછળથી હજરત અલીની સામે બંડ પણ કર્યું હતું, તેમને તે પદ સ્વીકારવા કહેવામાં આવ્યું હતું; પણ તેમણે જણાવ્યું હતું કે હજરત અલી જેવા પુરુષ હયાત છે ત્યાં સુધી તે જ લાયક છે. એમ છતાં, એમણે ઉક્ત ચૂંટણીની સભામાં આવવાની આનાકાની કરી હતી, ને બંડખોરોએ એમને તેમાં હાજર રહેવાની ફરજ પાડી હતી.

વફાદારીના સોગંદ લેવાનો વખત આવ્યો ત્યારે ઝુબૈર ને તાલ્હાએ તો તે લીધા. પણ હજરત ઉસ્માનના પક્ષકારો પૈકી કેટલાક આગળ-પડતા માણસોએ જુદા જુદા બહાના હેઠળ તે તાત્કાલિક લેવાની ના પાડી હતી. બંડખોરોએ આથી એમનો શિરચ્છેદ કરવાની ઇચ્છા જણાવી હતી. પણ હજરત અલીએ વિરુદ્ધ મત આપ્યાથી એઓ બચી ગયા હતા. પણ દુશ્મનો તે દુશ્મનો જ હતા; ને દુશ્મનો જ રહેવાના હતા. એમાંનો એક જણ તો હજરત ઉસ્માનનું લોહીથી ખરડાયેલું કુડતું ને એમની બીબીની કપાઈ ગયેલી આંગળીઓના અવશેષો લઈને સીરિયા પહોંચી ગયો હતો. સીરિયાનો ઉમૈયા ખાનદાનનો સૂબો મુઆવિયા ત્યાંનો લગભગ સર્વસત્તાધીશ જેવો હતો. હજરત ઉસ્માનના સામ્રાજ્યમાં સીરિયા એ જ એક એવો પ્રાંત હતો જ્યાં પ્રજા સર્વ રીતે સંતુષ્ટ હતી ને રાજ્ય અપૂર્વ કુનેહથી ચલાવાતું હતું! ઉમૈયા ખાનદાનની લાગવગ પણ ત્યાં પુષ્કળ હતી. આથી ખૂનનું વેર લેવાની લાગણી ત્યાં સૌથી પ્રબળ હતી. ઉક્ત કુડતાએ ને આંગળીઓના અવશેષોએ આ બાબતમાં ઘી હોમવાનું કામ કર્યું. એ અવશેષો મસીદ જેવા જાહેર સ્થળ પર લટકાવવામાં આવ્યા; ને રોજબરોજ ત્યાં મુઆવિયાએ ને મદીનાથી ભાગી આવેલા ઉમૈયાઓએ પ્રવચનો કરીને પ્રજાને ઉશ્કેરી મૂકી.

હજરત અલી ખલીફ થયા કે તરત એમની સમક્ષ બે મુશ્કેલ પ્રશ્નો આવી પડયા. પ્રથમ તો એ કે જે સૂબાઓ સામેના ખોફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજરત ઉસ્માન સામે સામ્રાજ્યમાં બંડ જાગ્યું એમનું શું કરવું, ને બીજો એ કે જે બંડખોરોએ માઝા મૂકીને ખલીફનું ખૂન કર્યું એમનું શું કરવું? નવા ખલીફની સ્થિતિ સૂડી વચ્ચેની સોપારી જેવી હતી. જો જૂના સૂબાઓને રજા આપે તો એ લોકો બંડ કરે; ને અત્યાચારીઓને દેહાંતદંડ કરે તો જે બંડખોરોએ એમને ખલીફ કર્યા એ વળી વીફરે! હજરત માનતા કે બંડખોરોને બંડ કરવા પૂરતાં કારણો હતાં, ને એમણે કરેલ ખૂન બંડની ગરમીમાં થયેલ ભાનભૂલાપણું હતું. એમને શિક્ષા તો કરવી જ જોઈએ; પણ દેહાંતદંડની નહિ. બીજું એ એમ માનતા કે એમને જે કાંઈ શિક્ષા કરવી ઘટે તે કરવાનો સમય હજી નથી પાક્યો; ને સૌથી પહેલું કામ તો પોતાની સત્તા કાયમ કરવાનું ને સામ્રાજ્યમાં શાંતિ સ્થાપવાનું જ છે!

પરિણામે, એમણે લાંબી વાટાઘાટ પછી જૂના સુબાઓને પાછા બોલાવી લેવાનો ને નવા નીમવાનો ઠરાવ કર્યો. બીજા પ્રાંતોમાં સૂબાઓ સામે પ્રજામાં અસંતોષ હતો, પણ સીરિયામાં એનાથી ઊલટી સ્થિતિ હતી. ને ત્યાંનો સૂબો મુઆવિયા જબરો માણસ હતો. નવા ખલીફ પ્રત્યેનું એનું વલણ બળવાખોર હતું. ઘણા ડાહ્યા સલાહકારોનું કહેવું હતું કે એને હમણાં છંછેડવા જેવો નથી. પણ જે સૌથી મુશ્કેલ કામ હતું તેને જ પહેલું પતાવી લેવાનું હજરત અલીએ ઠરાવ્યું. એમણે મદીનામાં લશ્કર એકઠું કરવા માંડ્યું, ને મુઆવિયાએ સીરિયામાં તેમ કરવા માંડ્યું. પણ આ જંગ શરૂ થાય ત્યાર પહેલાં જ સમાચાર આવ્યા કે પેગંબર સાહેબનાં પરમપ્રિય બીબી સાહેબા ઐશાએ બંડ પોકાર્યું છે, અને ઝુબૈર અને તાલ્હા એ બંડમાં સામેલ થયા છે! હજરત ઐશાની સરદારી નીચેના લશ્કરે બસરા લીધું ને ખલીફે નીમેલા નવા સૂબાને હાંકી કાઢ્યો! હજરત ઐશાને એક ખાનગી બનાવના કારણે હજરત અલી માટે પહેલેથી જ અણગમો હતો. ને ઝુબૈર ને તાલ્હાને ખલીફ થવું હતું. હજરત ઉસ્માનના ખૂનના સમાચાર સાંભળતાં જ હજરત ઐશા છેડાઈ પડ્યાં હતાં, ને ઝુબૈર વગેરેની મદદથી હજરત ઉસ્માનના ખૂન માટે જે જે જવાબદાર છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને સજા કરવાનો ઉદ્દેશ જાહેર કરી તેમણે કૂચ કરી હતી! અત્યાર-પૂર્વેના ખલીફાના રિવાજથી વિરુદ્ધ હજરત અલી જાતે જ એક નાનકડું લશ્કર લઈને માર્ગ રોકવા ઊપડ્યા. પણ અમુક જગાએ પહોંચતાં ખબર મળી કે હજરત ઐશાનું લશ્કર તો ક્યારનુંય પસાર થઈ ગયું! આથી વધુ લશ્કર જમા કરવા એ થોડુંક થોભી ગયા. ને બસરાની ઉપર્યુક્ત ખબર આવતાં ૨૦,૦૦૦નું લશ્કર લઈને બસરા પહોંચ્યા. પછી જે લડાઈ થઈ એમાં તાલ્હા ને ઝુબૈરનો કરુણ અંત આવ્યો. બહાદુરીથી લડતાં છતાં ઐશાનું ઊંટ પડતાં તે પણ ઘેરાઈ ગયાં. બંને પક્ષે સરખી ખુવારી થઈ. લગભગ દસ હજાર માણસ માર્યાં ગયાં. પણ વિજય હજરત અલીનો થયો.

વિજયને હજરત અલીએ બહુ સારી રીતે જીરવ્યો. હજરત ઐશા પ્રત્યે બહુ ખાનદાનીભર્યું વર્તન ચલાવીને સારા સાથમાં એમને મક્કા મોકલવામાં આવ્યાં, ને એમના હારેલા લશ્કરની પૂંઠ નહિ પકડવાના હુકમો આપ્યા. પણ આ યુદ્ધમાં હજરત ઉસ્માન સામે બંડ કરનારા ને એમના રક્તથી ખરડાયેલા ગુનેગાર સૈનિકોએ જીવ પર આવીને યુદ્ધ કર્યું ને એમ વિજયમાં ભાગ પડાવ્યો, એથી હજરત અલી વિષે ઉસ્માનના પક્ષકારોને વધુ ઉશ્કેરણીનું સ્પષ્ટ સાધન મળ્યું.

આ વિજયની દાખવણી કરીને મુઆવિયા જોડે, ઉપર હાથ રહે એવું, કોઈ સમાધાન કરવા હજરત અલીએ પ્રયત્ન કર્યો; પણ એમાં એમને સંપૂર્ણ નિષ્ફળતા મળી. મુઆવિયાએ આ ગાળામાં પોતાનો પક્ષ વધારે મજબૂત કરી લીધો હતો. મિસરનો વિજેતા અમરૂલઆસ, જે એ જમાનાનો ઇસ્લામનો ચાણક્ય હતો, તેને પણ એણે મેળવી લીધો હતો. એક જબરી ફોજ સાથે એ નવા ખલીફને ઉથલાવવા ખડે પગે થઈ રહ્યો હતો. હજરત અલીએ દરમ્યાન પોતાનો પક્ષ મજબૂત કરવાને ઇરાદે રાજગાદી મદીનાથી, હજરત ઉસ્માનના વિરોધીઓના કેન્દ્રસ્થાન કૂફામાં આણી હતી. હજરત અલી હારે તો સીરિયાવાળા અને બીજા હજરત ઉસ્માનના પક્ષકારો તરફથી ભારે ભય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવાનું એમને કારણ હતું. પણ નવી ચૂંટણીથી પોતાની સત્તા કાંઈ ખાસ વધી નથી, બધે જ કુરેશો રાજ્ય કરે છે, આરબ આમપ્રજા તો એમની સેવા જ કરી શકે છે, ઇસ્લામી સમાજવાદ તો દૂર જ રહે છે, એ બધું પણ એમને સાલતું જ હતું.

પણ છેવટે મુઆવિયાના લશ્કર સાથે મુકાબલો થયો. એમાં હજરત અલીનું લશ્કર જ્યારે વિજયની અણી પર આવી ગયું, ત્યારે અમરૂલઆસે એક યુક્તિ કરી. એણે મુઆવિયાના લશ્કરની બધી આગલી હરોળોના ભાલા પર અકેક કુરાનની નકલ ટંગાવી દેવડાવી! એનો અર્થ એવો થયો કે આપણી વચ્ચેના ઝઘડાનો ન્યાય કુરાન પ્રમાણે કરવો. હજરત અલીએ આ જાળમાં ન ફસાવા ઘણી દલીલો કરી, પણ એમના ધર્માંધ પક્ષકારો એમની જ સામે બળવો કરવા ઊઠ્યા. છેવટે નાછૂટકે ન્યાય કરવાનું કામ બંને પક્ષના એક એક માણસના હાથમાં મૂકવામાં આવ્યું. બંને લશ્કરો આમ ઝઘડો લવાદોના હાથમાં મૂકી વીખરાઈ ગયાં.

લવાદના કામમાં ચાણક્ય અમરૂલે હજરત અલી તરફના લવાદને થાપ આપી. ખાનગીમાં બંનેએ ઠરાવ્યું કે હજરત અલી તથા મુઆવિયા બંને ખલીફ થવાને નાલાયક છે માટે બંનેને પદભ્રષ્ટ કરવા ને પછી લોકોએ નવી ચૂંટણી કરવી. પણ આની જાહેરાત કરવાનું માન અલી-પક્ષે નિમાયેલા લવાદ અબુ મૂસાને આપ્યું ને જેવો એણે એ ઠરાવ જાહેર કર્યો કે તરત અમરૂલઆસે ઊભા થઈને જણાવ્યું કે, “અબુ મૂસાનો નિર્ણય તમે સાંભળ્યો છે. એઓ જ કહે છે કે ‘મારા આગેવાન હજરત અલીને બરતરફ કરવા.’ ને હું એમાં એમની જોડે સહમત છું. પણ મારા આગેવાન મુઆવિયાને હું ખલીફપદ માટે યોગ્ય જાહેર કરું છું.”

આથી ઝઘડો તો રહ્યો પણ જનતામાં બુદ્ધિભેદ થયો. પોતાને વિધિપૂર્વક ખલીફ જાહેર કરવાનું મુઆવિયાને બહાનું મળ્યું. આ બનાવ પછી હજરત અલી ને મુઆવિયા બંનેએ રાજ્યની સામુદાયિક નમાજોમાં એક બીજા પર અલ્લાના શાપ ઉતારવાની ને પોતાના શાપ વરસાવવાની, ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ પ્રજાને ઉશ્કેરવાની શરૂઆત કરી. સીરિયામાં મુઆવિયાની પ્રજા એક વિચારની ને વફાદાર હતી તે એક વિચારની ને વફાદાર જ રહી. પણ હજરત અલીની પ્રજામાં ખવારિજો નામક જે ધર્માંધ પક્ષ હતો તેણે ખુલ્લંખુલ્લા એમ કહેવા માંડ્યું કે, 'અમારે કોઈ ખલીફ જ ન જોઈએ; અલ્લાનું જ રાજ્ય જોઈએ.' આ લોકોનું ઝનૂન એટલી હદે પહોંચ્યું કે અલકૂફાથી દૂર એક સંકેતસ્થાન પર એક સંગઠિત લશ્કરના રૂપમાં એઓ એકઠા થયા ને મદીના પર ચડાઈ લઈ ગયા. એમનો વિચાર ત્યાં એક પ્રતિનિધિસભા સ્થાપીને સમાજવાદી સિદ્ધાંતો પ્રમાણે એક નવું ધર્મરાજ્ય સ્થાપવાનો હતો. પણ મદીનાનો સૂબો વખતસર ચેતી જવાથી એમનું કાંઈ ચાલ્યું નહિ. પણ તેઓ આગેકૂચ કરતાં કરતાં નહરવાં નામક સ્થળે પહોંચ્યા. રસ્તે એમણે બહુ અત્યાચારો પણ કર્યા. એમણે જબરદસ્તીથી પોતાના સિદ્ધાંતો લોકો પાસે સ્વીકારાવવાનું બીડું ઝડપ્યું હોવાથી, જેમણે એમની વાત ન માની એમના જાન જ લીધે રાખ્યા! એક સગર્ભા બાઈનું તો એ ગુના માટે તલવારથી પેટ ચીર્યું!

હજરત અલીએ દરમિયાન લગભગ ૬૫,૦૦૦ માણસોનું લશ્કર મુઆવિયા સાથે લડવા માટે મહામુશ્કેલીથી તૈયાર કર્યું હતું. રસ્તે જ્યારે એમને ખવારિજોના અત્યાચારોના હાહાકારભર્યા ખબર મળ્યા ત્યારે લશ્કરની માગણીથી એમણે આ ઘરના દુશ્મનોનો નિકાલ કરવાનો નિશ્ચય કર્યો. ખવારિજો ભારે ધાર્મિક ઝનૂનથી લડ્યા. પણ સમજાવટના ભારે પ્રયત્ન પછી જે અઢારસો ધર્માંધો મક્કમ રહ્યા હતા તે એકેએક તુમુલ યુદ્ધ કરતા કરતા કામ આવ્યા!

ત્યાર પછી હજરત અલીના લશ્કરને સીરિયા પર ચડાઈ લઈ જતાં પહેલાં સાસ ખાવાની ને નવી શસ્ત્રસજાવટ કરી લેવાની જરૂર જણાઈ. ને એમ કરવા જતાં મહામહેનતે એકત્ર કરેલી બધી ફોજ એકેએક વીખરાઈ ગઈ તે ફરી એકઠી જ ન થઈ! દરમિયાન મુઆવિયા પક્ષે અમરૂલઆસે આંતરિક અશાંતિનો લાભ લઈ મિસર ફરી એક વાર ફતેહ કરી લીધું, ને હજરત અલીએ નીમેલા સૂબાને — હજરત ઉસ્માન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામેના બળવાના એક આગેવાન મહંમદ બિન અબુબક્રને – મારી નાખી ગધેડાના ચામડામાં સીવીને બાળી મૂક્યો. એની મદદે મોકલેલા અલમશ્તર નામના બીજા એક 'બળવાખોર'ને મુઆવિયાએ મિસરની સરહદ સુધી પહોંચતાં જ વિષપ્રયોગથી મરાવી નખાવ્યો ને હજરત અલી બીજી લશ્કરી મદદ મોકલે ત્યાર પહેલાં જ મિસરનો મામલો મુઆવિયાના લાભમાં પતી ગયો. ત્યારપછી બંને 'ખલીફા' એકબીજાના દેશો પર અવારનવાર ધાડો લઈ જવાની અને પ્રજાની હેરાનગતિ કરવાની હરીફાઈમાં જ પડ્યા! પરિણામે પ્રજા તંગ આવી ગઈ ને અંધાધૂંધીનો પાર રહ્યો નહિ. છેવટે બંને 'ખલીફા'એ એક ઉપરચોટિયા સમાધાનથી પ્રજાને કાંઈ રાહત આપી, પણ અંદરખાને વેરની હોળી ને તેને શમાવવાની ગુપ્ત પેરવીઓ ચાલુ જ રહી!

પણ આ કહેવાતા સમાધાનની એક બીજી અસર થઈ. અને તે નવું સમાજવાદી ધર્મરાજ્ય સ્થાપવાનાં સ્વપ્નો સેવતા ખવારિજો પર. એઓ અધીરા થઈ ગયા, ને વિચારવા લાગ્યા કે જ્યાં સુધી અમરૂલઆસ, મુઆવિયા ને અલીની ત્રિપુટી હયાત છે ત્યાં સુધી દેશમાં ધર્મરાજ્ય સ્થાપવાની કોઈ વાતનો વિજયવારો આવવાનો નથી. આથી ત્રણ ખવારિજોએ એ ત્રણનાં માથાં વહેંચી લીધાં! એક જ દિવસે ને એક જ સમયે જુદે જુદે સ્થળે વસતા આ ત્રણેને પૂરા કરવાની પ્રતિજ્ઞાઓ લેવાઈ! પણ બન્યું એમ કે અમરૂલ છટકી ગયો, મુઆવિયા ઘાયલ થયો પણ જીવી ગયો, ને ઇમામત કરવા જતાં મસીદમાં જ હજરત ઉમરની જેમ ઈ. સ. ૬૬૧ યાને હિજરી સન ૪૦માં હજરત અલી — અરબી ભાષાના પહેલા વૈયાકરણી, પેગંબર સાહેબના એકના એક કાયદેસરના વારસ, અને પુરુષોમાં સિંહ જેવા ધર્મવીર પણ હતભાગી ખલીફ ઝેર પાયેલા ખુની ખંજરના ભોગ થઈ પડ્યા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

ઈસ્લામ

મૂળમંત્ર – શાંતિ

ઇસ્લામ એટલે કુરાને શરીફમાં શીખવેલો ધર્મ. તેરસો કરતાં વધારે વર્ષો પર મહમ્મદ પેગંબરે તે શીખવ્યો. ઇસ્લામ નામ આ ધર્મને પેગંબરે પોતે કુરાનમાં જ આપેલું છે. એનો અર્થ 'શાંતિ કરવી' એવો થાય છે. આથી કુરાન પ્રમાણે 'મુસ્લિમ' એટલે ખુદા અને આદમી સાથે જેણે શાંતિ સાધી છે તે. ખુદા સાથે શાંતિ સાધવી એટલે એના બંદા થઈને રહેવું, અને આદમી સાથે શાંતિ સાધવી એટલે મનુષ્યમાત્રનું ભલું – કલ્યાણ કરવું. કુરાનમાં (૨ : ૧૧૨) કહ્યું છે કે, 'જે અલ્લાનો બંદો થઈને રહે છે, અને બીજાઓનું ભલું કરે છે, તેને ખુદા તેનો બદલો આપે છે; ડર અને દુઃખથી તે પર થઈ જાય છે.' શાંતિ એ ઇસ્લામનો મૂળમંત્ર છે. એકબીજાને મળે ત્યારે મુસ્લિમો 'શાંતિ' શબ્દનો જ ઉદ્‌ગાર કરે છે: अस्सलाम अलैकुम ! ('તમને શાંતિ મળો'.) અને સામો માણસ પણ જવાબમાં કહે છે, अलैकुम – उस् – सलाम ! ('તમને પણ શાંતિ મળો.') ઇસ્લામના બહેશ્ત (સ્વર્ગમાં) પણ એ જ રિવાજ રાખવામાં આવ્યો છે. બલ્કે ત્યાં તો 'શાંતિ' સિવાય કોઈ બીજો શબ્દ જ કાને પડતો નથી. ખુદાને કુરાનમાં એક જગાએ (૨૯ : ૫૩) 'શાંતિકર્તા' એવું ઉપનામ આપેલું છે. ઇસ્લામનું ધ્યેય મનુષ્યને 'શાંતિધામ'માં પહોંચાડવાનું છે. 'અલ્લાનું આમંત્રણ (સૌને) શાંતિધામમાં પહોંચવા માટે છે.' (૧૦ : ૨૫) આમ શાંતિ એ ઇસ્લામનો મૂળમંત્ર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે ખાસિયત

મોલવી મહંમદઅલી ઇસ્લામની બે ખાસિયતોનો ખાસ ઉલ્લેખ કરે છે:

પોતાની જેમ પોતાની પૂર્વેના સર્વ ધર્મોને ઇસ્લામ પેગંબરો દ્વારા પ્રકાશિત થયેલા અર્થાત્ ઈશ્વરપ્રેરિત માને છે. જો કે ઇસ્લામનો દાવો છેલ્લામાં છેલ્લો અને પૂર્ણધર્મ હોવાનો છે. આગળના સર્વધર્મોનાં મૂળ તત્ત્વો પરિશુદ્ધ કરીને ઇસ્લામે અપનાવી લીધાં છે અને નવાં ઉમેર્યાં છે. સમયના પ્રવાહને લીધે પૂર્વેના ધર્મોમાં પેસી ગયેલી બદીઓ કાઢવાનો, સત્યાસત્યનો વિવેક કરવાનો, જૂના સમાજોની વિશિષ્ટ પરિસ્થિતિને લીધે અથવા પ્રાથમિક દશાને લીધે નહીં ઉપદેશાયેલાં સત્યો ઉપદેશવાનો, અને સર્વ ધર્મોમાં સમાયેલાં સત્યોને એક જ આધાર-ભૂત કિતાબમાં એકત્રિત કરવાનો ઇસ્લામનો આશય છે. આ એની પહેલી ખાસિયત.

બીજી ખાસિયત એ કે, ઇસ્લામ ઐતિહાસિક ધર્મ છે, અને અને એનો સ્થાપક પૂર્ણપણે ઐતિહાસિક પુરુષ છે.

મૂળતત્ત્વો

ઇસ્લામનાં મૂળતત્ત્વો કુરાનના પહેલા અધ્યાય (સુરતુલબકરહ)ની શરૂઆતની આયાતોમાં જ આવી જાય છે:—'પાપમાંથી બચવા ઇચ્છનારાઓ માટે, અદૃષ્ટમાં માનનારાઓ માટે, પ્રાર્થનાનું પરિસેવન કરનારાઓ માટે, અને અમે (ખુદાએ) જે આપ્યું છે તેનો મંગલમય — કલ્યાણકારી ઉપયોગ કરનારાઓ માટે આ કિતાબ વિશ્વાસુ ભોમિયા રૂપ છે. આ લોક પછીના લોક વિષે એઓ નિ:શંક રહે.' આમાં ઇસ્લામનાં પાંચ મૂળતત્ત્વોનો સમાવેશ થયેલો જણાશે: ત્રણ શ્રદ્ધાતત્ત્વો, અને બે આચારતત્ત્વો. શ્રદ્ધાતત્ત્વો આ પ્રમાણે: (૧) અદૃષ્ટ કહેતાં ઈશ્વર વિષે, (૨) કુરાન વિષે (૩) અને પરલોક વિષે શ્રદ્ધા. આચારતત્ત્વો આ પ્રમાણે: (૧) ઈશ્વરપ્રાર્થના યા નમાજ, અને (૨) પ્રાર્થનામય – સેવામય – કલ્યાણમય જીવન. આ પાંચે તત્ત્વો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ ધર્મમાં સમાન છે અને સર્વધર્મોના પાયારૂપ છે, એ નોંધવા જેવું છે.

ઇસ્લામનો ઈશ્વર

ઇસ્લામનો ઈશ્વર નાનાં નાનાં માનવકુળોનાં, જ્ઞાતિજાતિનાં કે રાષ્ટ્રનાં તમામ દેવદેવીઓથી પર છે. ખુદા તો 'આ લોક અને પરલોક સર્વ લોકનો ઈશ' છે, અને તે એક જ છે. અનેકેશ્વરવાદ કે અવતારવાદ ઇસ્લામને માન્ય નથી. ખુદાને અર્રહમાન અને અર્રહીમ અર્થાત્ મંગલમય અને દયામય કહ્યો છે. કુરાનમાં ખુદાએ કહ્યું છે કે, 'મારી દયા ભૂતમાત્ર પર — સકળ સૃષ્ટિ પર વિસ્તરેલી છે.' એ સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છે.

જે પૂર્ણ પુરુષ જગતને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવે છે તે ઈશ્વરનો અવતાર અર્થાત્ મનુષ્યરૂપે ઈશ્વર નથી, પણ મનુષ્ય જ છે. ફરક માત્ર એ છે કે, ઈશ્વરપ્રેમમાં મગ્ન રહેવાથી એનામાં દૈવી ગુણો દેખાયા છે. જે એવો ઈશ્વરાનુરાગ કેળવે તેનામાં એવા ગુણો દેખાય.

મરણ પછી

"દરેક માણસનાં કર્મો એની ડોકમાં વળગેલાં રહેશે, અને કયામતને દિવસે અમે એની આગળ એનાં કર્મોનો ચોપડો ખુલ્લો મૂકીશું." (૧૭ : ૧૩) "આ લોકમાં જે (આધ્યાત્મિક રીતે) આંધળા હશે, (તેઓ) પછી (પરલોકમાં પણ) આંધળા રહેશે. (૧૭ : ૧૨) "શાંતિ પામેલા હે આત્મા! તારા માલિક પાસે પાછો જા — એનાથી સુપ્રસન્ન થઈને અને સુપ્રસન્ન કરતો." (૮૯ : ૨૭ – ૩૦)

મરણ પછીનું જીવન એ માત્ર આ લોકમાંના જીવનનું સાતત્ય ચાલુ રાખે છે. જે આ લોકમાં સ્પષ્ટ નહોતું દેખાતું તે પછી સ્પષ્ટ દેખાય છે; ગુણદોષ અને પાપપુણ્યની વિવિધ વૃત્તિઓ પૂર્ણ પ્રકાશમાં આવે છે. એટલે મરણ પછીની સ્થિતિ ફક્ત આ જીવનમાંની આધ્યાત્મિક સ્થિતિની પ્રતિકૃતિ જ છે. નરકની શિક્ષા કાયમી નથી, આત્મશુદ્ધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થે છે. મરણ પછીના જીવનમાં અનંત વિકાસને અવકાશ છે. સ્વર્ગ આ લોકમાં કરેલાં પુણ્યોનું ફળ ભોગવવા પૂરતું જ નથી — અર્થાત્ એ ભોગભૂમિ નથી, પણ મનુષ્યની ઉચ્ચતર શક્તિઓના વિકાસનું મંડાણ કરવાની ભૂમિ છે. સ્વર્ગસદનમાં વસનારાંઓએ આળસુ જીવન ગુજારવાનું નથી; પણ ઉચ્ચતર કક્ષાઓને પહોંચવા માટે સતત તપશ્ચર્યા કરવાની છે. આથી જ સ્વર્ગમાં જે પ્રાર્થના કરવાનું શીખવાયું છે તે આ છે: "ઓ અમારા માલેક, અમારો પ્રકાશ અમારે માટે પરિપૂર્ણ કર." (૬૬ : ૮)

દેવદૂતોની માન્યતા

અદૃષ્ટ ઈશ્વરની જેમ ઇસ્લામ દેવદૂતમાં પણ માને છે. મનુષ્ય પોતાની સદ્‌વૃત્તિઓને અનુસરે એવું આકર્ષણ કરનાર તે દેવદૂત; અને દુષ્ટ વૃત્તિઓને અનુસરે એવું આકર્ષણ કરનાર તે સેતાન. કુરાનમાં દેવદૂતોને માનવાનો વારંવાર બોધ આપવામાં આવ્યો છે, ત્યારે સેતાનને ન માનવાનો હુકમ અપાયો છે. ઉદા૦ "એથી કરીને જે સેતાન અને એના દૂતોને (તાધૂતને) નહિ માનતાં અલ્લાહને માને છે, તેણે ખરેખર સૌથી મજબૂત હાથ હાથ કર્યા છે.' (૨:૨૫૬) આના પરથી એ પણ જણાશે કે અમુકમાં માનવાનો અર્થ કેવળ એના અસ્તિત્વને સ્વીકારવાનો નથી, પરંતુ એને અનુસરવાનો — માન્યતા પ્રમાણે આચરણ કરવાનો છે.

આચારના સિદ્ધાંતો

આચારના સિદ્ધાંતો શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે મૂળે બે છે: પ્રાર્થના અને કલ્યાણકાર્ય. ખુદાએ જે આપ્યું હોય તેનો કલ્યાણમય — મંગલમય ઉપયોગ કરવાના વિષયમાં 'ઝકાત' અર્થાત્ દાન માટે ધર્માદા રકમ કાઢવાનો સ્પષ્ટ આદેશ છે. આ બે આજ્ઞાઓમાં બીજી બે — રમજાનના રોજા અને હજ એ ઉમેરીએ, એટલે ઇસ્લામી આચારના ચાર સ્તંભ પૂરા થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) નમાઝ

પ્રથમ પ્રાર્થના અર્થાત્ નમાઝ લઈએ. મરદ યા ઓરત દરેક પુખ્ત ઉંમરના મુસ્લિમ માટે નમાઝ ફરજિયાત છે. એ પાંચ વાર પઢવાની હોય છે:

૧. સલાતુલ્ફજ્ર અર્થાત્ સવારની નમાઝ પો ફાટ્યા પછી અને સૂર્યોદય થતાં પહેલાં પઢવાની હોય છે.

૨. સલાતુઝ્ઝુહ્ર અર્થાત્ બપોરની નમાઝ માથેથી ભાણુ ઊતરવા માંડે ત્યારે શરૂ કરવાની હોય છે. નમતા પહોરની નમાઝ સુધી એનો સમય વિસ્તરે છે.

૩. સલાતુલઅસ્ર અર્થાત્ નમતા પહોરની નમાઝ સૂરજ એના નમન-માર્ગની લગભગ મધ્યમાં પહોંચે ત્યારે પઢવાની હોય છે. ભાણુ યથાર્થ ડૂબે ત્યાંસુધી એનો સમય પહોંચે છે.

૪. સલાતુલમઘરિબ અર્થાત્ સૂર્યાસ્ત સમયની નમાઝ ભાણુ ડૂબ્યા પછી તરત જ પઢવાની હોય છે.

૫. સલાતુલઈશા અર્થાત્ પહેલી રાતની નમાઝનો સમય પશ્ચિમમાં રતાશ અદશ્ય થાય ત્યારથી શરૂ થઈ મધરાત સુધી પહોંચે છે. પણ સૂતા પહેલાં એ પઢી લેવી જોઈએ.

માણુસ માંદો હોય, મુસાફરી કરતો હોય, અથવા વરસાદને લીધે મસીદમાં જઈને સમૂહ-પ્રાર્થનામાં ભળાય એમ ન હોય, તો બીજી અને ત્રીજી, તથા ચોથી અને પાંચમી નમાઝ એકબીજામાં ભેળવી દઈ શકાશે. એમ થાય ત્યારે સુન્નતનો (નમાઝનો જાતે પઢી લેવાનો) ભાગ છોડી દઈ શકાય.

આ પાંચ ફરજિયાત નમાઝો ઉપરાંત બે મરજિયાત નમાઝ છે. (૧) સલાતુલ્લૈલ અર્થાત્ મોડી રાતની નમાઝ. એને તહજ્જુદ પણ કહે છે. એનો સમય મધરાત પછી શરૂ થાય છે, અને પો ફાટતાં સુધી પહોંચે છે. કુરાનમાં આ નમાઝની ખાસ ભલામણ કરવામાં આવી છે. (૨) સલાતુજ્જુહા એ બીજી મરજિયાત નમાઝ છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગભગ નાસ્તાને સમયે પઢવાની હોય છે. એ ઇદની નમાઝો આ સમયે જ પઢાય છે.

નનાઝની તૈયારી: — દરેક નમાઝ પહેલાં સામાન્ય રીતે ઉઘાડા રહેતા શરીરના ભાગો ધોવા જરૂરી છે. એને વુજુ અથવા વજુ કહે છે. એ આ પ્રમાણે: —

(૧) કાંડાં સુધી હાથ ધોઈને સ્વચ્છ કરવા.

(૨) દાંત સાફ કરવા અને મોં અંદરથી ધોઈને સાફ કરવું.

(૩) નાક સાફ કરવું. પાણી વડે નસકોરાં અંદરથી સાફ કરવાં.

(૪) આખું મોં બહારથી ધોઈને સાફ કરવું.

(૫) પછી જમણો હાથ અને ત્યાર પછી ડાબો હાથ કોણી સુધી ધોવો.

(૬) ત્યાર બાદ ટચલી આંગળી અને અંગૂઠા સિવાયની ત્રણે આંગળીઓને એકઠી કરીને બંને ભીના હાથથી માથું લૂછી નાખવું.

દીર્ઘશંકા કે લઘુશંકા પછી ફરી વજુ કરવું જોઈએ. સંભોગ કર્યો હોય તો પૂર્ણ સ્નાન કરવું જોઈએ, અથવા તો આખા શરીરને ધોઈ લેવું જોઈએ.

નમાઝ પઢનાર બીમાર હોય, અથવા પાણી ન મળી શકે એમ હોય, તો શુદ્ધ માટીને બંને હાથ અડકાડી એના વડે ફક્ત એક વાર મોં અને હાથનો પાછલો ભાગ લૂછી નખાય એ પૂરતું છે. આ આપદ્ધર્મની ક્રિયાને તયમ્મુમ કહે છે.

નમાઝની ક્રિયા: — નમાઝની ક્રિયાના સામાન્ય રીતે બે ભાગ છે. ફર્ઝ અને સુન્નત. ફર્ઝ સમૂહ સાથે પઢવાનો ભાગ છે. એ મસ્જિદમાં ઇમામના પ્રમુખપણા નીચે પઢાય તો વધારે સારું. બીજો ભાગ સુન્નત એ જાતે એકલાએ પઢવાનો ભાગ છે. પોતાના ઘરમાં જ એ પઢી લેવાય એ સૌથી વધારે પસંદ કરવા યોગ્ય છે. પરંતુ સંઘ-પ્રાર્થનામાં ન ભળી શકાય એમ હોય ત્યારે સુન્નતની જેમ ફર્ઝ પણ એકાંતમાં પઢી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારની નમાજમાં બે રકાત (સુન્નતની) જાતે એકલાએ પઢવાની હોય છે, અને બે રકાત (ફર્ઝની) સમૂહમાં પઢવાની હોય છે.

બપોરની નમાજ લાંબી છે. એમાં પ્રથમ ચાર અથવા બે રકાત (સુન્નત) એકાંતમાં પઢવાની હોય છે અને ત્યારબાદ બે રકાત (ફર્ઝની) સમૂહમાં પઢવાની હોય છે. અને વળી પાછી બે રકાતો (સુન્નતની) એકલા પઢવાની હોય છે.

બપોરે કરાયેલી જુમ્માની નમાજમાં સમૂહમાં પઢાતી ચાર રકાતો (ફર્ઝ) ઘટાડીને બે કરવામાં આવે છે. પણ આ રકાતો પૂર્વે 'ખુતબા' થાય છે, જેમાં મુસ્લિમોને ભલાઈ કરવાના અને નૈતિક ઉન્નતિના પુણ્યપંથે પળવાની પ્રેરણા કરવામાં આવે છે. રાષ્ટ્રીય અને કોમી ઉન્નતિ વિષે પણ ઉપદેશ આપવામાં આવે છે.

નમતા પહોરની નમાઝમાં ચાર રકાતો (ફર્ઝ) સમૂહમાં પઢવાની હોય છે.

સૂર્યાસ્ત-સમયની નમાઝમાં ત્રણ રકાતો (ફર્ઝ) સમૂહમાં પઢ્યા પછી બે રકાતો (સુન્નત) એકાંતમાં પઢવાની હોય છે.

પહેલી રાતની નમાઝમાં ચાર રકાતો (ફર્ઝ) સમૂહમાં, પછી બે રકાતો (સુન્નત) એકલા, અને વળી પાછી ત્રણ રકાતો (વિત્ર) એકલા એમ કુલ નવ રકાતો પઢવાની હોય છે. અમાંની છેલ્લી રકાતમાં કુનૂત નામની સુપ્રસિદ્ધ પ્રાર્થના આવે છે.

મોડી રાતની મરજિયાત નમાજ (તહજ્જુદ) બબ્બેના જોડકામાં પઢાતી આઠ રકાતોની બનેલી હોય છે. જુહા અર્થાત્ બપોર પહેલાં પઢવાની મરજિયાત નમાઝ બે અથવા ચાર રકાતોની બનેલી હોય છે.

ઈદની નમાઝમાં બે રકાત (સુન્નત) પઢ્યા પછી ખુતબા થાય છે. આ ખુતબાનો હેતુ જુમ્માની નમાઝ જેવો જ હોય છે.

મુસાફરી વખતે સવાર સિવાયની બીજી બધી નમાઝોમાં સુન્નત છોડી દેવાય છે. અને જુહ્ર, અસ્ર અને ઈશા નામની (બીજી, ત્રીજી, પાંચમી) નમાઝોમાં પઢાતી ચાર ચાર રકાતો બબ્બે કરી દેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ માણુસને જ્યારે ખબર હોય કે અમુક સ્થળે ચાર અથવા વધારે દિવસો મુકામ કરવાનો છે, ત્યારે ત્યાં પૂરી નમાઝ પઢવી જોઇએ.

બે અથવા બેથી વધારે મુસ્લિમો સાથે હોય, ત્યારે તેઓ પોતાનામાંના એકને ઇમામ બનાવીને સામુદાયિક પ્રાર્થના કરી શકે છે. એકલો માણુસ સુન્નતની જેમ ફર્જ પણ એકલો પઢી શકે.

સામુદાયિક મુસ્લિમ પ્રાર્થનાની બે મુખ્ય વિશિષ્ટતાઓ છે. (૧) કોઈ પણ માણુસ તેમાં ઇમામ થઈ શકે છે. શરત માત્ર એટલી જ કે એને બીજાઓ કરતાં કુરાન વધારે સારી રીતે આવડતું હોવું જોઈએ અને એ વધારે સદ્‌ગુણી હોઈ, પ્રભુ અને પ્રભુનાં પ્રાણીઓ પ્રત્યેની ફરજો અદા કરવામાં ચડિયાતો હોવો જોઈએ. (૨) નમાઝ પઢનારા સમૂહમાં ન્યાતજાત, પદ કે ધનનો કાંઈ પણ ભેદ રખાતો નથી. રાજા પણ પોતાના છેક નીચેની કોટીના પ્રજાજન સાથે ખભે ખભો અડાડીને નમાઝ પઢે છે.

દરેક સામુદાયિક નમાઝની પૂર્વે અઝાન અર્થાત્ નમાઝની હાકલ ખુલ્લા મોટા અવાજથી કરાવી જોઈએ. નમાઝ શરૂ થતાં પહેલાં બધાએ વ્યવસ્થિત રીતે હારબંધ ઊભા રહેવું જોઈએ.

अज़ान અર્થાત્ નમાઝની હાકલ (બાંગ) નીચેનાં વાક્યોની બનેલી હોય છે. કિબ્લા તરફ મોં કરીને બંને હાથ કાન સુધી ઊંચા કરીને મોટા અવાજથી બાંગ પોકારવામાં આવે છે.

૧. अल्लाहु अक्बर — અલ્લાહ-ઈશ્વર સૌથી મોટો છે.

૨. अश्–हदु अल्–ला–ईलाह ईल्ल्–अल्लाह — હું સાક્ષી પૂરું છું કે અલ્લાહ સિવાય કોઈને પૂજવો ઘટતો નથી. (આ વાક્ય બે વાર પોકારાય છે.)

૩. अश्–हदु अन्न मुहम्मदर्–रसूलुल्लाह — હું સાક્ષી પૂરું છું કે મુહમ્મદ અલ્લાહનો પયગંબર છે. (આ વાક્ય પણ બે વાર પોકારાય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. हय्य अलस्–सलाह — નમાઝ પઢવા પધારો. (આ વાક્ય મોં જમણી બાજુ કરીને બે વાર પોકારવામાં આવે છે.)

૫. हय्य अलल–फलाह — વિજયી થવા પધારો. (મોં ડાબી બાજુ રાખીને આ બે વાર પોકારાય છે.)

૬. अल्लाहु अक्बर — અલ્લાહ સૌથી મોટો છે. (બે વાર)

૭. ला ईलाह ईल्ल् – अल्लाह — અલ્લાહ સિવાય બીજો કોઈ દેવ નથી.

સવારની નમાઝની બાંગમાં નીચેનું વાક્ય ક્રમાંક પાંચ પછી ઉમેરાય છે:—

अस्–सलातु खैरुन मिन–अन–नौम અર્થાત્ નિદ્રા કરતાં નમાઝ બહેતર છે. આ વાક્ય પણ બે વાર પોકારાય છે.

इकामत×: અઝાન પછી ઇકામત આવે છે. એમાં અઝાનના ઉપર્યુક્ત મંત્રો માત્ર એક એક વાર બોલાય છે અને 'નિદ્રા કરતાં નમાઝ બહેતર છે' એ મંત્રની જગાએ બે વાર 'કદ્ કામતિસ્સલાહ' અર્થાત્ 'નમાઝ ખરેખર શરૂ થઈ છે.' એ મંત્ર બોલાય છે. ઇકામત દરમિયાન નમાઝ પઢનારાઓએ એક યા અનેક હારોમાં વ્યવસ્થિત ઊભા રહી જવાનું હોય છે.

ઈદની નમાઝોમાં અઝાન અને ઇકામત બંને છોડી દેવાય છે. એને બદલે પહેલી રકાતમાં 'અલ્લાહુ અક્બર' એ મંત્ર સાત વાર અને બીજીમાં 'તકબિરે–તહ્રિમહ્'* પછી પાંચ પાંચ વાર બોલાય છે. જુમ્માની નમાઝમાં સામાન્યતઃ બે બાંગ પોકારાય છે. બીજી બાંગ ઇમામ ખુતબાની શરૂઆત કરે તે પહેલાં પોકારવામાં આવે છે.

× इकामत — એક જગાએ રહેવું–કાયમ થવું. નમાઝ પઢવા એકઠા થયેલા લોકોને ઇકામતની વિધિ એ ખરી રીતે નમાઝ માટે વ્યવસ્થા કરવાની રીત છે.

* અર્થ માટે જુઓ રકાતનું વર્ણન કલમ ૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નમાઝ — વ્યક્તિગત કે સામુદાયિક — મસ્જિદમાં જ થાય એવું કાંઈ નથી; જરૂર હોય તો એ ગમે ત્યાં પઢી શકાય. મુહમ્મદ પયગંબર સાહેબે કહ્યું કહેવાય છે કે સાચા નમાઝી માટે સારી આલમ મસ્જિદરૂપ છે.

रकातनुं वर्णन : રકાતનું બયાન નીચે મુજબ છે:—

૧. પ્રથમ કિબ્લા સામે મોં કરીને ઊભા રહ્યા પછી બંને હાથ કાન સુધી ઊંચા કરવામાં આવે છે અને અલ્લાહુ અકબર ' એ મંત્ર ઉચ્ચારાય છે. આને ' तक्विरे तह्रिमह् ' કહે છે.

૨. પછી જમણા હાથ પર ડાબો આવે એમ બંને હાથ છાતી પર મૂકી ઊભે ઊભે નીચેની પ્રાર્થના વા એનો એક ભાગ બોલાય છે.

મૂળ : इन्नी वज्जह्तु वज-हिय लिल्लझी फतर-अस्समावाते वल-अर्ध हनिफन व मा अन मिन-अल-मुश्रीकीन। इन्न सलाती व नुसुकी व महयाय व ममाती लिल्लाहे रब्बिलआलमीन, ला शरीक लहु विझालिक उम्रितु व अन मिन अल-मुस्लिमीन। अल्लाहुम्म अन्त -अल-मलिकु ला इलाह इल्ला अंत, अंत रब्बी व अन आब्दुक झलम्तु नफसी वा' -तरफतु बिझन्बी फघफिर्ली झनूबी जमियन इन्नहु ला यघ्फिर-उझ-झूनूब ईल्ला अंत, वह्दिनी लि-अह्सन-इल् अखलाकी ला यह्दी लि-अहसनिहा इल्ला अंत, वस्रिफ 'अन्नी सय्यि'अहा-ला यस्रिफु 'अन्नी सय्यि'अहा इल्ला अंत।

अर्थात् :— નેક આદમી તરીકે મેં ખચીત મારી જાતને આકાશ અને પૃથ્વીના સર્જનહાર તરફ વાળી છે. હું અનેકેશ્વર-વાદીઓમાંનો નથી. ખચીત મારી પ્રાર્થના, મારું બલિદાન, મારું મારું જીવન તથા મારું મરણ સૌ આલમોના ખુદા એવા અલ્લાહને અર્થે છે. એનો કોઈ ભાગીદાર નથી. એણે મને આ હુકમ કર્યો છે. અને હું એને વશ વર્તનારાઓમાંનો છું; ઓ અલ્લાહ ! તું રાજા છે. તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. તું મારો માલિક છે અને હું તારો બંદો છું. મારી જાત પ્રત્યે હું અન્યાયી થયો છું અને મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપરાધ હું કબૂલ કરું છું. તેથી મારા સર્વ અપરાધો સામે મને રક્ષણ આપ, અને ઉત્તમ નીતિ તરફ મને દોર. તારા વિના અપરાધોમાંથી બચાવનાર કોઈ નથી. અને તારા વિના ઉત્તમ નીતિ તરફ દોરી જનાર (પણ) કોઈ નથી. મારામાંથી અનીતિ દૂર કર. કારણ, તારા વિના મારામાંથી અનીતિ દૂર કરનાર કોઈ નથી.

આ પ્રાર્થનાને બદલે સામાન્ય રીતે નીચેની ટૂંકી પ્રાર્થના કરવામાં આવે છે:—

મૂળ –– सुबहान–क अल्लाहुम्म व बि–हम्द–इ–क व तबारक –अस्म–उ–क व ता'अला जद्द–उ–क व ला इलाह 'घैर–उ–क औज़ु बिल्लाहि मिन्–अश्–शैतान–इर्–रजीम

સુજશ હો તારા ઓ અલ્લાહ! તું સ્તુત્ય છે. તારું નામ પવિત્ર છે અને તારી ભવ્યતા ઉન્નત છે. તારા સિવાય બીજો કોઈ સેવ્ય નથી. શાપિત શયતાનથી બચવા માટે ઓ અલ્લાહ! હું તારે શરણે આવું છું.

આને कियाम કહે છે.

પછી એની એ સ્થિતિમાં ઊભા રહીને નીચે પ્રમાણે फातिहह પઢવામાં આવે છે.

बिस्मिल्लाह्–इर्–रेहमान–इर्–रहीम । अलहम्द उ लिल्लाह इ रब्बिल' आलमीन् । अर्-रहमान-इर्–रहीम. । मालिक–इ–यौम–ईद्-दीन । इय्याक न'बुदु व इय्याक नस्त'ईन । इहदि–नस्–सिरात–अल–मुस्तकीम । सिरात–अल्लज़ीन् अन्' अम्तअलैहिम गैर–ईल मगदुब इ अलैहिम–व लद्दाआल्लीन ।

अर्थात् — કલ્યાણકર્તા (રહમાન) દયાળુ (રહીમ) પરમેશ્વરને નામે. આલમોના ખુદા, રહેમાન અને રહીમ એવા અલ્લાહને –કયામતના દિનના માલેકને સ્તુતિ માત્ર ઘટે છે. અમે (ઓ અલ્લાહ) તારી સેવામાં છીએ અને મદદ માટે તને યાચીએ છીએ. અમને સાચા રસ્તે — જેમના પર તારી મહેરબાની ઊતરેલી છે એઓના રસ્તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

— દોર; જેમના પર તારો કોપ ઊતર્યો છે અથવા જેઓ આડે માર્ગે દોરાઈ ગયા છે એમના રસ્તે નહિ.

ઉપરની પ્રાર્થના પૂરી થયા પછી 'આમીન' અર્થાત્ તથાસ્તુ એવો મંત્રોચ્ચાર કરવામાં આવે છે; અને પછી કુરાનેશરીફનો કોઈ પણ ભાગ જે નમાઝ પઢનારને મોઢે હોય તેનો પાઠ કરવામાં આવે છે. સામાન્ય રીતે કુરાનેશરીફને અંતે આવતા એકાદા નાના અધ્યાયનો પાઠ કરવામાં આવે છે. જેમને પાક કુરાનનો પરિચય નથી એમને अल-इखलास નામના અધ્યાયની ભલામણ કરવામાં આવે છે:—

એ નીચે પ્રમાણે:—

कुल हुव-अल्लाहु अहद । अल्लाह-उस्-समद । लम यलिद व लमयुलद । व लम यकुल्लहु कुफुवन् अहद । અર્થાત્ બોલ એ — અલ્લાહ એક છે. અલ્લાહ એ છે કે જેનાથી કોઈ સ્વતંત્ર નથી; એ કોઈ જન્મ આપતો નથી. એ અજન્મા છે; એના સમાન કોઈ નથી.)

૩. પછી 'अल्लाहु अक्बर' એવો મંત્રોચ્ચાર કરીને નમાઝી હથેળીઓ ઢીંચણે અડે એવી રીતે મસ્તક નમાવે છે. આ સ્થિતિમાં (એને રૂકુ' કહે છે) ઈશ્વરની સત્કીર્તિ અને ભવ્યતાનો બોધ કરતા નીચેના મંત્રનું ત્રણ વાર ઉચ્ચારણ કરવામાં આવે છે :—

सुब-हान्-अ रब्ब-ई-य-अल-'अज्ञीम । અર્થાત્ મારા મહાન માલેકના સુજશ હો.

આને બદલે અથવા આમાં ઉમેરીને નીચેનો મંત્ર પણ બોલી શકાય.

सुब्-हानक-अल्लाहुम्म रब्बना व बिहमदिक अल्लाहुम्-मघफिर ली। અર્થાત્ ઓ અલ્લાહ ! અમારા માલિક ! તારી સુકીર્તિ હો. તારી જ સ્તુતિ હો; ઓ અલ્લાહ ! મારું રક્ષણ કર.

૪. આની પછી નીચેના મંત્રો બોલતાં પ્રાર્થી ઊભો થાય છે:—

समि'-अल्लाहु लिमन हमिदह, रब्बना व-लक-अल-हम्द । અર્થાત્ જે અલ્લાહની સ્તુતિ કરે છે તેનો એ સ્વીકાર કરે છે. ઓ અમારા માલિક ! તારી જ સ્તુતિ હો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. પછી પ્રાર્થી ઘૂંટણે પડી વંદન કરે છે. આમાં બંને પગનાં આંગળાંનો અગ્રભાગ, બંને ઢીંચણ, બંને હાથ અને કપાળ જમીનને અડે છે. આ સ્થિતિમાં નીચે પ્રમાણે ઓછામાં ઓછા ત્રણ વાર મંત્રોચ્ચાર કરવામાં આવે છે.

सुब्–हान्–अ रब्बियल–आ'ला । અર્થાત્ મારા સર્વોચ્ચ માલિકનો સુજશ હો.

નીચેનો મંત્ર આમાં ઉમેરી શકાય અથવા તો આને બદલે બોલી શકાય.' सुब्ह्.न–क अल्लाहुम्म रब्ब–ना व बि–हम्दिक अल्लाहुम्–मघफिर ली [અર્થ માટે જુઓ (૩)]

આ પહેલી सज्दह થઈ.

૬. પછી નમાઝ પઢનાર जल्सह નામનું પૂજ્યબુદ્ધિદર્શક આસન કરીને બેસે છે.

૭. આની પછી પ્રાર્થના કરનાર ફરી ક્રમાંક ૫ માં જણાવ્યા પ્રમાણે બેસીને સજ્દહ કરે છે.

૮. આમ પહેલી રકાત પૂરી થાય છે. પછી નમાઝી ઊભો થાય છે અને પહેલી રકાતનું પુનરાવર્તન કરે છે. આ જ બીજી રકાત. પરંતુ બીજી રકાત પછી ઊભો થવાને બદલે ક્રમાંક પાંચમાં સમજાવેલું વંદનાસન (કદ્દહ) કરી નમાઝ પઢનાર નીચો પડે છે અને ઈશ્વર-સ્તુતિ સાથે પાક પયગંબર માટે, અને પોતાને માટે, तहिय्यह નામની પ્રાર્થનાઓ કરે છે. એ નીચે પ્રમાણે :--

अत् तहिय्यात् उ सलिल्लाह् ई वस–सलवात् उ वत्–तय्यिबात उ । अस्सलाम उ अलैक अय्युहन–नबीय्य उ व रहमत–उल्लाह ई व वरकातुह् । अस्सलाम उ 'अलै'ना व 'अला 'ईबाद–इल्ला–इस सालिहीन । व अश्–हदुऔ'ल्–ला इलाह अ इल्ल–अल्लाहु व अशहदु अन्न मुहम्मदन ' अब्दु हू व रसूलुह ।

अर्थात् — વાચા, કાયા અને પૈસા દ્વારા કરવામાં આવેલી સર્વ પૂજાપ્રાર્થના અલ્લાહને ઘટે છે. ઓ પયગંબર! આપને શાંતિ મળો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપના પર અલ્લાહની રહેમ અને અલ્લાહના આશીર્વાદ ઊતરો. અમારા પર અને અલ્લાહના પાક બંદાઓ પર શાંતિ ઊતરો: હું સાક્ષી પૂરું છું કે અલ્લાહ સિવાય કોઈની ખિદમત કરવી ઘટતી નથી. મુહમ્મદ એનો સેવક અને પયગંબર છે.

૯. એ કરતાં વધારે રકાત પઢવી હોય તો પ્રાર્થી ઊભો થાય છે; નહિ તો નીચેની જે હમેશાં છેવટની સલામ પહેલાં કરવામાં આવે છે તે કરે છે—

अल्लाहुम्म सल्लि 'अला मुहम्मदिन व 'अला आलि मुहम्मदिन कमा सल्लैत 'अला इब्राहीम व 'अला आलि इब्राहीम् इन्नक हमीद–उम–मजीद। अल्लाहुम्म बारिक 'अला मुहम्मदिन व 'अला आलि मुहम्मदिन कमा बारक्त 'अला इब्राहीम व 'अला आलि इब्राहीम इन्नक हमीद–उम्–मजीद।

अर्थात्—ઓ અલ્લા ! મુહમ્મદ અને અનુયાયીઓને ફતેહમંદ કર–તેં ઇબ્રાહીમ (અબ્રેહામ) અને એના અનુયાયીઓને ફતેહમંદ કર્યા હતા તેમ. કારણ ખચીત તું હમીદ અને મજીદ—સ્તુતિ પામેલો અને મહિમા પામેલો છે. ઓ અલ્લાહ ! મુહમ્મદ અને એના અનુયાયીઓને આશીર્વાદ આપ—તેં ઇબ્રાહીમ અને એના અનુયાયીઓને આશીર્વાદ આપ્યા હતા તેમ. કારણ ખચીત તું સ્તુતિ પામેલો અને મહિમા પામેલો છે.

નીચેની પ્રાર્થના પણ ઉમેરવી જોઈએ—

अल्लाहुम्म इन्नी ज़लम्तु नफ़्सी ज़ुल्मन कसीरन् व ला यग़फ़िर-उज़–ज़ुनूब इल्ला अंत, फग़फ़िर ली मग़फ़िरतन मिन' इन्दिक वर्हम्नी इन्नक अंत–अल–ग़फ़ूर–उर्–रहीम।

अर्थात्—ઓ અલ્લાહ ! હું મારી જાત પ્રત્યે મહા અન્યાયી થયેલો છું અને તારા સિવાય કોઈ બચાવનાર નથી; માટે તારું રક્ષણ આપી મારી રક્ષા કર અને મારા પર દયા કર. ખચીત તું ક્ષમા અને દયાવાળો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આને બદલે નીચેની પ્રાર્થના પણ કરાય :— रब्ब–इज–'अल्नी मुकीम–अस्–सलूती व मिन ज़ुरिय्यती रब्बना तकब्बल दुआ । रब्बन–अघ्फिर ली वलि–वालिदय्य व लिल–मुमिनीन यौम यकूम–उल–हिसाब ।

अर्थात् — મારા માલેક ! હું અને મારાં બાળકો તારી પ્રાર્થના ચાલુ રાખીએ એમ કરો; અમારા માલિક પ્રાર્થના સ્વીકારો; અમારા પ્રભુ ! કયામતનો દિન આવે ત્યારે મારું અને મારાં માતાપિતાનું અને મોમિનોનું અર્થાત્ શ્રદ્ધાળુઓનું રક્ષણ કરો.

૧૦. પછી સલામ કરી નમાઝ પૂરી કરવામાં આવે છે. નમાઝી જમણી અને ડાબી બાજુએ મોં ફેરવી ફેરવીને નીચે પ્રમાણે સલામ કરે છે :—

अस्–सलामु 'अलै'कुम व रहमत् उल्लाह ई । અર્થાત્ શાંતિ અને અલ્લાહની મહેરબાની તમારા પર હો.

૧૧. જો ફક્ત બે રકાતો પઢવી હોય તો આમ પ્રાર્થના પૂરી થાય છે. પણ જો ત્રણ કે ચારનો ઇરાદો હોય તો ક'દહ અને એમાંની તહિય્યહનો પાઠ કર્યા પછી ઊભા થઈને ફરી અલ્લાહુઅક્બર એમ બોલીને ઉપર કહી ગયા પ્રમાણે જ બાકીની રકાતો પૂરી કરવામાં આવે છે. તહિય્યહ, પયગંબર માટે આશીર્વાદની પ્રાર્થના વગેરેની અને સલામની ક્રિયા પૂર્વવત્ ઘૂંટણભેર કરીને નમાઝ પૂરી કરવામાં આવે છે.

નોંધ :—જ્યારે નમાઝ સમૂહમાં પઢાય છે ત્યારે સમૂહ આખો અથવા ઇમામને અનુસરનારાઓ બધી પ્રાર્થનાઓ વગેરેનો અને ફાતિહહનો પુનરુચ્ચાર કરે છે. ફાતિહહ પછી આવતા કુરાનના ભાગોનો પાઠ આવે વખતે કરવામાં આવતો નથી. ઇમામ જ્યારે નમસ્કારનું આસન છોડીને ઊઠે છે અને समि'–अल्लाहु–लिमन हमिदह એમ બોલે છે ત્યારે સમૂહ रब्बना व लक–अल–हम्द (જુઓ ક. ૩) એમ કહે છે.

૧૨. કુનૂત નામની પ્રાર્થના રુકુ'માંથી ઊઠયા પછી અથવા એ આસન કરતાં પહેલાં તરત જ—સામાન્ય રીતે 'ઈશા — રાતની નમાઝ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફક્ત છેલ્લી ત્રણ રકાત (વિત્ર)માં;– પ્રાર્થી ઊભો હોય ત્યારે કરવામાં આવે છે. સૌથી વધારે જાણીતી કુનૂત નીચે પ્રમાણે :—

अल्लाहुम–महदिनी फी मन हदैत व 'आफिनी फी मन 'आफैत व तवल्लनी फी मन तवल्लै'त व बारिक लि फी मा अ'तैत व किनी शर्र मा कदैत फ–इन्नक तक़्दी व ला युक़दा 'अलैक इन्न हु ल यज़िल्लु मन वा लैत तबारकत रब्बना व त'आलैत.

अर्थात् — ઓ અલ્લાહ ! જેમને તેં સન્માર્ગે દોર્યા છે તેમનામાં મને દોરી જા; જેમને તે રક્ષ્યાં છે તેમનામાં મને રાખ; જેમનો તું મિત્ર બન્યો છે તેમનામાં મને સંઘરી મારો મિત્ર બન; અને તેં જેને બૂરું–પાપ ગણ્યું હોય તેનાથી મને બચાવ; કારણ ખચીત, ન્યાય કરનારો તું છે અને તારી વિરુદ્ધ કોઈ ન્યાય કરી શકે એમ નથી; ખચીત, તું જેનો મિત્ર બને છે તેને પાડનાર કોઈ નથી.

કેટલાક આને બદલે નીચેની પ્રાર્થના કરે છે — अल्लाहुम्म इन्ना नस्ता'इनुक व नस्तग्–'फिरुक व नु'मिनु बिक व नतवक्कलु 'अलैक व नुस्नी 'अलैक–अलखैर–अ व नश्कुरु–क व ला नकफ़ुरुक व नखलौ व नत्रुकु मन य फजुरुक। अल्लाहुम्म इय्याक ना'बुदु व लक नुसल्ली व नस्जुदु व अलैक नस'आ व नहफिदु व नर्जू रहमतक व नख़्शा 'अज़ाबक इन्न 'अज़ाबक बिल–कुफ्–फार्–इ–मुलहिक।

अर्थात् — ઓ અલ્લાહ ! તું અમને મદદ કર, તું અમારું રક્ષણ કર, એવી અમારી પ્રાર્થના છે. અમે સારામાં સારી રીતે તારી સ્તુતિ કરીએ છીએ અને તારો આભાર માનીએ છીએ. અમે નિમક-હરામ નથી. જે તારો હુકમ નથી માનતો તેને અમે દૂર કાઢીએ છીએ — તેનો અમે ત્યાગ કરીએ છીએ. ઓ અલ્લાહ ! અમે તને સેવીએ છીએ, તને પ્રાર્થીએ છીએ અને તને નમીએ છીએ. અમે દોડીને તારી પાસે આવીએ છીએ. અમે ઉતાવળા છીએ, અમે તારી દયાની આશા રાખીએ છીએ અને તારી શિક્ષાથી ડરીએ છીએ. કારણ, ખચીત તારી શિક્ષા કાફિરોને (નાસ્તિકોને) પકડી પાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ઝકાત અથવા પુણ્યદાન

પુણ્યદાન કરવાની આજ્ઞા એ ઇસ્લામની એક સૌથી મહત્ત્વની આજ્ઞા છે. એનું મહત્ત્વ નમાઝથી જ ઊતરતું છે. એની સુવ્યવસ્થા માટે સ્પષ્ટ આજ્ઞાઓ છે. પચાસ અને એથી વધારે રૂપિયાની આવકવાળા માણસે ઝકાત આપવી જ જોઈએ. ઝવેરાત, ઘરેણાંગાંઠાં, સરસામાન, વાસણકૂસણ, હથિયારો અને ઘરગથ્થુ ઉપયોગ માટે રાખેલાં મરઘાં, બતકો, ગાય, ભેંસ, બકરાં, ઘેટાં, ઘોડો, બળદ ઇત્યાદિ પ્રાણીઓ પર ઝકાત માફ છે. આ સિવાય બધી સંઘરેલી દોલત કે જે માલિકના કબજામાં એક વર્ષ સુધી રહી હોય તેના પર ચાળીસ ટકા ઝકાત છે. એ ઝકાતનાં નાણાં 'બૈતુલમાલ' અર્થાત્ જાહેર તિજોરી વા ફંડમાં રાખવાં. સ્થાવર મિલ્કતમાંથી થતી આવક પર જકાત લેવાય છે.

ઝકાતનાં આ નાણાંનો વ્યય કુરાને શરીફમાં દર્શાવેલા (૯ : ૬૦) નીચેના આઠ પ્રકારે કરવાનો છે :—

૧. ગરીબગુરબાંનું પોષણ કરવામાં.

૨. ભીડમાં આવી પડેલાની ભીડ ભાગવામાં.

૩. દેવાદારને દેવામાંથી છોડાવવામાં.

૪. કેદીઓને છોડાવવામાં.

૫. મુસાફરોની સેવામાં.

૬. ઝકાત ઉઘરાવવા અને ખર્ચવા માટે નિમાયેલા અમલદારોનું ખર્ચ કાઢવામાં.

૭. જેમનાં હૃદયો સત્ય તરફ વળે એવાં હોય તેમની પાછળ.

૮. ખુદાઈ રાહમાં.

છેલ્લા બે પ્રકારોનો અર્થ ઇસ્લામના પ્રચારાર્થે એવો થાય છે.

(૩) રોજા

રોજા આત્મશુદ્ધિ અર્થે છે. 'તમને રોજા કરવાનું કહ્યું છે જેથી તમે પાપ સામે તમારૂં રક્ષણ કરો ' (૨ : ૧૮૩) બીજા અધ્યાયના તેવીસમા ભાગમાં આને વિષે લખ્યું છે. રમઝાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિનાના દિવસો પ્રમાણે ૨૯ યા ૩૦ દિવસના રોજા રાખવાના હોય છે. પો ફાટે ત્યારથી માંડી ભાણુ ડૂબે ત્યાં સુધી પાણી અને ખોરાકનો એમાં ત્યાગ કરવાનો હોય છે. સંભોગની પણ રોજા દરમિયાન મનાઈ છે. ઇસ્લામી મહિનો ચાંદ્ર હોવાથી જુદા જુદા વર્ષમાં રમઝાન મહિનો જુદે જુદે વખતે આવે છે; એથી કેટલીક વાર રોજા કેટલાક દેશોમાં અતિશય લાંબા થઈ પડે છે. બીમારો અને મુસાફરોને બીજા કોઈ મહિનામાં રોજા રાખવાનો ઉપદેશ છે. એના ઉપરથી આપણે એવા નિર્ણય તરફ દોરાઈએ છીએ કે આવા અપવાદરૂપ દાખલાઓમાં રોજા બીજા ટૂંકા દિવસો દરમિયાન રાખી શકાય.

વારંવાર માંદાં પડનારાં અથવા ભૂખ-તરસનું કષ્ટ વેઠવાને અતિ અશક્ત હોય એવાં સ્ત્રીપુરુષોને અને સગર્ભા તેમ જ ધાવણાં બાળકવાળી સ્ત્રીઓને રોજા નહિ રાખવાની છૂટ છે, પરંતુ તેમણે પોતાના ગજા ઉપરવટ ન હોય તો રોજ એક ગરીબને જમાડવો જોઈએ વા એક ગરીબ જમે એટલું દાન કરવું જોઈએ.

(૪) હજ અથવા જાત્રા

જિંદગીમાં એક વખત હજ અર્થાત્ મક્કાની જાત્રા દરેક મુસ્લિમ માટે ફરજિયાત છે; સિવાય કે એની પાસે હજ કરવાજોગ સાધન ન હોય, અથવા પોતાના પર આધાર રાખનારાં સગાંવહાલાં વગેરેના પોષણની પાછળ વ્યવસ્થા કરી શકાય એમ ન હોય, અથવા જિંદગી જોખમમાં આવી પડે એમ હોય.

હજ ઝુલહજ મહિનામાં કરવાની હોય છે. આથી યાત્રીએ એ મહિનાની સાતમી તારીખ પહેલાં મક્કા પહોંચવું જોઈએ. હજ દરમિયાન પાળવાની વિધિઓ મુઆલિમ કિંવા ગુરુ પાસેથી સમજી લેવાની હોય છે. એને લગતા મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે —

૧. ઇહ્‌રામની સ્થિતિમાં પ્રવેશ કરવો: અર્થાત્ સામાન્ય પહેરવેશ ઉતારી દેવો અને બધા હાજીઓએ અર્થાત્ યાત્રાળુઓએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોયદોરા જેના પર ન વપરાયાં હોય એવાં, બે ચાદરનાં, એક જ જાતનાં વસ્ત્ર ગ્રહણ કરવાં અને માથું ઉઘાડું રાખવું.

૨. તવાફ઼: કાબાની સાત વાર પ્રદક્ષિણા કરવી.

૩. સ'અય સફ઼ અને મર્વ નામના બે નાના પહાડો વચ્ચે સાત વાર દોડવું.

૪. અરફ઼ાતના મેદાનમાં રહેવું.

રાય અને રંક સૌ એક જ જાતના સાદા પોષાકમાં આ પ્રમાણે હજ કરે છે એ દેખાવ ભવ્ય છે, અને ઇસ્લામીઓની એકતાને મજબૂત કરનાર છે.*

---

* મો. મહમ્મદઅલી એમ. એ. કૃત કુરાને શરીફ઼ના અંગ્રેજી પરથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. રેવાભાઈ પટેલ સ્મારકમાળા

૧. **શ્રી યોગવાસિષ્ઠ :** સંપા૦ ગોપાલદાસ જીવાભાઈ પટેલ કિં. ૪–૦–૦

અદ્વૈત–વેદાંતના સુપ્રસિદ્ધ લોકગ્રંથનો છાયાનુવાદ; મૂળના લગભગ પાંચમા ભાગ જેટલા કદમાં. ગ્રંથના વસ્તુનું મૂલ્યાંકન કરતા શ્રી મગનભાઈ પ્ર૦ દેસાઈના આમુખ સાથે.

૨. **કળા એટલે શું ? :** [ટૉલ્સ્ટૉય કૃત 'What is Art ?']
ભાષાંતરકાર : શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ કિં. ૩–૮–૦

કળા ઉપરનો ટૉલ્સ્ટૉયનો આ નિબંધ તેમના થોડાક આર્ષ ગણાતા ગ્રંથોમાંનો એક છે. પુસ્તકની દલીલ સમજાવતો ઉપોદ્ઘાત, ગ્રંથમાં આવતાં નામોની પરિચયસૂચિ, તથા વિસ્તૃત વિષયસૂચિ સાથે.

૩. **ગૌતમબુદ્ધ :** અનુ૦ ગોપાલદાસ જીવાભાઈ પટેલ કિં. ૧–૮–૦

બ્રિટિશ એકેડેમીની 'માસ્ટર માઈન્ડ' (મહા–પ્રજ્ઞ) વ્યાખ્યાનમાળામાં સર રાધાકૃષ્ણને આપેલા વ્યાખ્યાનનો અનુવાદ. આ વ્યાખ્યાનને 'એક મહા–પ્રજ્ઞે બીજા એક મહા–પ્રજ્ઞ વિષે આપેલું વ્યાખ્યાન' કહીને વર્ણવવામાં આવ્યું છે. સર રાધાકૃષ્ણનના ટૂંક જીવનપરિચય, તથા ઉપયોગી ટિપ્પણો સાથે.

૪. **મુંડકોપનિષદ :** સંપા૦ શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ કિં. ૨–૦–૦

ઉપનિષદોમાં 'સર્વાંગસુંદર અને પરિપૂર્ણ' ગણાતા આ ઉપનિષદમાં આર્યોના જ્ઞાનની અને સાધનાની આખી વિચારણા એક વ્યાપમાં અને ભારે કાવ્યમયતાથી રજૂ થાય છે. મૂળ શ્લોક સાથે તેનો પદાર્થ, તેનો અન્વય, તેનું ભાષાંતર દલીલની સળંગસૂત્રતા પ્રગટ કરતું વિસ્તૃત વિવેચન, પદસૂચિ એવાં ઉપયોગી અંગો સાથેનો તેનો આ અનુવાદ ઉપનિષદ-સાહિત્યનો પ્રસાદ પામવા ઇચ્છનારને અતિ ઉપયોગી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. શ્રીમદ્ ભાગવત : (ગુજરાતી છાયાનુવાદ)

સંપા૦ ગોપાલદાસ જીવાભાઈ પટેલ — કિં. ૩–૮–૦

મૂળના પાંચમા ભાગ જેવડા કદમાં મૂળ ગ્રંથનો સારાનુવાદ ‘ શ્રીમદ્ભાગવત અને ભાગવતધર્મ ’ વિષેના વિસ્તૃત ઉપોદ્ઘાત, પરિશિષ્ટો તથા વિશેષનામોની સૂચિ સાથે.

૬. પ્રાચીન સાહિત્ય : [શ્રી. રવીન્દ્રનાથ ઠાકુરકૃત] — કિં. ૧–૦–૦

પ્રાચીન સંસ્કૃત સાહિત્યનો મોંઘેરો વારસો શ્રી. રવીન્દ્રનાથે આ નિબંધોમાં પોતાની અનોખી ઢબે નિરૂપ્યો છે. મૂળ બંગાળી ઉપરથી સ્વ૦ મહાદેવભાઈ અને શ્રી. નરહરિભાઈ પરીખે કરેલા અનુવાદની નવી આવૃત્તિ.

૭. સુખમની : [શીખગુરુ અર્જુનદેવકૃત]

અનુ૦ મગનભાઈ પ્રભુદાસ દેસાઈ — કિં. ૨–૦–૦

સાધુ વાસવાણી કહે છે કે “ ભગવદ્ગીતા અને સુખમની એ બે એવાં પુસ્તકો છે કે જેમને દરેક હિંદી નવયુવાને અવશ્ય ભણવાં જોઈએ.” રોજ પાઠ કરવાના ગ્રંથ તરીકે શીખધર્મમાં ઉપયોગમાં લેવાતા આ ભક્તિકાવ્યનો પદ્યાનુવાદ, શીખધર્મ અને ગુરુ અર્જુનદેવનું ચરિત્ર નિરૂપતા વિસ્તૃત ઉપોદ્ઘાત સાથે.

गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar